
કુમાર


આસો
૧૯૮૮

અંક
૧૦૬



જીવનોત્સવ


ચિત્રકાર : કનુ દેસાઈ



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક–પ્રકાશક** બચુભાઈ પી. રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

'કુમાર'નું વાર્ષિક લવાજમ, આ વર્ષ પૂરતું વાર્ષિક રૂ. ૮ (પરદેશના ૧૫ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધીએ છીએ; ગ્રાહક થનારને પાછલા બધા અંકો મળશે.

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ: તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



બાબર બગીચામાં પરદેશના એલચીઓને મુલાકાત આપે છે.

[મોગલ ચિત્રકળાનો લાક્ષણિક નમૂનો]
[બ્રિટિશ મ્યુઝિયમમાંના 'બાબરનામા'ની પ્રતમાંથી]

વર્ષાન્ત વિનતિ

પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા ફરીને દીવાળી લાવે છે; અજવાળિયાં પર અજવાળિયાં વીતાવતું સમયચક્ર વર્ષનો ફેરો પૂરો કરતું આવે છે, તેની સાથે તમારા લવાજમની રકમ પણ પૂરી કરતું આવે છે. હવેના બે અંકો તમને મળે એટલે તમારૂં લવાજમ પૂરૂં થાય.

પણ જૂના ગ્રાહકો જાણે છે કે અમે શા કારણે નવા વર્ષનો પહેલો અંક વી. પી. ન કરતાં, ચાલુ વર્ષનો છેલ્લો અંક વી. પી.થી મોકલી, આવતા વર્ષનું લવાજમ વસુલ લઇએ છીએ. જેમને આવતે વર્ષે ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ઈચ્છા નથી હોતી તેમાંના ઘણાખરા અમારી બે માસ અગાઉની વિનતિ છતાં અમને તેવા ખબર નહોતા આપતા અને છેક નવા વર્ષનો પહેલો અંક તેમને વી. પી. થી મળે ત્યારે એ વી. પી. પાછું ઠેલતા. એથી અમને બેવડું નુકસાન જતું: (૧) વી. પી. ટપાલખર્ચના સવા ત્રણ આના રદ જતા, અને (૨) બે ધક્કા ખાધેલો એ અંક ખાસ્સો ચીંથરા જેવો થઇને પાછો મળતો,— એવો કે જેને કોઈ ફાઇલમાં પણ ન સંઘરે. એટલે એ નુકસાની અટકાવવા અમારે લાચારીથી ચાલુ લવાજમનો છેલ્લો અંક વી. પી. કરવાનો રસ્તો શોધવો પડ્યો છે.

એ વી. પી. કરતાં પહેલાં અમે આજે બે માસ અગાઉથી ખબર આપીએ છીએ કે **જેમની મરજી આવતે વર્ષે ગ્રાહક તરીકે રહેવાની ન હોય તેઓ અમને કૃપા કરીને તેવા ખબર માગશર સુદ ચોથ એટલે કે પહેલી ડિસેમ્બર અગાઉ આપી દેશે તો તેમને એ છેલ્લો અંક વી. પી. થી ન મોકલતાં અમે સાદી પોસ્ટથી મોકલીશું; બાકીનાઓને વી. પી. કરીશું. અમારી આ વેળાસરની વિનતિ છતાં પણ અમને જેઓ તેવા ખબર ન આપતાં માગશરનું વી.પી. પાછું વાળશે તેઓ, અમને લાગેલા વી.પી. ખર્ચના નુકસાનના ૦-૩-૬ ભરીને પોતાનો એ લેણો અંક પાછો મેળવી શકશે.**

વિચારવંત ગ્રાહકો સમજી શકશે કે તેમને આ પદ્ધતિથી કોઈ પ્રકારનું નુકસાન નથી. 'કુમાર' વિષે જેમને આદર અને પ્રેમ છે તેઓ અમારી નુકસાની અટકાવવા ખાતર તથા વ્યવસ્થાની સગવડ માટે આ રીતે એક માસ અગાઉ લવાજમ મોકલતાં આનાકાની નહિ કરે. જોકે વર્ષોવર્ષ આ પદ્ધતિ ચાલુ રહે છે, એટલે ખરી રીતે તો એમને બાર માસે જ લવાજમ ભરવાનું આવે છે.

માટે જેમણે ગ્રાહક તરીકે બંધ થવું હોય તેઓ, તથા જેમણે ચાલુ રહેવું હોય તેઓ પણ, મહેરબાની કરીને આવતા (કારતક) અંક સાથે વહેંચવામાં આવે તે પોસ્ટકાર્ડમાં પોતાની ઇચ્છા-અનિચ્છા લખી જણાવી, માગશરનો અંક વી. પી. થી કે સાદો મોકલવા સૂચવી અમારી આ યોજનામાં અમને સાથ આપશે તો અત્યંત આભારી થઈશું. નાણાં મનીઑર્ડરથી વેળાસર મોકલવા ઇચ્છનારા તેમ પણ કરી શકશે; પણ એ રીતે તમારો સમય જશે અને તકલિફ પડશે. ખર્ચ તો બંને રીતે સરખું છે; એટલે વી. પી. ની પદ્ધતિ ગ્રાહકોએ વધુ પસંદ કરવા યોગ્ય છે.

—**વ્યવસ્થાપક**

અમારી વિનતિ + તમારો સહકાર = સફળ વ્યવસ્થા

કુમાર

વર્ષ ૯ · અંક ૧૦

આવતી કાલનાં નાગરિકોનું માસિક

પ્રેમવિભવ

· પૃથ્વી ·

અનન્ત તુજ આશિષે અમ પરે પ્રભો ઊતરી,
વહે પવન, પાણી, તેજ રમતું રહે વિશ્વમાં
સ્ફુરી જીવનચેતના દિનદિને ટકે જે વડે,
અહો ! નજરઠારી રંજન અસંખ્ય દશ્યો કરેઃ

નદી, ઉદધિ, પર્વતો ગગન ઘેરી ગોળા ભમે;
અને હૃદય-તાર સૌ અણુઅણે લહી પ્રેમને
પ્રિયાનયનમાં, શિશુસ્મિત વિષે, પિતાઅંકમાં,
ઉરે જનનીનાં, મને સુહૃદ ભાઇભાંડુ તણા.

પિતા ! બસ નથી શું આ વિભવ માનવીને મળ્યો ?
પ્રમાણ તુજ પ્રેમનું પ્રકટ એ નથી ? કે મથે
અહમ્ વધુ પ્રમાણવા કયમ, કિંહાથી, ક્યારે અને
પડી વિફળ શોધમાં બળબળી ઊઠે ને બળે !

ન બિન્દુ જળનું લહે કદી ય માપ સિંધુ તણું,
વિરાટ-ઉરમાં વસે બસ નથી જ શું એટલું ?

રતિલાલ શુક્લ

આસો · ઓગણીસસો અઠ્યાશી

મુગલ ચિત્રકળા

ચિત્રકળાને વખોડનારાં કેટલાંક માનવીઓ જોઉં છું ત્યારે મને તેમના પર અણગમો થાય છે. મને તો લાગે છે કે ખુદાને પિછાનવાની ચિત્રકારને અજબ શક્તિ મળેલી છે. કોઈ પણ હવાન આળેખી કે તેનું અંગ ચીતરતી વેળા તેને જરૂર લાગતું હશે કે પોતાની ગમે તેવી શક્તિ છતાં જીવ મૂકવાની તાકાત પોતાનામાં નથી. તેથી જ અલ્લાહ તાલા (Giver of Life)નો ખ્યાલ કરી તે વધુ ડહાપણ મેળવી શકે છે.

(શાહાનશાહ અકબર)

બાબર અને તેની પછીના મોગલ શહેનશાહોના સમયમાં હિંદમાં જે કળા ઊભરી અને વિકસી તે મુગલ કળાને નામે ઓળખાય છે. તેના સંસ્કારનું ખરૂં મૂળ તૈમુરના સમયથી હિંદમાં ઊતરી આવતા મુગલોની સાથેના ઇરાની કળાસંસ્કારોમાં રહેલું છે. આમ મુગલ ચિત્રકળા હિંદમાં વિધર્મી પ્રજાએ ઉછેરી, છતાં તેમાં એક પણ અંશ એવો નહોતો કે જે હિંદુઓની કળા સાથે મળી જતાં વિસંવાદી બને. આનું કારણ એ જ લાગે છે કે બંને કળાઓનું કેંદ્રસ્થાન એક જ હોવું જોઇએ. સમસ્ત એશિયાની ચિત્રકળામાં જે એકરૂપતા દેખાય છે તેનું કારણ પણ એવું જ છે. બૌદ્ધ ધર્મે ચીન ને જપાન મારફત મૅાંગોલિયા, તાર્તાર ને ઈરાન સુધી પગપેસારો કર્યો અને એ ધર્મના પ્રચારની સાથે કલાસંસ્કારની એકરૂપતાનાં બીજ પણ નંખાયાં. તેના પુરાવા રૂપે આજે પણ મધ્ય એશિયામાંથી મૂર્તિઓ, ચિત્રપટો ને ગુફામંદિરો મળી આવે છે. ચીનની છઠ્ઠા સૈકા સુધીની ચિત્રકળા અને મધ્ય એશિયાના આ અવશેષો તથા તક્ષશિલાના શિલ્પની વચ્ચે અજબ પ્રકારનું સંસ્કારસામ્ય દેખાય છે.

ઈસ્લામ ધર્મના કાનૂનોએ માનવ આકૃતિ ચીતરનારને માટે સખ્ત ફરમાનો કર્યા છે, છતાં કળાની વેલ તો સદા યે પાંગરતી જ રહી છે. માનવ આકૃતિ ચીતરવાના એ નિષેધે કલાશક્તિને બીજાં રૂપોમાં વાળી અને વિવિધ આકૃતિરૂપો તથા શોભન આલેખનોમાં તેઓએ અસાધારણ પ્રાવીણ્ય મેળવ્યું. આજે પણ જાતજાતના વેલબુટ્ટાઓ અને ભૌમિતિક રંગરચનામાં તુર્કસ્તાન તથા ઈરાનને કોઇ દેશ ન પહોંચે. પરંતુ બગદાદની ખિલાફત તૂટયા પછી કળાનાં બંધનો પણ તૂટીને ઢીલાં થયાં. એ સમયના અયુબ સુલતાનોએ સિક્કાઓ પર મ્હોરાં છાપેલાં, તે પરથી આ બાબતની સાબિતી મળે છે. ચીનના વ્યવહારનો એક ધોરી માર્ગ તિબેટ, તાર્તાર ને રશિયા મારફતે યુરોપમાં જતો હતો તેથી એશિયાની અનેક કળાઓ ઈસ્લામી રાજ્યોમાં સહેજે પ્રચાર પામી શકતી હતી. તેમાં યે ચીન સામ્રાજ્યની સત્તા વધીને ઇરાનની બાજુ નજીક આવવાથી પશ્ચિમ કરતાં પૂર્વની કળા ત્યાં વધારે ઊછરી ને પાંગરી.

આપણે શરૂઆતમાં જોઇ ગયા તેમ મુગલ કળાનો સંસ્કારપાશ મૂળે આ ઇરાની કળાનો. ઇરાનમાં મરધા-

ના, સુલતાનિયા ને તેબ્રીઝ કળાનાં મોટાં મથકો તરીકે મશહૂર થયાં હતાં અને તૈમુર રાજવંશની સત્તા જામતાં તો ઘણી જાતની સંસ્કૃતિ ત્યાં ઉદય પામી હતી. તેમના વખતમાં ઑાક્સસ, બુખારા અને સમરકંદ નવજીવન પામ્યાં. હિંદુસ્તાનને તૈમુરની યાદી બહુ જ દુ:ખદાયક છે, પણ તેના જ વંશમાંથી હિંદમાં મુગલ સામ્રાજ્યનો પાયો નાખનાર બાબર ઊતરી આવ્યો અને તેને જ હાથે લલિત રેખાવંતી મુગલ કળાનાં સીમાચિહ્નો મંડાયાં એ પણ અજબ વિધિયોગ નહિ તો બીજું શું?

હેરાતમાં તૈમુરનો જ પુત્ર શાહરૂખ પોતે કવિ હતો અને ઘણા કવિઓને પોતાને દરબારે નિભાવતો. એક કવિને તો તેણે ચીન સુધી મોકલ્યો હતો. પંદરમા સૈકાને અંતે સુલતાન મીરઝાંના દરબારમાં એ કાળના અતિ મશહૂર ચિતારા ભેગા થયા હતા, તેમાં ઇરાનનો નામચીન ચિતારો બેઝાદ પણ હતો. ઇ.૧૫૦૬માં એ કલાપ્રિય સુલતાનના મરણ પછી બેઝાદ સદબીશાહ સુલતાન હુસેન ખુશરૂખાનના દરબારે ગયો અને ૧૫૧૪માં મૃત્યુ પામ્યો. એ જ વંશમાં ઇરાનનો પ્રખ્યાત કલાપોષક શાહ અબ્બાસ થયો. ઇ.૧૫૨૫માં બાબરે હિંદ ઉપર સવારી કરી તે વખતે લડાઇના મામલાને લીધે તેને હિંદુસ્તાનનો ખરો ખ્યાલ મળી શક્યો નહિ; પણ બેઝાદનાં ચિત્રોની તેણે બહુ તારીફ કરી છે અને તેને એ જમાનાનો મોટો ઉસ્તાદ ગણ્યો છે. આ પરથી બાબરની રસિકતા સ્પષ્ટ સમજાય છે. પાંચ વર્ષ બાદ બાબરના મરણ પછી તેના પુત્ર હૂમાયૂં પાસેથી શેર અફઘાને ગાદી છીનવી લીધી અને તે ઇ.૧૫૫૫ સુધી તેબ્રીઝ (ઇરાન)માં શાહ તમસ્પને આશ્રયે રહ્યો.

આ વખતે બેઝાદ ગુજરી ગયો હતો, પણ મીર સૈયદઅલી નામનો જુવાન ચિતારો નામના જમાવી રહ્યો હતો. તેનો બાપ મીર મન્સૂર બાદકશા બેઝાદનો સમોવડિયો હતો. મીર સૈયદઅલી અને એક બીજો ચિતારો અબ્દુસ્સમદ આ રાજભ્રષ્ટ શાહ હુમાયૂંની નજરમાં વસી ગયા અને ફરી તેને રાજગાદી મળતાં ઇ.૧૫૫૦માં તે બંનેને તેણે પોતાના દરબારમાં તેડાવી લીધા. એ વખતે મીર સૈયદઅલીને મીર હમઝાની કથા (દાસ્તાને મીર હમઝા) સચિત્ર કરવાનું કામ સોંપાયું. તેણે કેટલાક ચિતારાઓને હાથમાં રાખી સો સો પાનનું એક એવાં બાર પુસ્તકો તૈયાર કર્યાં. તેમાંનાં કેટલાંક આજ વીએના-



શુદ્ધ ઈરાની કળાનો નમૂનો

ના સંગ્રહાલયમાં છે અને પચાસ પાનાં લંડનના મ્યૂઝિયમમાં છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે હિંદમાં પણ તે વખતે જોઇએ તેવા કુશળ ચિત્રકારો મળી આવતા હશે. અકબરને બચપણથી જ પિતાના દરબારમાં આવા ચિત્રકારોનો સહવાસ મળવાથી તેનામાં અતિ ઉચ્ચ રસિકતા અને શોખ પ્રકટ્યાં, અને પરિણામે હૂમાયૂંના મૃત્યુ પછી તે ગાદીએ આવતાં ચિત્રકળા અતિ ઉદાર અને કદરદાન આશ્રયદાતા પામી.

દિલ્હીના મુગલ દરબારમાં આમ તૈયાર થએલાં અત્યાર સુધીનાં બધાં ચિત્રોમાં ઇરાની કળાની છાપ આગળપડતી હતી. નસ્વીરો કરવાનો હુન્નર બેઝાદે ખૂબ અજમાવ્યો હતો. મુગલ દરબારમાં તે ફૂલીફાલી નીકળ્યો અને અકબરશાહની ઉદાર ધાર્મિકતા તથા ઊંચી સંસ્કારદૃષ્ટિને લીધે તેના દરબારમાં દેશદેશના પંડિતો અને કળાબાજો ખેંચાઈ આવ્યા. આમાં ગુજરાતના પણ દસેક ચિત્રકારો હતા એમ સ્વ. શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીનું માનવું છે.

બાબર અને હૂમાયૂંના દરબારનાં ચિત્રોમાં બેઝાદની તાલીમ અને શૈલી ખૂબ જળવાઇ હતી. પણ અકબર તો હિંદમાં જન્મ્યો ને ઉછર્યો હતો તથા તેણે હિંદુ

જીવનના ઉચ્ચ સંસ્કારનો સ્વીકાર કર્યો હતો અને મહાન સામ્રાજ્યની એકતા સાધવા હિંદુ મુસલમાનને એક જ આંખે તે જોતો હતો. એટલે તેના દરબારમાં ફરૂક કલમા, અબ્દુસ્સમદ શિરાઝી અને તબ્રીઝના મીર સૈયદઅલી તેમજ સમરકંદના કેટલાક ઉસ્તાદ ચિતારા જેમ માનવંત હોદ્દે હતા, તે સાથે માધવ, ભીમ ગુજરાતી, અનન્ત બસાવન, દશવન્ત, કેશવદાસ વગેરે ચિતારાઓને પણ એટલો જ આદર મળ્યો હતો.

દશવન્ત અને બસાવનની વચ્ચે તો સરસાઇ ચાલતી. દશવન્તની જીવનકથા કંઇક અદ્ભુત અને કરુણ કહાણી જેવી લાગે છે. તે કહાર જાતિના પાલખી ઉપાડનારનો પુત્ર હતો, પણ જન્મથી જ તેનામાં કળા પર અજબ પ્રેમ હતો અને તે પર એ જીવન વારી બેઠો હતો. જ્યાં આવે ત્યાં ભીંતો પર માનવીઓ અને જનાવરો એ ચીતર્યા જ કરતો. કોઇ અજબ સંજોગે તે બાદશાહની નજરે પડ્યો એટલે તેની પ્રતિભા જોઇ તેણે તેને ખ્વાજા અબ્દુસ્સમદનો શાગિર્દ બનાવ્યો. થોડા જ વખતમાં તે બહુ વધી ગયો અને જમાનાનો એક ઉસ્તાદ લેખાતો થયો. પણ જીવનની કોઇ નિરાશાએ તે દિવાનો બની આપઘાત કરી મૂઓ. એક હલકી કોમમાં જન્મીને શાહી ચિત્રકાર જેવા માનવંત પદે તે પહોંચ્યો તે પરથી માની શકાય કે એ સમયમાં ઘણા એની પેઠે સમાજની વાડો વટાવી ઉપર આવી શકતા હશે.


ઇ.સ.૧૫૬૯માં શાહી ફરમાનથી ફતેહપુર સિક્રીના કળામહાલયો બાંધવાને હિંદ ને ઇરાનના કારીગરોએ મોટો સમારંભ કર્યો. ત્યાંનું બાંધકામ થઇ રહ્યા બાદ ચિતારાઓએ તેના જે શણગાર કર્યા તેમાં કેટલા યે શુદ્ધ હિંદી અને કેટલા યે શુદ્ધ ઇરાની છે. નવી કળા અપનાવી લેવામાં હિંદુ ચિતારાઓ કેટલા કુશળ હતા તેની ખાતરી ત્યાંથી મળે છે.

ઇરાની કવિ નિઝામીના કાવ્યગ્રંથો અને બીજા કેટલાક સાહિત્યગ્રંથો હિંદુ માનસને તો તદ્દન પરદેશી લાગે, છતાં તેના પર ચિત્રો કરવાનું કામ પણ બાદશાહે તેમને સોંપ્યું હતું તે પરથી જણાય છે કે ઇરાની અને હિંદુ ચિતારા શાહી છત્ર નીચે એક દિલથી સાથે મળી કાર્ય કરતા, એકબીજાનાં હુન્નર તથા શૈલીમાંથી અનેક પાઠો શીખી લેતા અને બંને કોમ એકબીજીને સહાય કરવા તથા નુસખાઓ બતાવવા હમેશાં ઉત્સુક રહેતી.

આવી સહકારભરી દિલસોજીને લીધે હિંદુ અને ઇરાની કળાનું સુંદર મિશ્રણ થવા લાગ્યું અને મુગલ શૈલીનો વિજય થયો. આ બંને શૈલીઓનાં મિશ્રણ સ્પષ્ટ બતાવતાં ચિત્રો અકબરના જમાનામાંથી ખૂબ મળે છે ને તે જલદી પારખી શકાય છે. આ શૈલી શરૂઆતમાં તો અમીરવર્ગમાં જ પ્રચાર પામી હતી; આમવર્ગ જોડે તેનો કશો સંબંધ નહોતો, કારણકે તે દ્વારા આમવર્ગને રસ પડે એવા વિષયો પ્રકટ થયા જ નહોતા. પણ વખત જતાં તે લોકોમાં સારો પ્રચાર પામી અને તેની પડતીના વખતમાં તો ઠેઠ રંક દુનિયામાં યે તે જાણીતી થઇ ગઈ હતી. પરંતુ તે મુખ્યત્વે તસ્વીરી કળા રૂપે જ પ્રચાર પામી.

આ તસ્વીરની કળા એ મુગલ કળાની ખાસ વિશિષ્ટતા ગણી શકાય. માણસોની તસ્વીર કરાવવાનો મુગલોનો શોખ અજબ હતો. હયાતી ભોગવતા ચિત્રપ્રસંગો ને માણસો તથા દમામભર્યાં દરબારચિત્રો એ મુગલ કળાનો પ્રધાન પ્રયત્ન છે. પણ આ બધાં ચિત્રો મોટે ભાગે બહુ નાના માપમાં ચીતરાયા છે. બૌદ્ધ યુગનાં ભવ્ય ભીંતચિત્રોની તોલે આવવાની અભિલાષા તેમાં દેખાતી જ નથી, ને તેથી 'મીનીએચર પેઇન્ટિંગ'—નાનાં તસ્વીરી ચિત્રો તરીકે જ તે લોકોમાં ઓળખાતાં. એ ઇરાની કિતાબી ચિત્રોની પણ અસર માની શકાય.

અકબરશાહે ચિત્રકળા પાછળ પુષ્કળ ખર્ચ રાખ્યો હતો. દેશવિદેશના હિંદુ ને મુસલમાન કળાકારોને તેની તરફથી માન, શિરપાવ કે ઇનામો મળ્યાં જ કરતાં અને ઉસ્તાદોને મનસબદાર અથવા અમીર ઉમરાવો જેવા ગણવામાં આવતા. અબ્દુસ્સમદને તેણે ફતેહપુરની ટંકશાળનો ઉપરી બનાવ્યો હતો અને પાછળથી મુલતાનનો વહીવટદાર નીમ્યો હતો. અબુલફઝલ લખે છે કે 'અકબરશાહને નાનપણથી જ ચિત્રકળા માટે બહુ પ્રેમ છે. તે દરેક રીતે આ કળાને ઉત્તેજન આપે છે, કારણકે તેમાંથી એને આનંદ ને અભ્યાસ બંને મળે છે. આથી એ કળાનો વિકાસ પણ બહુ થાય છે. દર અઠવાડિયે બાદશાહ જનાબ આગળ દરોગાઓ અને હજુરિયાઓ બધા ચિત્રકારોનાં કામ રજુ કરે છે; બાદશાહ પોતે તે જોઇને કારીગરી પ્રમાણે ઇનામો આપે છે, અગર માસિક પગારમાં વધારો કરી આપે છે. ચિત્રકારોને ખપના પદાર્થોમાં પણ ઘણો સુધારોવધારો થયો હતો ને દરેક વસ્તુના બજારભાવ નક્કી



ઝાડ નીચે આસાયેશ લેતા ફકીરો : મુગલ કલમમાં પ્રસંગચિત્ર-આલેખન
(પારીસના બૅરન મૉરીસ રૉથ્સ્ચાઈલ્ડના સંગ્રહમાંથી)

કરવામાં આવ્યા હતા. રંગનાં મિશ્રણો વધુ સુધર્યાં હતાં અને તેથી ચિત્રોમાં પહેલાં કરતાં વધુ ખૂબી આવી હતી. હવે તો બહુ ઉત્તમ ચિત્રકારો મળી શકે છે.' અક્ષરો લખવાની કળા પણ એટલી જ ઉત્તેજન પામી હતી. ઇસ્લામી ધાર્મિક માન્યતા પ્રમાણે અક્ષરો લખવાની કળા વધારે ઉપયોગી ગણાય છે. ખુદાઇ વાણીની સુંદર આકૃતિઓ લખવા—લખાવવામાં પુણ્ય મનાય છે. દિલ્હી અને આગ્રાના મહેલોનાં શાહી કિતાબખાનામાં સુંદર લિપિથી લખાતું બધી જાતનું ઉત્તમ સાહિત્ય સંઘરાતું હતું અને તેમાં સુશોભન તરીકે નાનાંનાં ચિત્રો ચિતરાવવા પાછળ તથા તેની સુંદર બાંધણી કરાવવા માટે બેશુમાર ખર્ચ થતો હતો. ઇ.સ ૧૫૫૮માં ઇરાની ભાષામાં 'રઝ્મનામા' નામથી મહાભારતનો તરજૂમો કરાવેલો તેની કિંમત ૪૦હજાર સોનૈયા જેટલી થઇ હતી. આ પુસ્તક હાલ જયપુરમાં છે. રામાયણનું પણ એક પુસ્તક તૈયાર કરાવેલું તેની કિંમત તેથી અરધા જેટલી થએલી અને તે હાલ વૉશિંગ્ટન (અમેરિકા)માં છે.

અકબરનામામાં ૧૧૭ મોંઘાં ચિત્રો છે. ૧૬૪૧માં ફાધર સેબાસ્ટિયન કરીને સ્પેનનો એક પાદરી આગ્રામાં હતો. તેણે લખ્યું છે કે તે શહેરમાં ૨૪૦૦૦ કિતાબો હતી જેની કિંમત ૬૪,૬૩,૭૩૧ રૂપિયા થાય; એટલેકે સરેરાશે ગણતાં દરેક ચોપડી ૨૭૦ રૂપિયાની થાય. આ કિતાબખાનાં અકબર પછીના બાદશાહોએ ઠેઠ પડતી સુધી સાચવ્યાં હતાં, પણ ૧૮મા અને ૧૯મા સૈકાની આંધીમાં ને વેરણછેરણ થઇ ગયાં. રોહીલા સરદારો અને આઉધના નવાબોએ એવાં જ કિતાબખાનાં કરેલાં તે પણ નાશ પામ્યાં છે. આ અદ્ભુત સંગ્રહોના જે ટુકડા યુરોપના ખાનગી સંગ્રહકો પાસે આજે છે તે જોતાં તેની જાહોજલાલીનો પૂરતો ખ્યાલ મળી રહે છે. ઇ.૧૬૧૦માં આલેખાએલી અન્વરે સુહેલી—હિતોપદેશની કથાઓ (The Lights of Cano-



રેખાંકનમાં જહાંગીરની તસ્વીર

pus) નામની એક સુબોધ વાર્તાવલિ ૧૮૫૧માં બ્રિટિશ મ્યૂઝિયમે પ્રજાની મિલકત તરીકે ખરીદી લીધી હતી. તેમાં જે ૩૬ ચિત્રો છે તેમાં અકબર અને જહાંગીરના સમયના ઉત્તમ ચિત્રકારોએ કામ કર્યું છે.

અકબરશાહના અંત સમયે તેના દરબારમાં એકસો ઉપરાંત નામીચા ચિતારાઓ હતા જેમાંના કેટલાકને તો ઉમરાવની પદવીઓ મળી હતી. અકબરની આ નીતિમાં કળાપ્રેમ તો છે જ; સાથે થોડે અંશે આત્મ-ગૌરવ ને સ્વકથા અમર રાખવાની ઇચ્છા પણ પ્રેરક થઈ હોય એમ લાગે છે.

પણ મુગલ ચિત્રકળાને પૂરા રંગમાં ખીલવવાનું માન તો જહાંગીરને જ ઘટે છે. ચિત્રકળા તેની લાડીલી મોજ હતી અને તેનો સર્વાંગે વિકાસ કરવામાં તેણે પૂરી ઉદારતા વાપરી છે. તે શાહી ચિતારાઓની કુશળતા પર હમેશાં ગુમાન રાખતો. શાહી તસ્વીરો ને શિકારના પ્રસંગો એના સમયમાં ખૂબ જ ચીતરાયા છે, પણ તે સાથે વનસ્પતિ તથા ફૂલફળોનાં અને વિવિધ જનાવરોનાં ખાસ ચિત્રો કરવામાં પણ અજબ લાગણી બતાવવામાં આવી છે. બાદશાહે ખાસ ફરમાનથી કેટલાંક જૂજવાં જનાવરો અને ફૂલોનાં ચિત્રો કરાવ્યાં હતાં તેમાંનાં કોઇ-કોઇ હાલ મળી આવે છે. જહાંગીરમાં તો અકબર જેવી થોડીઘણી યે ધર્મપ્રિયતા કળાપ્રેમમાં આડી આવતી નહોતી. એ તો જમાનાનો એક ખરેખરો રસભોગી જીવ હતો. કળાના મળી આવે તેટલા ઉત્તમ નમૂના તે સંઘરતો. કારીગરીની બારીકી તે સમજતો અને બાખૂબ તેની કદર કરી શકતો. કોઈપણ મૂલે કળાની ઉત્તમ ચીજ હાથ કરવા તે આગ્રહ રાખતો અને તે માટે ભારેમાં ભારે કિંમત આપતો.

તેણે શાહજાદાઓને નીતિશિક્ષણ આપવા અન્વરે-સુહેલી તૈયાર કરાવી. તે માટે ૧૬ ચિતારાઓએ કામ કર્યું, જેમાં દસ હિંદુ અને છ મુસલમાન હતા. તે દરેકનાં નામ એમાં આપેલાં છે. એ ચોપડીમાં પંચતંત્રની કેટલાંક વાર્તાઓનો તરજૂમો છે, પણ ચિત્રોનાં પાત્રો તો મુગલ જમાનાનાં જ આલેખાએલા હોવાથી તેમાંથી એ સમયના જીવનનો આબેહૂબ ખ્યાલ મળી શકે છે. એ ચોપડી માત્ર ૯।। ઇંચ લાંબી અને ૬ ઇંચ પહોળી છે, પણ એમાંનાં એ ચિત્રોમાં તો મુગલ કળાની અજબ રૂપરંગાવટ અને રેખાવટનો પૂરેપૂરો આંક બનાવ્યો છે.

જહાંગીરના વખતમાં વળી ઇરાનથી પણ નામ-ચીન ચિતારાઓ આવતા; તેમ હિંદના ચિતારા ઇરાન સુધી પણ જતા. તે પોતે તખ્ત પર આવ્યો તે પહેલાં તેની હજુરમાં હેરાતનો આકા રઝા કરીને એક નામીચો ચિતારો હતો. પણ તેનો પુત્ર અબુલ હસન તેને આંટ મારે એવો થયો. તેણે શાહાનશાહ જહાંગીર ગાદી-નશીન થયા તે વખતનું ચિત્ર બનાવ્યું તે ખાતર તેને જહાંગીરે નાદીર-ઉઝ-ઝમાન(જમાનાનો અદ્ભુત પુરુષ) કહ્યો અને ખૂબ ઇનામો આપ્યાં.

હિંદુ ચિતારો બિશનદાસ પણ તેનો એટલો જ માનીતો હતો. બાદશાહે પોતાના ચરિત્રમાં તેના માટે લખ્યું છે કે એ જમાનામાં બિશનદાસની બરોબર કોઇ ચહેરા ઉતારી શકતું નહિ. તેને ખાસ સવારી સાથે ઇરાનના શાહ તથા તેના દરબારીઓની છબી લેવા મોકલ્યો હતો અને તે પછી એક હાથી ઇનામ આપ્યો હતો.

એ સિવાય મન્સુર અને ફરૂકબેગ તેના દરબારના ચુનંદા ચિત્રકારો ગણાતા. મનોહર અને મન્સૂરે જનાવરો ચીતરનાર તરીકે ખ્યાતિ પામ્યા હતા.

જહાંગીરના મૃત્યુ પછી મહાન મુગલ સમ્રાટ શાહજહાંએ ચિત્રકળાને બદલે સ્થાપત્યને વધુ માનીતી કળા તરીકે સ્થાન આપ્યું અને તેથી મુગલ ચિત્રકળામાંથી ગુણ ઓસરવા માંડ્યો. પહેલાં કરતાં ચિત્રોમાં રંગનો ઠાઠમાઠ અને વૈભવ વધ્યો, પણ હથોટી નબળી પડી ગઇ. આ વખતે સ્થાપત્ય તેની સોળે કળાએ પ્રકટ્યું. આના કારણમાં એમ પણ હોય કે સ્થાપત્યકળાની સમુત્પત્તિ માટે વિશેષ સાધનસમારંભની રાહ જોવી



નૂરજહાં : મુગલ સમયનું રેખાંકન
(શ્રી ગગનેન્દ્રનાથ ઠાકુરના સંગ્રહમાંથી)



જહાંગીરઃ મુગલ તસ્વીર-આલેખનનો નમૂનો

પડે, જ્યારે ચિત્રકળા સરળતાથી તૈયાર થઇ શકે; એટલે સ્થાપત્યને બે પેઢી સુધી રાહ જોવી પડી હોય. ચિત્રોનો જથ્થો ઓછો ન થયો, પણ હળવાં થવા લાગ્યાં. મૂળે મુગલ કળા રાજ્યાશ્રય પર નભનારી તો હતી જ, એટલે એ આશ્રય કમી થતાં તેનાં પાણી ઊતરે તેમાં નવાઇ નથી. શાહજહાંના જ સમયમાં તેના હલકા પ્રકારને લોકો દિલ્હી કલમથી ઓળખવા લાગ્યા હતા.

પણ આ સમયની અતિ કરુણ કથાનો નાયક દારા શિકોહ--શાહજહાંનો મોટો પુત્ર—એક અમૂલ્ય સ્મૃતિ મૂકી ગયો છે. ઇ.૧૬૫૮માં ઔરંગઝેબ પિતા તથા ભાઇઓને હટાવી તખ્ત પર આવ્યો તે વખતે તેના ત્રાસથી આ મોટો ભાઇ દારા શિકોહ ચારે તરફ નાસભાગ કરતો હતો. તેની વહાલી બેગમ સિંધના રણમાં તરસ અને તાપથી મૃત્યુ પામ્યાના ખોટા ખબર તેને મળતાં તે બેભાન જેવી હાલતે એક બેવફા મિત્રને ત્યાં પહોંચ્યો, જેણે તેને તુરત ઔરંગઝેબને હવાલે કરી દીધો.

'બાદશાહ શાહજહાંના શાહજાદા મહમુદ દારા શિકોહે અતિ પ્રિય બાનુ નાદીર બેગમને ભેટ આપેલું' એવા તેના ખુદના હસ્તાક્ષરવાળું ઇ.૧૬૩૧-હી.૧૦૫૧ની સાલનું એક ચિત્રઆલ્બમ ઇન્ડિયા હાઉસની લાયબ્રેરીમાં આજે મોજૂદ છે; અને એ જોતાં, એટલી ઉચ્ચ કળાના કદરદાન ને ઉદાર એ રસિયા રાજકુમારના જીવનનો જે કરુણ અંત આવ્યો તે યાદ આવીને હૃદય આર્દ્ર બને છે. તેમાંનાં ચિત્રો અપ્રતિમ મુગલ શૈલીનાં છે અને કલાના આશકો કેવી મમતાથી ચીજ તૈયાર કરાવતા તેના અપૂર્વ નમૂના રૂપ છે.

ઔરંગઝેબના રાજ્યદરબારેથી તો કળાની હદપારી જ થઇ અને કોઇ છૂટાછવાયા રસિક અમીર, ઉમરાવ તથા શ્રીમંતોના આશ્રયે જઇ તે થોડો વખત ભરાઇ. પણ જેઓ દિલ્હી છોડી દૂરના પ્રાંતોમાં જઇ મુગલ સલ્તનતથી સ્વતંત્ર થયા તેમણે તો તેને પૂરેપૂરી અપનાવી અને કેટલેક ઠેકાણે તો તે આબાદ પણ થઇ.

દક્ષિણમાં નિઝામના રાજ્યમાં તે 'દખણી કલમ'થી ચાલુ થઇ. પટણા, બિહાર અને અયોધના નવાબોએ પણ કળાનો શોખ સાચવી રાખ્યો. ઔરંગઝેબ પછીના દિલ્હીપતિઓએ નામ પૂરતો કળાનો શોખ રાખ્યો

હતો. અઢારમા સૈકામાં તો એ દિલ્હી કલમ માત્ર ધંધાદારી થઇ પડી અને કંપનીના અમલદારો માટે તસ્વીરો કરી નભાવા લાગી હતી. યુરોપ અને એશિયાની ભેળસેળ શૈલીની હાથીદાંત પર આલેખેલી એવી તસ્વીરો આજે પણ દિલ્હીના બજારમાં મળી આવે છે.

મુગલ કળા રાજવૈભવના ખોળે જન્મ પામી ને રાજ્યના રસો પર જ જીવી રહી હતી; અને એ શાહી આધાર પડી ભાંગતાં પોતે પણ ગઇ. આમ મુગલ કળા પ્રજાજીવનનાં પડોમાં ઊતરી શકી નથી એ ખરું, પણ જે જમાનાએ તેને સર્જાવી હતી તેનાં ભભકદાર, આબેહૂબ, જીવંત ચિત્રો તે અમર કરતી ગઇ છે. દુનિયાના કોઇ પણ ઇતિહાસને ચિત્રકળાએ આવી સેવા આપી નહિ હોય.

મુગલ ચિત્રકળાની ખાસિયતો

પ્રાચીન કાળથી એશિયામાં અક્ષરો લખવાની કળા મહત્ત્વનું સ્થાન પામી છે. ખાસ કરીને ચીને એ પરંપરા શુદ્ધ રીતે જાળવી છે અને ચીની સામ્રાજ્યની અસર જ્યાંજ્યાં પહોંચી ત્યાંત્યાં અક્ષર લખવાની કળાનો પ્રચાર થયો છે. અક્ષર લખવાની કળા મૂળે ચિત્રલિપિમાંથી જન્મી હોવાને કારણે અક્ષરોમાં જાતજાતના વળાંકો અને પાંખડાંનો પ્રચાર થયો છે. ચીની, જાપાની, અરબ્બી અને ઇરાની લિપિઓમાં રેખાઓના અનેક લહેકા નજરે પડે છે. આથી હાથને એક જાતની તાલિમ મળી જાય છે, અને આ બધા દેશના ચિત્રકારો ચિત્રો દોરવામાં એ જ લહેકાનો ઉપયોગ કરતા દેખાયા છે. માત્ર હિંદુસ્તાનની પ્રાચીન કળા અને લિપિ વચ્ચે આવો સંબંધ દેખાતો નથી. અજંતાનાં ચિત્રો અને સંસ્કૃત, પાલી કે બ્રાહ્મી લિપિ જુઓ તો કોઇ વાતે તેમની લીટીઓનો હાડ મળતો દેખાશે નહિ.

આવા કારણથી જ એશિયાની બીજી ચિત્રકળા ને હિંદની મૂળ ચિત્રકળા વચ્ચે પ્રધાન ભેદ દેખાય છે. પણ બીજી રીતે આ બધી કળાઓ રેખાજન્ય હોવાથી એકબીજાના અંશ અપનાવી લેવામાં બહુ સફળ નીવડી છે.

ઇરાની ચિત્રકળા ચીનના સંસર્ગથી ઘડાએલી હોવાથી મૂળ ઇરાની ચિત્રો જોતાં તેમાં રંગ અને રૂપની જમાવટ લગભગ સંપૂર્ણ લાગે છે. તે સુમધુર, લાડકી અને લહેરભરી લાગે છે, પણ ભાગ્યે જ ઊર્મિભરી હોય છે. ઇરાની અને હિંદી ચિત્રો પોતાના ગુણદોષથી આપોઆપ જુદાં પડી જાય છે. હલકાં હિંદી ચિત્રો અતિ અભિનયભર્યાં થઈ જાય છે અને હલકાં ઇરાની ચિત્રો વિવશતાભર્યાં—પાશવતાભર્યાં હોય છે. ઇરાની કળાનાં પાત્રોની આંખો ઠંડી અને અવયવો હાલચાલ વિનાનાં ચીતરેલાં હોય છે.

ઇરાની કળા મોટે ભાગે કિતાબી ઝાકઝમાળ, વિવિધ રંગો ને સોનેરી શણગારમાં આવી રહે છે. તેના ચિત્રપ્રસંગોમાં મોટે ભાગે લડાઇ, પ્રેમ અથવા આનંદભરી મહેફિલો હોય છે, એટલેકે મોટે ભાગે દુન્યવી ખ્યાલોનું તે નિરૂપણ કરે છે; જ્યારે હિંદી કળા વીરરસપ્રધાન કાવ્યો, અદ્દભુત કથારસ કે પુરાણપ્રસંગો, અથવા ભાવપ્રધાન કે ગીતલહરીના તરંગો ચિત્રોમાં ઉતારવા મથી રહી હોય છે.ઉપરાંત તે કળા લોકજીવનના પ્રદેશમાં જન્મી, ઉછરી અને જીવતી રહી છે.


ઇરાનથી નીકળી હિંદમાં આવ્યા પછી ઇરાની કળા ઇરાની રહી નથી. અહીં તે ખરા અર્થમાં હિંદી બની ગઈ હતી, પણ તેના આશ્રયદાતાઓના સ્વભાવલક્ષણને અધીન રહેલી હોવાથી તેમના રાજ્યવૈભવો અને શોખનાં ચિત્રો પૂરતી જ તે ખીલી શકી અને ઇરાનની ધાટીએ કિતાબી ચિત્રોથી આગળ વધી નહિ. પણ તેમાં માનવજીવનની આકર્ષકતા ને ખરી મનોહરતા તો ઊતરી જ છે.

ઇરાની ઉસ્તાદો તેમની સ્વચ્છ, પ્રકાશમાન, રંગભરી સૃષ્ટિમાં છાયા લાવતા જ નથી, પણ એક પ્રકારની ભભકભરી પસંદગી તેમનાં ચિત્રોમાં વ્યાપ્ત લાગે છે. સાધારણ જોનારને ઇરાની બૈઝાદનાં અને અકબરી ચિતારાઓનાં કામમાં ફરક દેખાશે નહિ,પણ ઝીણવટથી જોનારને લાગશે કે હિંદુ ચિતારાઓને રેખા અને રંગ માટે ઈરાનીઓ જેટલો આગ્રહ નથી, એટલું જ નહિ પણ પદાર્થોના સ્વરૂપ માટે પણ તેઓ ઘણું જતું કરે છે; અને એમ છતાં કામમાં જમાવટ વિશેષ લાવે છે. તેઓ ઇરાની સાહિત્યથી કામ કરે છે ખરા, પણ તેમનું ધ્યાન બીજી જ તરફ દેખાય છે. તેઓ માનવી પાત્રોમાં વધારે રસ લેતા દેખાય છે. તેથી જ તેઓ તસ્વીરો બનાવવામાં ચડિયાતા જણાયા છે. પણ ઇરાની ઢબે માનવસમૂહ ચીતરતી વખતે તેઓના કામમાંથી ખુલ્લાપણું તથા સફાઇ કમી થઇ જાય છે. અને એક જાતનો નકશો કે ગીચ ભરેલી આકૃતિઓની ચાદર બની જાય છે.

અકબરના સમયમાં ઇરાનની અસર મુગલ ચિત્રોમાં વધારે જણાતી હતી, પણ સત્તરમી સદીમાં તો તે




શાહાનશાહ જહાંગીર
મુગલ કળાના તસ્વીર આલેખનનો નમૂનો
(પારીસના મ. કાર્તિઅરના સંગ્રહમાંથી)



શાહાનશાહ જહાંગીરનો દરબાર

મુગલકળાનો માનવસમૂહ-આલેખનનો નમૂનો

દશ્યની વિશાળતા તથા અંતરનું ભાન બતાવવાની સચોટ રીતિ અને માનવઆકૃતિઓનું આબેહૂબ બયાન આપવાની જે અજબ શક્તિ મુગલ કળામાં છે તે અજોડ છે. માણસોના ચહેરા, પોશાક અને હથિયારની વિગતો, પ્રાણીઓ અને તેના સાજ વગેરેની નોંધો એમણે અતિશય ઝીણવટ અને પ્રામાણિકતાથી એમાં ઉતારીને સંઘરી છે.



ગોંસાઇઓ અને સંન્યાસીઓ : મુગલ કલમનાં માનવપાત્ર-આલેખનનો નમૂનો

સદંતર ઓસરી ગઇ જણાય છે. જહાંગીર અને શાહજહાંના વખતમાં ખરેખરાં હિંદી ઢબનાં જ ચિત્રો થયાં છે. તે વખતે સમરકંદનો એક ચિતારો તેનાં ચિત્રો પાછળ 'સમરકંદવાળો' એમ સહી કરે છે, પણ તેણે દોરેલી તસ્વીરોમાં ઇરાની તત્ત્વ જેવું કશું જણાતું નથી. રઝ્મનામું ચીતરનારા ૨૮ ચિતારા હતા તેમાં ૨૨ નામો તો હિંદુઓનાં છે. એ સિવાય ઘણાં ય ચિત્રો મળે છે; તે બધાની ચિત્રશૈલી એક જ જાતની હોવાથી ઘણી વાર કોનાં કયાં ચિત્રો છે તે નક્કી કરવું મુશ્કેલ પડે છે.


આ ચિતારાઓ કોઇપણ વિષયનું ચિત્ર ઉપાડતાં અચકાતા નથી. પર્સ્પેક્ટિવ (દૃષ્ટિનિયમો) કે છાયાપ્રકાશનાં ધોરણો તેમની આડે આવતાં નથી. યુરોપનો મહાન ચિત્રકાર રૂબેન્સ જે વિષય લેતાં વિચાર કરી અચકે, તેવાં ય ચિત્રો આ ચિતારાઓએ ચીતરી જાણ્યાં છે. આજકાલની પર્સ્પેક્ટિવ શોધનારા તે ચિત્રોનો ખરો રસ નહિ પામે. ફોટોગ્રાફર, એન્જિનીઅર કે સર્વેયરની પર્સ્પેક્ટિવથી ચિત્રોની પૂર્ણતા ન જ તોળાય. મુગલ ચિત્રકળા ત્રણસો વર્ષ સુધી તેના પ્રેક્ષકોને રીઝવી શકી તેમાં ચિતારાઓની સાચું ધ્યાન આપવાની જે અજબ શક્તિ, દૃશ્યની વિશાળતા અને અંતરનું ભાન બતાવવાની સચોટ રીતિ હતી તે આજના પર્સ્પેક્ટિવ માટે જ ટળવળતા ચિતારાઓને સુલભ નથી.

ગમે તેમ હોય, પણ આ ચિત્રોમાંનાં પ્રસંગો આકર્ષણ તો કરે જ છે. કેટલી પ્રામાણિકતા અને ઝીણવટથી તેમણે માણસોના ચહેરા તથા પોષાકની વિગતો ચીતરી આપણે માટે સંઘરી મૂકયાં છે! હમણાંનો યુરોપી ચિત્રકાર ચિત્રયોજના કરતાં તેમાંનું ઘણું જવા જ દે. હિંદુ ચિતારાના એક ચિત્રમાં શહેર બંધાય છે, રાજા તે જોવા આવ્યો છે, કડિયા કામ કરે છે, મજૂરો સામાન પહોંચાડે છે, એમ એ પ્રસંગની બધી પ્રવૃત્તિ અને વ્યવહાર આપણે રોજના જીવનની પેઠે ૨૫૬ નિહાળીએ છીએ.

મુગલાઈ તસ્વીરો

હિંદની ચિત્રકળામાં તસ્વીર–આલેખનની કળાને

તો મુગલોએ જ ઉત્તમ રીતે ખીલવી. ખરેખરી તસ્વીરો મુગલ જમાનામાંથી જ મળે છે. છતાં હિંદના પ્રાચીનકાળમાં પણ તસ્વીરનો ખ્યાલ હોય એમ તો લાગે છે. અજાતશત્રુને બુદ્ધનું ચિત્ર જોઈતું હતું. તે વખતે એક કપડા પર બુદ્ધની છાયા પાડીને રેખા પાડી લીધી અને પછી તેને રંગથી ભરી કાઢ્યું એવું પ્રાચીન વર્ણન છે. આ છાયાચિત્રમાંથી એક બાજુનાં મ્હોરાં ચીતરવાની પ્રથા જન્મી હોય એમ આપણે માની શકીએ. શ્રીગિરિની ગુફાઓમાંની કશ્યપ રાજાની રાણીઓની તસ્વીરો સાચી છે એમ મનાય છે. અજંતાની પહેલા નંબરની ગુફામા આવેલાં કોઇ યવન વ્યક્તિનાં ચિત્રો પણ સાચાં માનવીઓની છબી છે એવું અનુમાન કરવાને કારણો મળ્યાં છે. તિબેટમાં માંગરીઝના મઠમાં એક ચિત્રકારે એક ખૂણે પોતાની છબી મૂકી છે તે પણ સાચી તસ્વીર મનાય છે. આઠમા સૈકામાં સિંધમાં પણ તસ્વીરકામ થતું હશે એવી હકીકત મળી છે.



મુગલ કલામાં પ્રાણીચિત્રણા પણ અતિ ઉચ્ચ કોટિએ પહોંચી હતી. ચિત્રકાર રાજા મનોહરની કલમનો નમૂનો

મુગલ જમાનાની જે તસ્વીરો હિંદમાં મળે છે તેમા પ્રથમ નમૂના હિંદુ ચિતારાઓના મળે છે. ભગવતી સોળમા સૈકાનો તસ્વીરબાજ થઇ ગયો અને હોનહાર તે પછી થયો. એ ચિતારાઓમાં વંશપરંપરાથી ઊતરેલી વિદ્યા હતી કે મુગલ આશ્રયે તેઓનો વિકાસ થયો હતો તે નક્કી થયું નથી. ભગવતીના કામમાં ઇરાનની અસર ચોખ્ખી છે. પણ હોનહારમાં રાજપૂત ઢબ છે અને તે પરથી અનુમાન થાય છે કે તેને પરંપરાથી વિદ્યા મળી હશે, અને મુગલ જમાનાની જરૂરિયાત પ્રમાણે કામ કરી તે બહાર આવ્યો હશે.

સોળમા સૈકામાં આ તસ્વીરબાજોના કામે ખાસ ધ્યાન ખેંચ્યું હશે કારણકે આઇનેઅકબરીમાં લખાયું છે કે 'બાદશાહ પોતાની છબી ચીતરાવવા બેઠા અને તમામ સરદારોની છબી એ રીતે લેવા હુકમ કર્યો. એ રીતે એક મોટું આલ્બમ તૈયાર કરાવ્યું અને તેથી જેઓ ગુદરત થઇ ગયા તેમને નવી હયાતી મળી ને જેઓ હયાત છે તેમને અમરતા મળી.'

આ તસ્વીરોમાં ભાગ્યે જ એક કરતાં વિશેષ પાત્રો હોય છે. ઘણે ભાગે એક ઊભી લંબચોરસ તકતીમાં તસ્વીરનું પાત્ર તલવાર કે ફૂલ પકડી એક બાજુએ નજર રાખી ઊભું હોય છે. જો શાહી પાત્ર હોય તો તે સિંહાસન ઉપર બેઠેલું અથવા ઝરૂખામાં બેઠેલું હોય અને પાસે એકબે હજૂરી ઊભા હોય અને મુખ્ય પાત્રના ચહેરાની આસપાસ સોનેરી કુંડાળું આપ્યું હોય.

પહેલાંની ઇરાની તસ્વીરોમાં ચહેરા જરા પોણા દેખાતા, એટલે બીજી આંખ પણ દેખાતી; પરંતુ મુગલ ચિતારાઓએ તે બાબતમાં પાછું ડગલું ભર્યું જણાય છે અને માત્ર પડખાનો જ ચહેરો ચીતર્યા કર્યો છે. બધી મુગલ તસ્વીરો એક જ મર્યાદાવાળી રીતભાતથી ચીતરાઇ છે. આવાં બંધનોમાં ચિત્રો અનાકર્ષક, અક્કડ અને નીરસ બની જાય, પરંતુ મુગલ ચિતારાઓએ અજબ સામર્થ્યથી એવી મર્યાદાઓ સાચવીને પણ કળાપૂર્ણ તસ્વીરો ઊતારી છે. મુગલ તસ્વીરોમાં એક પ્રકારની જે છટા અને છાપ છે તે અનેરી જ છે. એ તસ્વીરો ખરા માનવીઓની જ છબીઓ છે. તેના પુરાવા રૂપે તેમનાં કેટલાંક નોંધ ચિત્રો મળી આવે છે. જેમાંના કેટલાકમાં નોંધ માટે સુંદર રેખામાં ચહેરો આબેહૂબ પાડી લીધેલા હોય અને શરીરનું ખોખું માત્ર રેખાઓમાં જ આલેખેલું બાકી રાખ્યું હોય; તો કેટલાક



દાડમી · મુગલ ઢબે થતાં ફૂલઝાડનાં આલેખનનો નમૂનો



મુગલ પુષ્પાલેખનનો બીજો નમૂનો : કેશૂડાની ડાળ

તકતીમાં ચહેરો જ બાકી રાખી બાકીનું શરીર ચીતરી રાખ્યું હોય. આવી નોંધો સાથે રાખીને પાછળથી તેઓ આખરી તસ્વીર ઉપજાવતા. પણ તેમાં ચહેરાનું માત્ર સાદૃશ્ય જ મેળવીને તેઓએ સંતોષ લીધો નથી. સાથેસાથે ઊંચી પ્રતિની કારીગરીથી આછી છાયાઓ અને પોશાક તેમજ બેઠકની નકશીઓ કરીને પોતાની અદ્ભુત પીંછીની પરીક્ષા આપી ગયા છે.

ઉપર જણાવેલી તેમની નોંધોમાં યે અજબ છટાભરી, આબાદ નિરીક્ષણભરી રેખાઓ અને પાત્રનિરૂપણની શક્તિ આપણને તાજુબ કરે એવાં છે. આ સાદાં ચિત્રોને દીપકયંત્રથી મોટાં કરી જુઓ તોપણ તેનાં ગુણ અને ખૂબી ઓછાં નહિ થાય.

સંપૂર્ણ ચિત્રોમાં, છોગાં તથા ફૂમતાવાળા તાજ, હીરા-માણેકના હાર અને ચહેરાફરતું સુવર્ણ કુંડાળું અથવા સોનેરી આકાશ, આ બધાં સાધારણ તત્ત્વો મુગલ તસ્વીરોમાં છે. ઘણીવાર રાજમહેલની અટારી કે બગીચાના ક્યારાઓ પાત્રના શોખની સાક્ષી આપતાં કે તેને ખુશ કરનારાં તત્ત્વો તરીકે ચીતરાયાં છે. તેમ છતાં મુખ્ય પાત્રનો ભપકો, ઠાઠ વગેરે આગળપડતાં જ રાખવામાં આવ્યાં છે.

આવી કડક મર્યાદાઓવાળી મુગલ તસ્વીરોમાં એક બાબત ખાસ નવાં આકર્ષણો કરનારી છે. તે હાથની વિવિધ છટા અને ચિત્રણા. અજંટાના ચિતારાઓ હાથનું વૈવિધ્ય બતાવવામાં જેવા કુશળ હતા તેવા જ મુગલ ચિતારાઓ એ બાબતમાં બાહોશ જણાયા છે. બીજા કોઇ યુગના ચિતારાએ આ મુગલ ચિતારા જેટલી હાથની કિંમત ગણી લાગતી નથી. મુગલ ચિતારો તેના પાત્રના હાથ રખાવવામાં અતિ ચાતુર્ય અને બુદ્ધિ દર્શાવે છે. હાથ અને હાથની અંગુલિઓથી કેટકેટલું દર્શાવી શકાય તે બુદ્ધ, મુગલ કે રાજપૂત ચિતારાને જ આવડયું છે. સરસ મુગલ ચિત્ર પારખવાની કૂંચી તરીકે હાથ તરફ નજર કરવાનું કહીએ તો જરા યે અતિશયોક્તિ નહિ થાય.

તસ્વીરોમાં હાથ ઘણીવાર તલવારની મૂઠ પર હોય છે. ઘણીવાર હીરારત્નજડિત વીંટીવાળા હાથમાં ફૂલ ધરી રાખ્યું હોય છે. આજનાં માણસોને ફૂલ રાખી ઊભા રહેવામાં બાયલાપણું લાગે, પણ મુગલ જમાનામાં તો બગીચો ને ફૂલ અમીરી શોખનાં ચિહ્નો હતાં.

શરૂઆતમાં તો આવી તસ્વીરો માત્ર અમીરવર્ગ માટે જ થતી; પણ ધીરેધીરે લોકોને તેનો શોખ લાગ્યો અને તેમાંથી સસ્તી જાતની તસ્વીરો થવા લાગી. ત્યારથી તે કળાની પડતી શરૂ થઈ; અને અઢારમા સૈકામાં તો નામચીન માણસોની તસ્વીરો વેચવાનો ધંધો એટલો બધો ફાટી નીકળ્યો કે અસલ તસ્વીર કરનાર કોઇક

જ રહ્યા. આ ધંધાની કારગત ટ્રેસ કરેલા કાગળોમાં સમાઈ ગઇ હતી. ઘણી વાર બાદશાહો અને બેગમો અરધાં ખરાંખોટાં જૂના ચિતારાઓ પરથી નકલો પામી ખૂબ બદલાઇ પણ જતાં. પણ અસલ ચિતારાઓ ખાસ ખૂબીથી મૂળ શખ્સની કેટલીક ખાસિયતો એવી આબાદ પકડતા કે નકલો કરનાર પણ તેટલી સાચવી શકતા. નકલો કરનારા ચામડાના કાગળો અથવા 'ચરબા' પર બહુ સરસ ટ્રેસિંગ લઇ રાખતા અને તે પર દરેક જગ્યાના રંગો નોંધી રાખતા. આના ઉપર ઝીણાં કાણાં પાડી કોલસાની ભુકીથી જોઇએ એટલી નકલો બીજા કાગળો પર છાપી લેતા અને તે રંગીરંગીને ઘરાકોને પધરાવતા. આવી કેટલીયે નકલો આજના સંઘરનારા ગૃહસ્થો પાસે છે. ઘણા પાસે એક જ જાતની નકલો છે.



મૃત્યુની દીપકવાટ

જીવનનો ઝળહળતો દીવો,
પરથમ જે હિં' પ્રકાશ્યો!
મેઘધનુની રંગલીલામાં,
પ્રેમલ સ્પર્શ તું ભાસ્યો!—જીવનનો૦

કોડ ભરીભરી અંતર લાવ્યો,
આંખમાં દિવ્ય સુવાસ;
નૈવેદ્યછાબડી મૂઠ બીડી બેઉ,
ધરવા પ્રાણપ્રકાશ.—જીવનનો૦

વાંચી લીધું જગસોણલું મારૂં,
આશા નથી પણ આગ!
હેત માન્યું હતું, જોઉં હળાહળ,
ગંધમાં સ્વાર્થના શ્વાસ!—જીવનનો૦

આંસુ નથી, નાથ! હસતાં ભમવું,
જીવનની રણવાટ!
પ્રાણપ્રકાશ નહિ તોય ધરવી
મૃત્યુની દીપકવાટ!—જીવનનો૦

કૃષ્ણલાલ શ્રીધરાણી

આ નકલો પર ખોટાંખોટાં નામો પણ હોય છે. ઔરંગઝેબને શાહજહાં લખ્યો હોય; અકબર અને જહાંગીરમાં પણ ગોટાળો કર્યો હોય! છતાં ચહેરાના માહિતગારો ખરૂં નામ તુરત કહી શકે એટલી તસ્વીર તો સાચી હોય છે. જૂનાં હિંદી અને રાજપૂત ચિત્રો કરતાં મુગલ ચિત્રોમાં એક ખાસિયત વિશેષ હોય છે અને તે ચિત્રનું માઉન્ટિંગ અથવા કિનારશોભા. મુખ્ય તસ્વીરને એક મોટા માપસર કાગળ પર સફાઇથી ચોડીને તેની આસપાસ સુંદર રંગોની વેલપટીઓ તથા ફૂલકળીઓ, એક અથવા અનેક, એવા હિસાબથી નાખી હોય છે કે વચ્ચેના ચિત્રને તેથી ખાસ ઉઠાવ મળે છે. પટીઓની આસપાસ ઘણી છૂટવાળી જગ્યા રાખી હોય છે અને તેમાં સોનેરી વેલબુટીઓ છૂટીછૂટી નાખી હોય છે અથવા તો કોઇ સુનેરીયા રંગની છાંટ નાખી હોય છે. આ શોભાને પણ એક ખાસ કળા કહી શકાય; અને ઘણીવાર તો ચિત્ર કરનાર કોઇ હોય અને આ શોભા કરનાર પણ કોઇ બીજો હોય. ઘણીવાર તો ચિત્ર ચીતરનાર એક જણ હોય તો રંગ પૂરનાર બીજો હોય. ચિત્રના ભાગને તસ્વીર કહે છે અને બાકીના ભાગને હાંસિયો કહે છે.

મુગલ ચિતારો મન્સૂર ઘણાં ચિત્રો પાછળ પોતાને 'મન્સૂર નક્કાશ' તરીકે ઓળખાવે છે. 'નક્કાશ' એટલે Designer—જાતજાતના આલેખો કરનાર. આ નક્કાશ દરેક કારીગરીના ધંધાવાળાને ચીતરી આપે અને તે પ્રમાણે જ કોતરણી કે છાપકામ થાય એવો રિવાજ હતો; અને આથી ઘણીવાર એ સમયનાં ચિત્રો પરની વેલબુટ્ટીઓ તથા સોનારૂપા, ચામડાં કે કાપડ પરની, છાપોની આકૃતિઓ મળતી આવે છે.

મુગલકળાની સાધન-સામગ્રીઓ

મુગલ જમાનામાં ચિત્રકારના સામાન અને ઓજારો માટે બહુ જ કાળજી લેવાઇ છે. તેઓ પોતે જ પોતાનો સામાન તૈયાર કરતા અથવા નજર તળે તૈયાર કરાવતા. ખાસ કરીને કાગળ માટે તેઓ બહુ ચીવટ ધરાવતા. બહુ મહેનતે તેઓએ તેવા કાગળો લાવી

સ્મારક

· પૃથ્વી ·

લઉં ફુલછડી? સુગંધીમય પાંખડી? કે ઘડી
શિલા શકલને અમોલ વદને ય વાચા દઉં?
વિરાટ નભમાળથી ચકચકંત તારા લઉં,
ધરૂં ચરણમાં? પજેપળ રચું નવી દીવડી?

સહસ્રકિરણાવલિરચિત દીપતી રાખડી
થકી ગ્રથિત વિશ્વનાં પરમ પંચ તત્ત્વો સહુ
તણા અચલ ચિત્રની જ સ્મૃતિ એક તારી ચહું;
કિયું રચું કહે? અનંત યુગરાજથી યે વડી!

હતી રમતીચાળ તું—સરલ શાંત ગંગોદક—
સદા પતિતપાવની, કમલરેખ શી વિસ્તરી,
વહી ઘનગંભીર નિત્ય મુજ જીવને નિર્ઝરી,
ઉડંત જગનાતની અતિ વિશાળ કો કલ્પના

સમી, તુજ મસે કર્યું નવીન હું રચું ભાવના?
'ઈલા' શબ્દ એક એ જ નથી ભવ્ય શું સ્મારક?


ચન્દ્રવદન મહેતા

(તાજેતરમાં પ્રકટ થનાર સચિત્ર 'ઈલાકાવ્યો'માંથી)

રાખી તેને ઘટતી ક્રિયાઓથી ઘૂંટી સંઘરી મૂકતા. એ કાળમાં ચિતારાઓને ખપતા કાગળો માટે ઘણાં સ્થળો જાણીતાં હતાં. 'હરીરી' અથવા 'રેશમી' (રેશમનો બનાવેલો) કાગળ અને 'દૌલતાબાદી' જાતો નિઝામના દોલતાબાદમાંથી મળતી. સાધારણ બજારમાં વપરાતો 'હિંદી' તરીકે ઓળખાતો કાગળ પણ ઘણીવાર ચિતારાને કામ આવતો. પંજાબમાંથી સિયાલકોટી કાગળ પણ આવતો. દક્ષિણનો મુગલાઈ અને મ્હૈસુરનો 'કાર્દી' પણ ઠીક ખપતા. આ કાગળો મોટે ભાગે વાંસ, શણ કે તુલ (રૂ)ના બનાવેલા હતા. તુલના બનાવેલા કાગળો તુલાટ તરીકે જાણીતા હતા. ઈરાની કે ઈસ્પહાની કાગળો માટે પણ ચિતારા ઝંખતા.

આ કાગળો તદ્દન સફેદ નહિ, પણ ભૂખરા પીળા રંગના હતા. મનગમતા કાગળો લઇને ચિતારા બે કે ત્રણ એકબીજા પર ચોડીને ચિત્ર માટે જોઇતું દળ કરી લેતા. પુસ્તક માટે તો એક પડ જ રાખતા.

ચિત્ર કરતાં પહેલાં કાગળની સપાટી અકીકના પથ્થરથી ઘૂંટીને ખૂબ લીસી બનાવતા અને પછી લાલ રંગની પીંછીથી ચિત્રની મુખ્ય રેખાઓ દોરતા; અથવા નકલ હોય તો ચરબા પરથી કોલસાની છાપ પાડી પીંછીથી ચિત્ર પાકું કરી લેતા અને તેની ઉપર આછો સફેદો મારતા. તે સૂકાય એટલે જરૂરની લીટીઓ ઘૂંટીને તાજી કરી લઇ રંગો તથા વિગતો પૂરતા.



કાળો રંગ કપૂરની મેશમાંથી પાડતા. લાખ, માટી, હલકાં રત્નો વગેરેનું શોધન કરી તેમાંથી જોઇતા રંગો મેળવી, તેને ખરલ કરી ઘૂંટીને ડબીઓ ભરી મૂકતા. આ રંગોના ઉજાસ અને તેજ આજ સુધી કમી થયાં નથી અને ઠીક સચવાયેલાં ચિત્રો તો કાલે જ રંગ પૂર્યાં હોય એવાં દીપે છે. ચિત્ર કરવાની તેમ જ તેને 'માઉન્ટ' કરવાની ક્રિયાનું એક સુંદર ચિત્ર બલરામપુર રાજ્યમાંની અન્વર-ઈ-સુહેલીની પ્રતમાં છેલ્લે પાને છે. આ પુસ્તક અકબરના અંતિમ કાળનું છે.


મુગલ જમાનામાં એક જ ચિતારા પાસે તેનાં ચિત્રોની નકલોની માગણી બહુ રહેતી હોવાથી નકલો ઉતારવાનો હુન્નર પણ ચિતારાની તાલીમમાં આવી જતો. ને સારાં ટ્રેસિંગ એ ચિતારાનો વારસો લેખાતો અને બાપ અથવા ઉસ્તાદ બહુ જતનથી સંઘરી તેના વારસોને તે આપતા. આ ટ્રેસિંગ માટે ચરબા અથવા ચર્મપત્ર હરણની પાતળી ચામડીમાંથી કાઢતા.

પીંછીને તે કલમ કહેતા અને બકરાં, હરણ, ખિસકોલી, નોળિયા કે ઊંટના વાળમાંથી જોઇએ તેવી બનાવી લેતા. આ સિવાય ચિત્રો પર મોતીપણાં ચોઠી ઉઠાવદાર કામ કરતા તેને 'ઝારણ' કહેતા.

મુગલ ચિત્રકળાનાં ચિત્રો અને તસ્વીરોને લીધે એક મોટા રાજવંશનો જમાનો આપણને આબેહૂબ જોવા મળે છે. જે બાદશાહો, હજુરિયાઓ, બેગમો, અમીરો, સરદારો, સાધુઓ, શિકારીઓ ને સિપાઇઓ, મજૂરો

ને તવંગરો એક ચોક્કસ વખતે આ જગત પર હયાતી ધરાવતાં હતાં તેમને આજે આપણે જોઇ શકીએ છીએ. આવી ચિત્ર–તવારીખ કોઇક જ દેશમાંથી મળી શકશે. આપણા જૂના કાળના ઇતિહાસલેખકોએ પૂરતું અને પ્રમાણભૂત લખાણ મૂક્યું નથી એવો આરોપ થાય છે. તેની ખોટ આ ચિતારાએ પૂરી ભરપાઈ કરી આપી છે. પોતાના સમયનાં માનવીઓ અને પાત્રોને અજબ સજીવતા આપી તેમણે આપણી આંખ સામે મૂકી દીધાં છે. એ ઉપરાંત તેમણે વધારે કામ તો એ કર્યું છે કે હિંદ અને ઇરાનની સ્મૃતિમાં ઘૂમી રહેલા પૂર્વના રાજવંશીઓને પણ રૂપ આપી અમર કર્યા છે અને ઘેરેઘેર તેમની છબીઓ પહોંચાડી દીધી છે; એટલું જ નહિ પણ તેમના ચહેરા એટલા તો લોકપ્રિય કરી દીધા છે કે ગમે ત્યાં જુઓ કે તુરત તમે તેમને ઓળખી કાઢો. ઇરાનનો રાજકુમાર ઇરેઝ, તાતાર વંશનો પહેલો બાદશાહ જંઘીસખાન, મહમદ પયગંબરના જમાઇ ઇમામઅલી વગેરેના ચહેરા છપાઇ ગએલા કાટલાં જેવા છે. હિંદમાં અઢાર મહિના રહેલા સિકંદરને પણ આ લોકચક્ષુએ છોડ્યો નહોતો. અકબર, જહાંગીર, શાહજહાં કે ઔરંગઝેબ અને દોસ્તમહમદ તો આ ચિતારાઓની આંગળીને ટેરવે એવા બેસી ગયા હતા કે નકલ વિના પણ યાદીથી ચીતરી શકતા. અને આ રીતે દરેક ચહેરાનું એક એવું સાદું રૂપ ઘડી કાઢવામાં આવ્યું છે કે ગમે એટલા ચહેરા વચ્ચેથી અમુક વ્યક્તિ જરૂર ઓળખી શકાય.

વિખ્યાત કલામીમાંસક શ્રી આનંદકુમારસ્વામીએ મુગલ કલાની પ્રશસ્તિ એક વાક્યમાં અતિ ઉચિત રીતે કરી છે, તે વડે આ પરિચય સમાપ્ત કરીએ: 'જે સંસ્કૃતિમાં તે ઉત્પન્ન થયાં તેના ગૌરવની સબળ સાક્ષી પૂરતાં તે ચિત્રોનાં સૌંદર્ય માટે અતિશયોક્તિ કે અતિ મૂલ્યાંકનનો સંભવ નથી.' **રવિશંકર રાવળ**



સાંઢની સાઠમારી : મુગલ કલમનું રેખાચિત્ર


હજુ સૂર્યની સહસ્રકળાઓ પૂરી ખીલી પણ ન હતી ત્યાં તો જંગલને ખૂણેથી એ જ અવાજ બીજી વખત સંભળાયો. ઊગતા સૂર્યમાં દૂરદૂર ઓળા પાડતી ટેકરીઓ, એ ટેકરીઓ વચ્ચે આવેલી હરિયાળી ખીણો અને વનની ગીચ વનરાઇઓમાં હાથીઓના એ અવાજનો પડઘો ગાજી રહ્યો. હાથીઓ પકડનારા એ અવાજને સલામીને નામે ઓળખાવે છે. જંગલમાં તેના જેવો ઉત્પાતજનક બીજો એકકે અવાજ નથી.

કીચડના ખાબોચિયામાં ગળાબૂડ લદબદતો અલરોબા આ વખતે મનમાની મોજ ઉડાવી રહ્યો હતો. સલામીનો અવાજ કાને પડતાં જ તેની એ મજા ઊડી ગઇ. તે થંભી ગયો. હાથીઓના નાયક તરીકે કોઇ યુવાનની વરણી થયા બાદ તેની તાજપોશીની ક્રિયાનો આવતો સલામીનો એ સાદ અલરોબા કળી ગયો.

મૂળથી જ તે એકલ તરીકે ભમતો. એના બળની કોઇ બરોબરી કરી ન શકતું. છતાં તે નાયક તરીકે સ્થપાયો નહોતો. પરંતુ આમ વણસ્થપાએલો છતાં તેનું ગુમાન એકાદ સમ્રાટ્ સરખું જ હતું. કોઇપણ હાથીને નાયક તરીકે તે સાંખી શકતો નહિ. આથી આ અવાજ સાંભળતાં તેનું અંગેઅંગ જળી ઊઠ્યું. કોઇપણ જાતની મર્યાદા કે હસ્તીસમાજના કાયદાકાનૂનોને તો તે જન્મથી જ અવગણતો આવ્યો હતો. તેના એ બહારવટાને કારણે દક્ષિણમાં ઝાંબેઝીના તીરપ્રદેશથી માંડી ઉત્તરમાં નિયામ–નિયામ અને તેથી યે દૂર કોઇ પણ મનુષ્યથી અણજાણ એવા સુદના અંતરભાગ સુધી તે પ્રસિદ્ધ હતો. એ પ્રદેશમાંનો એકેએક હાથી તેને બહારવટીઓ ગણતો; દરેક તેનાથી બીતો રહેતો; પરંતુ સાથેસાથે દરેકનો તેના પ્રત્યેનો તિરસ્કાર પણ એટલો જ હતો. બીકમાંથી તિરસ્કાર ઉપજે એ તો સ્વાભાવિક જ છે ને?

કેટલાક જીવોમાં આસપાસનાંઓને ભય પમાડી તેમાંથી મજા લૂંટવાની જ અધમતા હોય છે. તેનાથી તે પૂરેપૂરો ભર્યો હતો. ઉચ્છૃંખલ અને આપાપોષીઆ સ્વભાવને લીધે ટોળામાંથી તો માત્ર પંદર વર્ષની વયે જ તેને બાતલ કરવામાં આવ્યો હતો અને ટોળાના વડીલોએ તે જ દિવસથી તેના માઠા ભાવિની આગાહી કરી દીધી હતી. ત્યારથી તે આજ સુધીમાં પાંસઠ ઉનાળા વીતવા આવ્યા હતા, પણ તેના સ્વભાવમાં લેશમાત્ર ફરક પડ્યો નહોતો; અને હવે તો કોઇ પાડી શકે એ

એ લ રો બા



જિંદગી બચાવવા ગાંડાની પેઠે તેણે દોટ મૂકી.

પણ અશક્ય હતું, કારણકે તેની આંખો માત્ર પોતાની જ મહત્તા આંકવા ટેવાએલી હતી. પોતાના વિષે કોઇ શું ધારે છે તે જાણવાની પરવા તે ન રાખતો. તેના સમાજના નિયમોને તો તે પ્રથમથી જ અવગણતો આવ્યો હતો. તેની મરજી એ કાયદો; અને તે પ્રમાણે તે વર્તતો. અને આવાં એકલવાયાં એંશી વર્ષ વીતાવ્યા છતાં તેની જિંદગીમાં તેને કોઈ દિવસ શુષ્કતા નહોતી ભાસી. હવે ભાસતી કે કેમ એ તો કોણ કહી શકે?

તેની વૃત્તિ સાહસી હતી. આજ સુધીમાં અનેક સાહસો એણે ખેડ્યાં હતાં. હજુ પણ સાહસની કોઇ તક સાંપડ્યે તે જવા દે એમ તો ન જ હતું. જુદાં જુદાં ટોળાંના મદગળતા નાયકો સામે એક કરતાં વધુ વખત તેણે ટક્કર ઝીલી હતી. અનેક વાર તેણે મોટાં ટોળાંઓ પર પ્રભુત્વ મેળવ્યું હતું. પરંતુ હવે શાળી ચાંદની અને મૃદુ પવનમાં દૂરદૂર સુધી એકલો રખડવામાં તેણે એ પ્રભુત્વ ગુમાવ્યું હતું. તેણે એ ખુશીથી જવા દીધું હતું, પરંતુ પોતાની ટેવ તો નહોતી જ બદલાવી.

આ બધાં કારણોને લીધે આજપર્યંત તેને કોઇ સાથી પણ મળી શક્યો નહોતો. તેનું જીવન એકલવાયું બની ગયું હતું, અને એ એકલતાનો દોષ તે પોતાના જાતિભાઇઓને શિરે જ ઓઢાડતો. તેના આ વધતા જતા તિરસ્કારનું પરિણામ એ આવ્યું કે તેના લોહીનું એકેએક ટીપું તેના પોતાના જ જાતિભાઇઓ પ્રતિના વેરથી રંગાઇ ગયું. તેની જબાન તેમની વિરુદ્ધ જવા માંડી. તેનાં પીળચટાં દંતૂશળ હમેશાં યુદ્ધતરસ્યાં જ રહેવા લાગ્યાં. તેની નાનકડી આંખો સદા અદેખાઇભરી જ રહેવા લાગી. પેટ ભરવા કરતાં પણ લડવાની તેની ખાહેશ વધી ગઇ હતી. તેનો સ્વભાવ દાઝીલાપણાની એવી તો ટોચે પહોંચ્યો હતો કે તેના જાતિભાઇઓ જ નહિ પરંતુ સારીયે જીવસૃષ્ટિ પર પણ તેનો એટલો જ ખોફ ઊતર્યો હતો.

યુવાન વર્ગ પ્રત્યેનો તેનો ધિક્કાર તો અકથ્ય જ હતો. કોઇ મહત્ત્વાકાંક્ષી યુવાન પર નજર પડતાં જ તેનું શરીર રોષથી સળગી ઊઠતું. આવડી જિંદગીમાં કેટલાય મ્હોરતા યુવાનોનો તેણે અંત આણ્યો હતો. વર્ષો જતાં તેનું એ વેર વધતું જ ગયું. આજે આટલી હદ સુધી ઉશ્કેરાયો હોવાનું કારણ પણ એ હતું કે તેણે સાંભળેલો સલામીનો સાદ પણ કોઇ યુવાનના જ બળ અને ગૌરવની ભેરી જેવો હતો.

જેમજેમ એ સલામીનો સાદ લંબાતો ગયો તેમતેમ તેનો ઉશ્કેરાટ અને અધીરતા વધતાં ગયાં. જાણે કોઇ મહા પર્વત ફૂટી નીકળ્યો હોય તેમ તે કાદવમાંથી બહાર ઊછળ્યો. તેની સૂંઢ તો બાર હાથ ઊંચા તેના દેહથી યે સાત હાથ ઉપર ઊછળવા લાગી. લાંબું ચપટું માથું ધૂણાવતો તે ક્રોધથી કંપી ઊઠ્યો. આનંદઘેનભરી

તેની આંખોમાં હવે વેર ઝરતી લાલાશ છવાઇ ગઇ. એક ક્ષણમાં તેણે નિશ્ચય કરી લીધો અને સલામીના આવતા એ સાદ સામે યુદ્ધનું આવાહન દેતી ભયકર ગર્જના કરી તે આગળ વધ્યો. આખું જંગલ ધ્રુજી ઊઠ્યું. સર્વત્ર કોલાહલ મચી રહ્યો.

થોડેક ગયો ત્યાં અર્ધશમ્યા કોલાહલ વચ્ચે થઇ આવતો એક અવાજ અલરોણાને કાને અથડાયો. શરણાઇ જેવો એ તીણો અવાજ તેના આવાહનનો ઉત્તર જ હતો, અને તે પણ દુન્યવી ડહાપણથી અણજાણ યા બેદરકાર એવા યુવાન તરફથી જ અપાએલો. યુવાનીના મદભર્યો એ અવાજ કાને પડતાં જ જાણે પવનની પાંખે ચડ્યો હોય એટલા વેગથી તે આગળ વધ્યો. યુવાન સાથેના યુદ્ધનો આનંદ તેની નાપાક આંખોમાંથી નીતરી રહ્યો હતો.

હાથીની ઝડપ જ્યારે તે પૂરેપૂરી વાપરે છે ત્યારે કેટલી હોય છે તેની ઘણાને ખબર નહિ હોય. ક્રોધથી ગાંડો બનેલો અલરોણા પાણીના પૂરની માફક આગળ વધી રહ્યો હતો. માર્ગમાં આવતાં ઝાડવાંને મૂળ સુદ્ધાં ઊખાડી ફેંકી દેતો, કરોળીઆનાં જાળાંની જેમ ગૂંથાઇ ગએલાં આછીપાતળી વેલોનાં જાળાંમાંથી તીર સોંસરવો માર્ગ કરતો, જે ટેકરીઓ પાછળથી સલામીનો સાદ આવી રહ્યો હતો એ ટેકરીઓ પાસે તે આવી પહોંચ્યો. તેનો વેગ અહીં પણ અટકે એમ ન હતું. ટેકરીઓ ચડી જઇ પાછળની બાજુએ તે ઊતરવા લાગ્યો. તેનાં પગલાંમાં જેટલો અદ્‌ભુત વેગ હતો એટલી જ બિલાડીની સાવધતા હતી. બાર હાથ ઊંચા તેના ભારેખમ તોતીંગ ડીલને ઝીલી રાખવામાં તેના કસાએલા સ્નાયુઓ પણ કંઇ ઓછા મદદગાર ન હતા.

છેલ્લાં કેટલાંક વર્ષો થયાં તેણે જે જે યુદ્ધો કર્યાં હતાં તે દરેકમાં તેણે જય મેળવ્યો હતો. તે જય જેમજેમ મેળવતો ગયો તેમતેમ તેની જયની લાલસા પણ વધતી ગઇ. બે વીશીની અંદરનો કોઈ યુવાન તો ઘડી બે ઘડી પણ માંડ તેની પાસે ટકી શકતો. આજે તેની જયલાલસાએ વધુપડતું રૂપ પકડ્યું હતું. આજે તેણે છેલ્લો અને મક્કમ નિશ્ચય કર્યો હતો;—આખા ટોળાને હરાવી હમેશને માટે તેની સરદારી ભોગવી, પોતાની અદેખાઇની આગ બૂઝવવાનો.

સામું હાથીઓનું ટોળું પણ વ્યૂહમાં ગોઠવાઇ જઇ તેની જ રાહ જોઇ રહ્યું હતું. આહારવિહાર સર્વે અટકી ગયાં હતાં. શું થવાનું છે એ દરેક જાણી ચૂક્યો હતો. હાથીઓનો સમાજ બહુ જ કાયદાવર્તી હોય છે. એક ઊંચો ખડતલ જુવાન (જે નાયક હતો તે) ટોળાથી સારે અંતરે આગળ આવી ઊભો રહ્યો હતો. બાકીના હાથીઓએ હાથણીઓને વચમાં રાખી અર્ધચંદ્રકાર વ્યૂહ રચી લીધો હતો.

પવનને વેગે આગળ વધતા અલરોણાએ આ વ્યૂહ જોયો. પોતાની ગતિ ધીમી પાડી હળવે ડગલે તે આગળ વધ્યો. અમુક અંતરે આવી પહોંચતાં જ યુદ્ધના પ્રાથમિક ચિહ્ન તરીકે પોતાની સૂંઢ હવામાં વીંઝી. સામેના જુવાન નાયકે પણ તોપના ગોળાની ધણધણાટી ભર્યો સામો પડકાર કર્યો. તેનાં ગાત્ર ક્રોધથી કંપી રહ્યાં હતાં.

આ પડકારે અલરોણા ભાન ભૂલ્યો. હાથીઓના ગૌરવને અણછાજતી રીતે, યુદ્ધસૂચક ધ્વનિ થતાં પહેલાં જ તે સામા નાયક પર ધસી ગયો. કુંડીબંધ લડવૈયાઓનાં ગુમાન ઉતારનાર; અગિયાર હાથ લાંબા તેનાં દંતૂશળો હવામાં વીંઝાયાં. અન્ય કોઇ હોય તો તો આ ઓચિંતા હુમલાએ કરીને ધૂળ ચાટતો જ થઇ જાત. પરંતુ પેલા જુવાન નાયકે તો તરત જ પોતાની કાયા સમાલી લીધી અને બરાબર અલરોણાને કાટખૂણે આવી ઊભો રહ્યો.

હવે યુદ્ધ ખરેખરૂં જામ્યું. ભયંકર પળો પર પળો પસાર થવા લાગી. જંગલના ખરા રાજાઓનાં બળ અને સહનશક્તિના અજબ મામલાની ભયંકરમાં ભયંકર એ પળો હતી. ઊકળતા લાવારસ સમું ધગધગતું લોહી બંને યોદ્ધાઓની નસોમાં વહી રહ્યું હતું. તેમનાં વજ્રપગલાંની પછડાટોએ જમીન ધ્રુજી ઊઠતી હતી. અલરોણા યુક્તિબાજ હતો, છતાં આ જુવાન નાયક પાસે તેની કૈં કારી ફાવતી ન હતી. જેમજેમ તેની યુક્તિપ્રયુક્તિઓ નિષ્ફળ જવા લાગી તેમતેમ તેનો ક્રોધ વધતો ગયો. તેની આંખોમાંથી જાણે સાક્ષાત આગ ઝરવા લાગી.

પાંચ મિનિટ બીજી પણ પસાર થઇ ગઇ. સામા પર આંધળો હુમલો કરી તેની ગાફેલ સ્થિતિનો લાભ જેટલી રીતે લઇ શકાય તેટલી રીત અલરોણા અજમાવી ચૂક્યો હતો. પોતાનું હતું તેટલું બળ વાપરવામાં પણ તેણે કમીના નહોતી રાખી. આમ છતાં હરીફ તો અડગનો અડગ જ હતો. વિજયનાં તેનાં સોનેરી સ્વપ્નાં સરી પડતાં લાગ્યાં. આખી જિંદગીમાં આજે

પહેલી જ વાર તેને લાગ્યું કે તેની શક્તિ ને કુશળતામાં ઓટ આવી છે, તે વૃદ્ધત્વની સીમાએ પહોંચ્યો છે.

દ્વંદ્વયુદ્ધ ચાલુ જ હતું. સામા ટોળામાં ઉશ્કેરાટ હોવા છતાં અજબ શાંતિ જળવાઈ હતી. એક કલાક વીતવા આવ્યો હોવા છતાં હવામાં વીંઝાતી એ સૂંઢો હજુ શાંત નહોતી થઇ.

ખૂબ લાંબો જણાતો બીજો કલાક પણ પસાર થઈ ગયો. જખમોથી બંનેનાં શરીરો વીંધાયાં હતાં, છતાં બંનેમાં એટલો જ ઉશ્કેરાટ કાયમ હતો. કોણ હાર્યું ને કોણ જીત્યું એ હજુ સુધી નિશ્ચિત નહોતું થયું.

ત્રીજો કલાક પૂરો થવા આવ્યો. એ જ રીતે બીજા પણ છ કલાક વીતી ગયા! સૂરજનાં કિરણો ટેકરીઓ પાછળ લપાયાં અને સંધ્યારંગી રજ હવામાં ઊડવા લાગી. પણ યુદ્ધનો જયકળશ હજી સુધી પણ કોઇના પર ઢોળાયો નહોતો.

પરંતુ હવે અંત બહુ દૂર ન હતો. અલરોબા હવે વારંવાર ગાફેલ બની જતો હતો. તેનું સઘળું બળ–સઘળી તરકીબો તે વાપરી ચૂકયો હતો. હવે? એ 'હવે'ના વિચારો તેને મૂંઝવી રહ્યા હતા. તેની આ સ્થિતિનો લાભ લઇ, તક સાધી સામા હરીફે એવો તો હુમલો કર્યો કે તે સ્થાન ચૂકી ગયો અને ભારેખમ ડીલને સમતોલ રાખવા અસમર્થ બનતાં જમીન પર ઢળી પડયો.

સામું ટોળું આનંદમાં ગર્જી ઊઠયું. નાયકે હજુ એ ટોળા ભણી પીઠ ફેરવી ત્યાં તો અલરોબાએ ખડા થઈ જઇ ફરી તેના પર હુમલો કર્યો. કાયદા વિરુદ્ધના આ હીચકારા હુમલાથી નાયકના રોમેરોમ ઝાળ વ્યાપી ગઇ. ટોળામાંથી પણ ક્રોધના ફુત્કારો સંભળાવા લાગ્યા. બંને હરીફો ફરી યુદ્ધે ચડયા. અલરોબાના લથડતા પગો વિજય તેનો ન હોવાની ખાત્રી આપતા હતા. થોડી વારમાં જ વેદનાભરી એક ચીસ સાથે તે જમીન પર ઢળી પડયો. હરીફ નાયકે વિજયસૂચક ધ્વનિ કર્યો; આખા ટોળાએ તેને વધાવી લીધો.

અલરોબા જમીન પર જ પડયો હતો. તેનું નીચલું જડબું તથા આસપાસનો કેટલોક ભાગ ચીરાઇ ગયો હતો, અને તેમાંથી ધોધમાર લોહી વહી રહ્યું હતું. થોડે જ દૂર તૂટી ગએલા દંતૂશળનો સાત હાથ લાંબો એક ટુકડો પડયો હતો. થોડીવારે તે ઊઠયો ને પરાજયના શ્વાસ લેતો નીચા મૂડીએ ને લથડતી ચાલે તે ચાલી નીકળ્યો. કોઇએ તેને સતાવ્યો નહિ.

ઝાકળભીના જંગલ વચ્ચે થઈ એક નાનીમરખી ગુફામાં તે આવી પહોંચ્યો. ગુફામાં ભેજ ઘણો હતો. તેનો ઘા બળવા લાગ્યો. પણ ઘાની એ બળતરા કરતાં વધુ બળતરા તો તેના દિલમાં એક મ્હોરના જુવાનિયાને હાથે હાર્યો તેની થતી હતી. સલામીનો સાદ હવે તો પહેલાંના કરતાં પણ બુલંદ અવાજે, ગુફાની દિવાલો ભેદી તેને કાને અથડાઇ રહ્યો હતો.

પરંતુ હવે તેને કશી જાતની તમન્ના રહી ન હતી. તેની સર્વે આશાઓ સૂકાઇ ગઇ હતી. મૃત્યુ તેને સાદ દેતું હતું. ગુફાના ગાઢ અંધકારમાંથી માર્ગ કરતાં તેને લાગ્યું કે તેના જખમો કારી હતા ને તે બચવાનો નથી. શાથી અને કેવી રીતે તે તો કોણ જાણે, પણ પોતાના મોતની તેણે આગાહી કરી લીધી હતી.

હળવે ડગલે તેણે ગુફા છોડી. ઝીણોસરખો સૂર હવે તેને કાને અથડાવા લાગ્યો. કબ્રસ્તાનમાં છેલ્લા શ્વાસ લેતા હાથીઓનો વેદનાભરપૂર એ સૂર હતો. એંશી વર્ષથી એકલવાયું જીવન જીવતા અલરોબાને માહિતી ન હતી કે એ કબ્રસ્તાન કયાં આવ્યું. પરંતુ તેમનું એક કબ્રસ્તાન છે અને ત્યાં સિવાય અન્ય કશે દેહ ન પડવો જોઇએ એટલી તો તેને પણ ખબર હતી.

હાથીઓની બુદ્ધિની પ્રતીતિ આપતું તેમનું એ અંતિમ સ્થળ મનુષ્ય કે અન્ય પ્રાણીઓથી એટલું તો ગુપ્ત અને અગમ્ય રાખવામાં આવ્યું છે કે એ અગમ્યતાને ભેદી ત્યાં પહોચવું એ અશકય જ છે. મૃત્યુની પ્રાથમિક નિશાનીઓ જણાતાં જ દરેક હાથી એ કબ્રસ્તાનમાં પહોંચી જાય છે. કુદરતી કારણે મરણ પામેલા એકે હાથીના અવશેષો શા માટે કયાં યે હાથ નથી લાગતા તેનું એ એક મહાન કારણ છે. એ સ્થળ શોધી કાઢવાના અનેક પ્રયાસો અનેક સાહસિકોએ આજ દિન સુધીમાં કર્યા છે પરંતુ જાનફેસાની સિવાય બીજું કશું તેમને નથી સાંપડયું.

અલરોબાનું દર્દ હવે વધવા માંડયું. કબ્રસ્તાનથી તે બીનમાહિતગાર હતો. રાહ લાંબો હતો, સમય થોડો હતો. આથી તે ઝીણા આવતા સૂરની દિશાએ કિલિમાંજારોની જંગલી પર્વતમાળ ભણી આગળ વધ્યો.

નીલ મૅકેસ્ટન આજ બે દિવસ થયાં એ પ્રદેશમાં સફરી છાવણી નાખી પડયો હતો. તે હાથીદાંતો માટે

હાથીઓ પાછળ ઘૂમનારો હતો. એ પ્રવૃત્તિને લીધે હાથીઓના સ્વભાવ ને ક્રીતરસમોથી તે ઘણે અંશે માહિતગાર હતો. વીસ વર્ષ થયાં આફ્રિકામાં જ તેનો મુકામ હતો. યુદ્ધની સવારે તેણે અલરોબાને ખુન્નસભર્યો વેગથી જતો દૂરથી જોઇ લીધો હતો, અને તેના વિષે જે કાંઇ સાંભળ્યું હતું તે પરથી પરિણામની ગંભીરતા પણ તેણે કલ્પી લીધી હતી.

હવે બીજા હાથીઓ પાછળ પડવાનું છોડી દઇ, પોતાના સાથીઓને જાણ કરવા પણ રહ્યા વિના તે સીધો અલરોબા પાછળ પડ્યો. આમ પીછો પકડવાનું કારણ દેખીતું હતું. તેણે તો શું પણ સારી યે માનવજાત કે પશુસમાજે ન જોએલું કે જાણેલું એવું હાથીઓનું કબ્રસ્તાન જોવાની તેને આકાંક્ષા પ્રગટી હતી. સાહસથી ઓતપ્રોત અલરોબા સિવાય બીજું કોણ તેની એ આકાંક્ષા પૂરી પાડી શકે એમ હતું?

દૂર દૂર રહેતો ને અલરોબાને નજરમાં રાખતો તેની સાથોસાથ જ તે આગળ વધી રહ્યો હતો. ટોળું સોએક વાર રહેતાં તે અટક્યો અને પાસેના એક ઝાડ પર ચઢી ગયો. જે દૃશ્ય જોવાનું ભાગ્યે જ કોઇના ભાગ્યમાં હોય છે, એવી હાથીઓની ખરેખરી સાઠમારી મૅકેસ્ટન આજે જોઇ રહ્યો હતો. પરંતુ એ જોવા પૂરતી જ તેની ઉમેદ ન હતી. તેની ખરી ઉમેદ તો એ યુદ્ધનો અંત જોવાની હતી. જેમજેમ અંધારૂં વધતું ગયું તેમતેમ તેની અધીરાઇ વધતી ગઇ. છેવટે અંધારૂં એટલું તો વધી ગયું કે તેનું દૂરબીન પણ નકામું થઇ પડ્યું.


આખરે જીતનો જયનાદ તેને કાને પડ્યો. જે પળની તેણે કલ્પનાઓ સેવી હતી તે હવે ખરે જ આવી પહોંચી હતી. થોડીવારે દૂર જતાં ભારે પગલાં અને કચડાતી-ભંગાતી ડાળખીઓના અવાજ સાંભળી તે સડસડાટ નીચે ઊતર્યો.

યુદ્ધની જગ્યાએ તે આવી પહોંચ્યો, પરંતુ મેદાન સફાચટ હતું. ટોળું ચાલ્યું ગયું હતું અને અલરોબા પણ અદૃશ્ય થયો હતો. ખૂંદાયેલી જગ્યાનું નિરીક્ષણ કરતો તે ઊભો. ઊગતા ચંદ્રના ઝાંખા અજવાળામાં તેણે જોયું કે જમીન લોહીભીની હતી. લોહી તાજું છે એવી તેણે સૂંઘીને ખાત્રી કરી જોઈ. પરંતુ પ્હો ફાટ્યા પહેલાં હવે કંઇ થઇ શકે એમ હતું નહિ, એટલે સ્થાનચૂક થવાથી રખેને હાથ આવેલી તક એળે જાય એ બીકે તેણે ત્યાં જ કામચલાઉ છાવણી નાખી દીધી.

ભળભાંખળું થતાં તે ઊઠ્યો અને બાજુએથી જે એકલવાયું પગેરૂં જતું હતું તેની સોંતમાં તે આગળ વધ્યો. આખો રસ્તો લોહીખરડ્યો હતો. એટલે તેને ઝાઝી મુશ્કેલી પડી નહિ અને તે ઝડપભેર આગળ વધ્યો. થોડેક ચાલતાં જ તેણે અલરોબાને જતો જોયો. પગલાં તો જંગલના અંતર્ભાગમાં જાય છે અને અલરોબા અહીં ક્યાં? આનું કારણ કલ્પવાની તેણે જરૂર ન જોઈ. તેની દૃષ્ટિએ અલરોબા પડ્યો એ જ તેને મન ગનીમત હતું. અલરોબાનો પવન જેવો વેગ અત્યારે તદ્દન ઓસરી ગયો હતો. તેની ધીમી લથડતી ચાલ જોઇ મૅકેસ્ટનને ખાત્રી થઈ ચૂકી કે તેની ઉમેદ બર આવવાને હવે ઝાઝો સમય રાહ નહિ જોવી પડે. તેની નાડીઓ હવે જોરથી ધબકવા લાગી. તેની નજર અલરોબા પર ચોંટી રહી.

તેઓ જંગલ વટાવી ગયા. પ્રદેશ ધીમેધીમે ઉજ્જડ થતો ગયો; અને પછી તો પ્રદેશ તદ્દન રણ જેવો જ આવ્યો. દક્ષિણની બાણેથી કિલિમાંજારોની હારમાળા સુધી અને ત્યાંથી આફ્રિકાના અંતર્ભાગ સુધી જે સૂકી પટી ફેલાએલી છે તેનો જ એ ભાગ હતો. લૂમાં બળતો ઝળતો મૅકેસ્ટન પસાર થઇ રહ્યો હતો. પણ એની તેને પરવા નહોતી. લૂની જેમ જ એક પ્રશ્ન અત્યારે તેનું મન બાળી રહ્યો હતો: 'આવી વેરાનતામાંથી પણ આ હાથી આવી અંતકાળની સ્થિતિમાં શા માટે માર્ગ કરી રહ્યો છે? પાણીનો છેલ્લો જથો પણ તેણે મૂકી દીધો છે. શું તેમનું કહેવાતુ કબ્રસ્તાન આ જ હશે?! પાણી વિના રીબાઈ રણમાં ગમે ત્યાં મરી જવું તે?' ... ના, ના; એમ તો તદ્દન નહિ જ હોય. નહિતર માણસજાતથી અજાણ્યુ એવાં ગીચ ને હરિયાળાં જંગલોમાં તે કાં ન મરે? એ:, જે હશે તે જોયું જશે! આવા અનેક સંકલ્પ-વિકલ્પ કરતો તે હાથી પાછળ ચાલ્યો જતો હતો.

બપોર નમતાં સુધીમાં તો રણની એ પટી ઓળંગાઇ ગઇ. હવે ધીમેધીમે પટ ડુંગરાઉ થતો જતો હતો. ક્યાં યે પણ અટક્યા વિના હાથીએ તો ચાલ્યે જ રાખ્યું. મૅકેસ્ટન પણ તેની પાછળ યંત્રવત્ ચાલી રહ્યો હતો. સાંજ પડવા આવતાં તેઓ એવે સ્થાને પહોંચ્યા કે જ્યાં નજર નાખે ત્યાં કરાડો, ખીણો ને બુઠ્ઠા ખડકો સિવાય કશું જોવામાં આવતું ન હતું. આસપાસની


દ્વંદ્વયુદ્ધ ચાલુ જ હતું

જગ્યાથી પરિચિત થવા તેણે દૂરબીન ચડાવ્યું; પરંતુ સઘળે અપરિચિતતા જ હતી. બધી દિશાઓ તેને એકસરખી જ ભાસતી હતી.

સૂરજનું છેલ્લું કિરણ આથમ્યું અને જગત પર અંધારાં ઊતરવા લાગ્યાં ત્યારે તે એક ઊંચી ટેકરી પર પહોંચી ગયો હતો. તેણે દૂરબીન માંડી જોયું તો એ ટેકરી સળંગ ગિરિમાળાનો જ એક આગળ વધી આવેલો ભાગ હતો. આસપાસની નીરવતામાં તેને ભવિષ્યના ભયનો કંઈક ભાસ થવા લાગ્યો. પરંતુ આટલે આવ્યા પછી પાછો જવા માટે તો તે હરગીઝ તૈયાર નહોતો.

પૂર્વની ટેકરીઓ પાછળથી શીળો ચંદ્ર ઊગ્યો અને આસપાસનો પ્રદેશ રમ્ય રૂપેરીથી રસાઇ ગયો. મનુષ્યની સહનશક્તિ વધુમાં વધુ ખમી શકે એટલું મૅક્સ્ટને સહન કર્યું હતું. હવે તેનામાં આગળ વધવાની હામ નહોતી રહી. તેના શરીરના સાંધેસાંધા કળતા હતા. ગળું પાણી વિના સૂકાતું હતું. તેણે પાણીનો ચંબુ ઉપાડ્યો અને અંદર હતું એટલું બધું પાણી પી ગયો છતાં તેને તૃપ્તિ વળી નહિ. તેની આંખોમાં તેજની કંઇક છાયા આવી. હાથીને દૂર ને દૂર જતો તે નિહાળી રહ્યો. પરંતુ હવે તેની પાછળ ન પડતાં ઍંગને ઓશીકે મૂકીને તે સૂઇ રહ્યો. થોડી વારમા તો તેનાં નસ્કોરાં બોલવા લાગ્યાં.

સૂર્યનાં ફૂટતાં કિરણો મોં પર પડતાં જ તે જાગી ઊઠ્યો. તેનામાં હવે થોડીઘણી સ્ફૂર્તિ આવી હતી. હાથીનાં પગલાં જોતો તે આગળ વધ્યો. સોએક વાર ચાલતાં જ તેના કાને કંઈક અવાજ આવ્યો. પહાડમાંથી નિઝરતા ઝરણાનો એ કલકલ અવાજ હતો. આનંદની કિકિયારી સાથે એ અવાજની દિશામાં તે દોડી ગયો. સ્વચ્છ પાણીનું નાનુંસરખું ઝરણું એકલનાદે વહી રહ્યું હતું. જાણે હમેશનો ધરવ ન કરી લેતો હોય એમ ખોબા પર ખોબા તે પાણી ઢીચવા મંડ્યો. તડકાથી ભૂંજાઇ ગએલું મોઢું તેણે ધોયું, તાળવે પાણી છાંટ્યું અને કૉલર ભીંજાવી લીધો. પછી ચંબુ ભરી લઇ, પહેલાંની પેઠે એ જ અલરોબાને પગલે તે આગળ વધ્યો.

હરણાંનાં માથાં ફાડી નાખે એવો ઘામ ધખતો

હતા. જમીનમાંથી અગ્નિની શિખાઓ પેઠે નીકળતી વરાળ કાયા જલાવી રહી હતી. માત્ર એક જ આકાંક્ષાને માટે મૅકેસ્ટન આ બધું સહન કરી રહ્યો હતો, અને એ આકાંક્ષા મૂર્તિમંત કરતી હોય એવી કેટલીક વિચિત્ર ને કુતૂહલભરી ટેકરીઓ હવે તેની નજરે પડી. આગળ વધતાં તેણે જોયું કે એવી ટેકરીઓની એક પાછળ બીજી એમ કેટલી યે હારો આવી રહેલી છે. છૂટીછવાઇ સાંભળેલી દંતકથાઓ પરથી તેણે નિશ્ચય બાંધી લીધો કે હાથીઓનું કબ્રસ્તાન એ ટેકરીઓને જ વચગાળે હોવું જોઇએ. સામેના ખડક પાછળ થઇને જતી કેડી સિવાય ત્યાં પહોંચવાનો બીજો કોઇ માર્ગ ન જણાતાં તે જ માર્ગે તે આગળ વધ્યો. ખડક વટાવતાં જ એક ગુફા પાસે તે આવી પહોંચ્યો. 'પેલા હાથીઓના કબ્રસ્તાન પાસે તો આ ગુફા નહિ ફૂટતી હોય ને?' આ મુદ્દો મનમાં ઊઠતાં જ તેણે ગુફામાં પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો. એક વખત તેણે નિશ્ચય કર્યો, પછી તે ફરે એ અસંભવિત હતું. અંધારૂં વધતું જતું હતું. તરત જ ઝોળમાંથી કાકડો કાઢી તેણે સળગાવ્યો અને ગુફામાં આગળ વધ્યો. ગુફા ઘેરાવાવાળી હતી. ભીંતોએ બાઝેલું સુકું લોહી જોતાં, છેવટની સ્થિતિએ પહોંચેલા હાથીઓ બેભાનપણે પસાર થતાં દિવાલોની આગળ વધી આવેલી અણીઓમાં ભચડાયા હોવાની તેને પ્રતીતિ થઇ. તાજા લોહીનાં પણ કેટલાંક છાંટણાં ત્યાં હતા.

આખરે ગુફાનો છેડો આવ્યો. પરસેવો લુછી મૅકેસ્ટને છૂટકારાનો એક દમ ખેંચ્યો. જરાક સ્વસ્થ થતાં તેની નજર સામેની ખીણ તરફ ગઇ. 'આ ખીણમાં યા તો તેના છેડાની નજીકે જ કબ્રસ્તાન હોવું જોઇએ.' ખીણમાંથી આવતા સફેદ ચળકાટે તેના એ તર્કને પુષ્ટિ આપી. તેણે નિશ્ચયમાં દાંત બીડ્યા અને આગળ વધ્યો. ધારેલા વિજયે તેની છાતીના ધબકારા વધ્યે જતા હતા. તેણે જોયું કે હાથીઓ સિવાયની અન્ય પ્રાણીજાતનું ત્યાં પગલું સરખું પણ ન હતું. સાંભળેલી દંતકથાઓને નજરે જોનાર પોતે પ્રથમ જ છે, એટલું જ નહિ પરંતુ જગતને તેની જાણ કરનાર અને સૌથી પ્રથમ તેનો લાભ ઉઠાવનાર પણ પોતે જ છે એ વિચારે તેનું હૈયું આનંદમાં નાચી રહ્યું હતું. હજુ માની લીધેલી શોધનાં પ્રત્યક્ષ દર્શન થયા પહેલાં જ મૅકેસ્ટનનું મગજ આ વિચારોથી ઊભરાઇ ગયું.

ખીણનું તળિયું એટલું તો સાંકડું હતું કે આવા કાળા બપોરે પણ તેમાં પૂરતું અજવાળું માંડ આવી શકતું હતું. ઠરી ગએલા લાવારસનો પથરાઓથી ભરેલો એનો કેટલોક માર્ગ ઓળંગતાં જ જે દૃશ્ય મૅકેસ્ટનની દૃષ્ટિએ પડ્યું તે ઘડીભર તો તેની સગી આંખો પણ માનવા ન લલચાઇ. આટલી વારમાં જ આવું પરિણામ આવશે એની તેને કલ્પના સુદ્ધાં નહોતી આવી. ધોળાધોળાં હાડપિંજરો અને પીળચટા હાથીદાંતોનો તો જાણે મહાસાગર જ હોય ને? જ્યાં નજર નાખે ત્યાં બસ હાથીદાંતો જ. એટલા બધા હાથીદાંત ત્યાં વેર્યા પડ્યા હતા કે તેની નજર તેને ઓળંગી પણ શકતી ન હતી. કંઇ અસંખ્ય વર્ષો જૂના હાથીદાંતોનો અખૂટ ભંડાર ત્યાં સચવાએલો પડ્યો હતો.

મૅકેસ્ટનને મન તો જાણે સ્વર્ગ જ આ ખીણમાં ઊતર્યું હોય એમ તેના ચહેરા પરથી પલટાતા રંગો પ્રતીતિ આપતા હતા. તે એવે સ્થાને આવી પહોંચ્યો હતો કે જ્યા હાથીઓની વંશાવલિઓની વંશાવલિઓ અકથ્ય એટલા કાળથી ગરક થઇ જતી હતા; જ્યાની વાતોને માત્ર દંતકથાઓ પુરતું જ મહત્ત્વ અપાતું; જે શોધવા માટે હાથીઓને પકડનારો દરેક મહત્ત્વાકાંક્ષી સ્વપ્નાં સેવતો;—એ જ સ્થળે તે આખરે આવી પહોંચ્યો હતો. જિંદગીભરની તપશ્ચર્યા આજે ફળી હોય એમ તેને લાગ્યું. સૂર્યના તેજનિધિને કે જગપાથરી હવાને માપી શકાય તો હાથીદાંતના એ મહાસાગરને માપી શકાય! અને એ બધું માત્ર પોતાનું જ છે એ વિચારે તો મૅકેસ્ટનને કંઇનું કંઇ થઇ જતું હતું..

ઉત્સાહની અકથ્ય લાગણીઓથી ખીણનો એકેએક ખૂણો તે નિહાળવા લાગ્યો. ઘડી પહેલાંના તેની નિસ્તેજ આંખોમા અવર્ણનીય તેજ આવી ગયુંહતુ. એવુંતેજ તો અચાનક હાથ ચડેલા ગુપ્ત ભંડારો જ માત્ર ભરી શકે!

ખીણમાં બાફ પુષ્કળ હતો. જીવજંતુઓનો ત્રાસ પણ એટલો જ હતો. છતાં મૅકેસ્ટન તો હાથીઓનાં હાડપિંજરો–પાંસળીઓના કમાનો, પગનાં રાક્ષસીહાડકા અને ભયંકર ખોપરીઓ પર થઇ આગળ વધી રહ્યો હતો;—કુતૂહલથી યા તો તેનો લાભ પારસીમાએ પહોંચ્યો હોય એથી!

ખીણનો પટ ક્રમેક્રમે વિશાળ થતો જતો હતો. તેની આશા પણ એટલું જ વિશાળ રૂપ લેતી જ

હતી. થોડી વારમાં જ એક ચીસ તેને કાને પડી. તે સાવચેત બન્યો, કારણકે તે બહુ દૂરની ન હતી. આટલે આવવામાં પોતે સાહસ ખેડયું હતું એમ હવે તેને લાગવા માંડયું. પણ હવે શું થાય ? જે બને તે શાંત ચિત્તે જોયા કરવાનો તેણે નિશ્ચય કર્યો. ઝાંખા અજવાળામાં એક ઓળો તેણે આગળવધતો જોયો. હાડકાની કડેડાટી બોલી રહી હતી. કોઈ રાક્ષસી કદના આક્રમણે જમીન પૃષ્ઠ ઊઠી હતી. હવામાં પણ ધ્રૂજારી હતી.

ભયમાં ને ભયમાં ખોપરી પર ટેકવેલો તેનો પગ લપસી પડયો અને તે પટકાયો. એ જ પળે તેણે જોયું કે દંતુશળ ભાંગેલો અલરોબા જ એ ખીણના ખૂણેખૂણા સૂંઘતો કબ્રસ્તાનના અજાણ્યા પ્રવેશકને શોધી રહ્યો હતો. કોઇ પણ પ્રકારે તે કબ્રસ્તાનમાં આવી પહોંચ્યો હતો અને અત્યાર સુધી મૃત્યુની રાહ જોતો હાડકાંમાં પડયો રહ્યો હતો. પડેલાં ઝાડ કે મરેલા માનવીની પેઠે માટીમાં મળી જવાની છેલ્લી આકાંક્ષા જ તેને રહી હતી અને તેની એ આકાંક્ષા પૂર્ણ કરનારી પળ નજીક આવતી જતી હતી. તે ગમે તેટલો ખરાબ હતો, છતાં તેના સ્વભાવમાં એક પ્રકારની એવી અમીરતા ભરી હતી કે જે માણસજાતમાં ભાગ્યે જ દેખા દે છે. મૃત્યુ તેની આંખોને ઘેરી વળતું હતું. છતાં જ્યારે તેણે જોયું કે એક મનુષ્ય તેમનું કબ્રસ્તાન નચિંતપણે ખૂંદી રહ્યો છે ત્યારે તેનો ક્રોધાગ્નિ પ્રજ્વળી ઊઠયો. ખુદ મૃત્યુને પણ ઘડીભર થંભાવી ફૂંફાડા મારતો તે પગભર થયો. બચપણમાંથી જ હાથીઓના મગજમાં જે વાત હાંસીહાંસીને ભરવામાં આવે છે તે પ્રમાણે તે જાણતો હતો કે તેમનું કબ્રસ્તાન તેઃ અગમ્ય જ રહેવું જોઇએ. પૂર્વજોનાં અસ્થિઓ એક મનુષ્યને પગલે કચડાતાં તે જોઇ રહે એ અસંભવિત હતું.

મૅકસ્ટન પડી ગયો હતો, અને એ પડી જવાને લીધે જ પોતાના થતા શીઘ્ર નાશમાંથી તે બચી શકયો હતો. હાથીએ ક્રોધની કીકિયારીઓથી ખીણ ગજવી મૂકી. તેની સૂંઢ શિકાર શોધતી અળોટાવા લાગી. તેની આંખોમાંથી દાનવતા ઝરી રહી હતી. પાંસળીઓની કમાનમાં અટવાએલા મૅકસ્ટને જોઇ લીધું કે જમદૂત જેવો એ હાથી હવે કલાક કરતાં વધુ જીવી શકે એમ ન હતું. પરંતુ હવે પસાર થતી એક પળ પણ તેને યુગ સમાન લાગતી હતી. હજુ તેણે મગજનું સમતોલપણું ગુમાવ્યું ન હતું. મોત સાથે આમ સંતાકૂકડી રમવાનું તેને યોગ્ય ન લાગ્યું. થોડે જ દૂર પડેલી પોતાની રાઇફલ તેણે સેરવી લીધી. હાથી ત્રીસ જ ફૂટના અંતરે આવી લાગ્યો હતો. ભય ત્યજી હાડકાંના ગંજ નીચેથી તે બહાર નીકળ્યો અને નેમ લઇને બરાબર તેના કપાળ સોંસરવી એક ગોળી હાથીને મારી. કંઇ જ અસર ન થઇ! તેનું મગજ હવે ભમવા લાગ્યું. હાથી તો આગળ વધ્યે જ જતો હતો!

મૅકસ્ટને આ જોયું અને તેનું લોહી થીજી ગયું. જિંદગી બચાવવા ગાંડાની પેઠે તેણે દોટ મૂકી. બૅગ ઉપાડી લેવાની પણ પરવા ન કરતાં રાઇફલ સમાલી તે દોડયો. તેની પાછળ ગુસ્સામાં પૂંછડી મરડતો અલરોબા દોડયો. પૂર્વે કદી ન આવેલી એવી આગઝરતી લાલાશ તેની આંખોમાં આવી ગઈ.

મોતની રમત રમાવા માંડી. ખીણમાં અંધારું પથરાતું જતું હતું. અહીંતહીંનાં આકારોમાં યા તો પહેલાંની જેમ હાડકાંના ગંજમાં લપાઇ જવાનું મૅકસ્ટન કરતો, પણ હાથીની આંખે ઝડપાયા વિના ન રહી શકતો. એ રાક્ષસ થંભી જાય એ માટે, પોતાના અન્ય સાથીઓને બોલાવવાની 'એહાઇ'' એહાઇ'ની હાથીઓને પરિચિત એવી બૂમો તેણે પાડી જોઈ. પરંતુ અલરોબા આખી જિંદગીમાં કયાં કોઇથી ડર્યો હતો કે આજે આવે વખતે ડરે ? લોહીના બુંદ સગી બનેલી તેની આંખોમાંથી દયાહીનતા સરી રહી હતી.

દોડભાગ કરતાં પોતાની અને હાથીની વચ્ચે વીસ ફૂટનું અંતર રહ્યું ત્યારે મૅકસ્ટને ફરી ગોળી મારવાનો વિચાર કર્યો. તે કર્યો. નિશાન તાકયું. ગોળી વાગતાં જ હાથી ઘૂંટણભર પડી ગયો. ઠંડા હૈયાની એક હાશ મૅકસ્ટનના મોંમાંથી સરી પડી. પરંતુ ઓહ ! હાથી તો બીજી જ પળે ખડો થઇ જઇ તેના પર ધસ્યો.

તે વધુ આગળ વધે તે પહેલાં જ બાકી રહેલા એક કારતુસનો છેલ્લો ઘા કરી લેવાનો તેણે નિશ્ચય કર્યો. આ ઘાએ તે પૂરો થઇ જાય એમ હતું, કારણકે પહેલાંના ઘા વડે તેની શક્તિ હરાઇ ગઇ હતી. તેણે છેલ્લો ઘા કર્યો. પણ આ કિસ્મત ! હાથી તો આગળનો આગળ જ વધ્યે રહ્યો ! મૅકસ્ટને હવે બેબાકળા બની ચારે તરફ રક્ષણ શોધવા માંડયું. પાસે જ એક સાંકડી ગુફા જોતાં, જો તે ઊંડી હોય તો હાથી મરતાં સુધી ત્યાં

જ છુપાઈ બેસવાનો તેણે નિશ્ચય કર્યો અને એ ગુફામાં તે ભરાઈ ગયો. તરત જ હાથીની લીસી સૂંઢ મૅકસ્ટનનું ગળું પીસવા ગુફામાં લંબાવા લાગી. પણ આટલાં સાંકડાં ગુફામાં તે પ્રવેશી શકે એમ નહોતું. લોહીને થીજવતી દેતી પળનો અનુભવ મૅકસ્ટનને થયો અલરોબાના મૃત્યુના ઉચ્છ્વાસ હવે નીકળતા હતા. તે સાથે ગળામાંથી એક જાતનો તીણો સાદ તેણે કાઢ્યો. જાતિભાઈઓના જીવન-ભરના વેરને વિસારી તેમની મદદ યાચતો એ સાદ હતો. વેરાનતાને ભેદી માઈલો સુધી તે પહોંચી વળ્યો.

થોડી જ વારે છેલ્લાં મૃત્યુશ્વાસ સાથે અલરોબાનું છ ટનનું શરીર જમીન પર પટકાયું. પોતાના કબ્રસ્તા-નમાં પ્રવેશ કરનાર નાપાક માનવની ત્રણ જાતભાઈ-ઓને કરી દેવાનો સંતોષ તેના ચહેરા પર તરવરતો હતો.

અલરોબા મૃત્યુ પામ્યો; મૅકસ્ટનનો ભય દૂર થયો: પરંતુ અલરોબાના સાદે બીજા હાથીઓ દોડ્યા આવે તો? એ ભયની કલ્પના જ તેને ભયંકર ભાસી. તે બહાર નીકળીને આડુંઅવળું જોયા વિના ચાલતો જ થયો. કરોડોનાં દામ પાથર્યાં હતાં, પરંતુ એ પ્રત્યે નજર સરખી પણ નાખ્યા વિના તે ચાલતો થયો.

નીલ મૅકસ્ટન હવે હાથી પકડતો નથી. તે માને છે કે તેઓમાં મનુષ્ય કરતાં યે કંઈક વધુ દિવ્યતા વસી છે. જંગલના એ સાચા સમ્રાટો સૌકોઈના આદરપાત્ર છે, અને એથી પણ આદરણીય તેમનું કબ્રસ્તાન છે. સૌ-કોઈને તે એ સમજાવીને પોતાનો અનુભવ જણાવે છે; સૌકોઈ તેની વાતોને ગપ માને છે. પણ મૅકસ્ટન પોતાની સચ્ચાઈ પૂરવાર કરી બતાવવા તૈયાર નથી. ભવિષ્યમાં પણ તે હજી દંતકથા જ રહેવાની.

(અંગ્રેજી ઉપરથી) **અશોક હર્ષ**

અરુણનું અદ્ભુત સ્વપ્ન

મા પાસે હું દરરોજ એક વાર્તા તો કહેવડાવું જ. ગઈ કાલે વાત સાંભળી સૂતા પછી એક એવું સ્વપ્નું આવ્યું કે ન પૂછો વાત! માએ કહેલી વાર્તા તો હતી જૂની પુરાણમાંની, ને ગણેશની ચતુરાઈ વિષેની.

ગણેશ અને કાર્તિકસ્વામી બંને શંકર-પાર્વતીના પુત્રો. બંને ભાઈઓને સિદ્ધિ અને બુદ્ધિ નામની બે કન્યાઓ સાથે પરણવાનું બહુ જ મન. બંનેએ તે માટે લડવા માંડયું. કાર્તિકસ્વામી કહે કે હું મોટો, માટે હું પરણું; અને ગણપતિજી કહે કે સિદ્ધિ–બુદ્ધિને હું વધારે ગમું છું માટે હું પરણું! અંતે આ તકરારનો ચુકાદો કરવા બંને જણ શંકર-પાર્વતી પાસે ગયા. માબાપને મન તો બધાં છોકરાં સરખાં, એટલે શો ચુકાદો આપવો તે કોઈને સૂઝે નહિ. આખરે નક્કી કર્યું કે જે પૃથ્વીની પહેલી પ્રદક્ષિણા ફરી આવે તે સિદ્ધિ–બુદ્ધિને વરે. કાર્તિકસ્વામી તો આ સાંભળી ખૂબ જ ખુશ થયા. એમનું વાહન તો મોર, અને તે પણ પવનવેગી. ગણેશ-ના ઉંદરડાને તો ક્યાંનો ક્યાં પાછળ પાડી નાખે! એટલે કાર્તિકસ્વામી તો તરત મોર પર સવાર થઈ ગયા અને એવા ઊડ્યા, એવા ઊડ્યા કે થોડી વારમાં જ અદૃશ્ય થઈ ગયા. ગણપતિજી તો બાપડા શોકાતુર થઈને ઘેર ગયા. એક તો મોટી દુંદ વાળું ભારે શરીર, અને બીજું ઉંદરની ગતિ મોરની ગતિ આગળ તો કંઈ હિસાબમાં જ નહિ. એટલે આ શરતમાં કાર્તિકસ્વામીને હરાવાય જ શી રીતે? પણ શંકરકૃપાથી એમને હાથીનું માથું મળ્યું હતું, એટલે એ મોટા ગજમસ્તકમાં એમના મ-ગજને વધવાનો અવકાશ સારો મળ્યો હતો! આખી રાત એ મસ્તકમાં અનેક વિચારો એમણે ઘોળ્યા કર્યા, અને સવાર પડતાં એક યુક્તિ પણ સૂઝી આવી. એ તો નાહી ધોઈ, પવિત્ર થઈ, ઉંદર પર સવાર થઈ માત-પિતાને મંદિરે ગયા. ત્યાં તેમની પૂજા કરી, પ્રદક્ષિણા ફરી પગે લાગ્યા ને હાથ જોડી બોલ્યા: 'મને હવે સિદ્ધિ–બુદ્ધિ આપો.' શંકરે પૂછ્યું: 'પૃથ્વીની પ્રદક્ષિણા ક્યાં ફરી આવ્યો છે?' ગણપતિએ હાથ જોડી ખૂબ નમ્રતા-પૂર્વક જવાબ આપ્યો કે 'ભગવન્! મારે મન તો મારાં માતાપિતા એ જ પૃથ્વી છે; હું બીજી પૃથ્વીને ઓળ-ખતો નથી.' આ જવાબથી ભોળા શંભુ તો ખુશખુશ થઈ ગયા અને તરત ને તરત સિદ્ધિ–બુદ્ધિને બોલાવી ગણેશ સાથે લગ્ન કરી દીધાં.

એક અઠવાડિયામાં—કદાચ વહેલા પણ હોય—કાર્તિકસ્વામી ખૂબ ઝડપથી પૃથ્વીની આસપાસ ફરી કૈલાસ આવી પહોંચ્યા, અને આવતાંની સાથે જ માતા-પિતાને મંદિરે દોડ્યા. ત્યાં તો એમણે ગણેશના લગ્નની

વાત સાંભળી અને તે શા રીતે સિદ્ધિ–બુદ્ધિને વર્યા તે પણ સાંભળ્યું. આથી એમને બહુ જ ખોટું લાગ્યું ને આજીવન કુમારા રહેવાનું પણ લઈ એ તપોવનમાં ચાલ્યા ગયા. ત્યારથી એ 'કુમાર' 'કુમારસ્વામી' તરીકે ઓળખાય છે. સ્ત્રીઓ સામે તો એમને એવો સખત અણગમો આવી ગયો કે કોઈ સ્ત્રીનું મોં પણ ન જુએ. એમના તપોવનમાં પણ કોઇ સ્ત્રી પેસી શકે નહિ. એક વખત ઉર્વશી નામની અપ્સરા અજાણતાં જ એમના તપોવનમાં પેઠી હતી અને ઝાડની વેલ બની ગઈ હતી!

આ વાત સાંભળીને હું તો સૂતો. વાતમાં મને તો રસ પડ્યો હતો એટલે વિચારો આવવા લાગ્યા. આ લગ્નની બાબતમાં સિદ્ધિ–બુદ્ધિને કેમ કોઇએ કંઇ ન પૂછ્યું? નવાઇ તો એ લાગે છે કે બંને ભાઇઓએ એક એક કન્યાને વ્હેંચી કેમ ન લીધી? એક ભાઇ બેને શું કામ પરણે? પણ સૌથી વધારે વિચારો તો મને કાર્તિકસ્વામીના મોરના આવ્યા. એવો પવનવેગી મોર મારી પાસે હોય તો કેવું સારૂં! હું પણ પૃથ્વીની પ્રદક્ષિણા ફરી આવું. કેટલું બધું નવુંનવું જોવાનું મળે! આમ હું તો મોરની ઝંખના કરતોકરતો સુતો. થોડી જ વારમાં તો એક અદ્ભુત સ્વપ્નું આવ્યું. ખરૂં પૂછો તો એ સ્વપ્નું કે સાચું તે હજી પણ કહી શકતો નથી. હું તો ભરઊંઘમાં પડ્યો હતો, ત્યાં કોઇ મને ઢંઢોળતું હોય એમ લાગ્યું. મને લાગ્યું કે સવાર પડી હશે અને મારી મા મને જગાડતી હશે; એટલે મેં પાસું ફેરવીને મારો ઊંઘવાનો નિશ્ચય જણાવ્યો. પણ ત્યાં તો એક ગંભીર અવાજ કાને પડ્યો: 'અરુણ! તારે પૃથ્વીની પ્રદક્ષિણા નથી ફરવી?' આ અવાજ સાંભળી હું તો સફાળો ઊઠ્યો. આંખો ચોળીને જોયું તો એક દિવ્ય મૂર્તિ જોઈ. એ આકૃતિ પુરુષ અને પક્ષીને મળતી હતી. એનું નાક ગરુડના જેવું હતું. વાંસા પર બે પાંખો હતી. બાકી બધું મનુષ્યના જેવું હતું.

'તમે કોણ છો? મારાથી બીતાંબીતાં પૂછી જવાયું.'

'હું પક્ષીરાજ ગરુડ; ભગવાન વિષ્ણુનું વાહન.'

'પણ મારે તો મોર જોઇતો હતો!' મારાથી બોલી જવાયું.'

ગરુડરાજ ગીઠું હસ્યા: 'કુમારસ્વામી પોતે કુમારા છે એટલે એમને બાળકો તરફ પ્રેમ ઓછો. એ તો બાળકોને મોર આપે તો શું, પણ અડકવા યે ન દે. જ્યારે મારા સ્વામી ભગવાન વિષ્ણુને તો બાળકો બહુ જ વહાલાં છે. એમણે પોતે પણ કૃષ્ણાવતારમાં ખૂબ બાળક્રીડા કરેલી. એટલે બાળકને માટે એમને પક્ષપાત હોય જ. તારી પૃથ્વીની પ્રદક્ષિણા ફરવાની ઇચ્છા જાણી એમણે મને તરત જ હુકમ કર્યો કે એ ઇચ્છા મારે પૂરી પાડવી. એટલા માટે હું અહીં આવ્યો છું.'

'મારી એવી ઇચ્છા છે એમ ભગવાને શાથી જાણ્યું?'

'અરે વાહ? ભગવાનથી તે કંઇ અજાણ્યું હોય?'

'ત્યારે ભગવાન બધી જ ઇચ્છાઓ કેમ પૂરી પાડતા નથી?'

'ઇચ્છાઓ ઇચ્છાઓમાં પણ ફેર હોયને? કોઇની ઇચ્છા સારી હોય, કોઇની ખરાબ. વળી સામાસામી ઇચ્છાઓ પણ હોય. બે માણસો લડતા હોય તેમાં બંને ઇચ્છે કે પોતે જીતે. એમાં ભગવાન કોની ઇચ્છા પૂરી પાડે અને કોની ના પાડે? એમ તો બધાની ઇચ્છા પૂરી પાડવા જતાં દુનિયામાં જબરો ગોટાળો થઇ જાય. એટલે મરજી છતાં પણ ભગવાન ઘણીવાર એવી ઝીણીઝીણી બાબતમાં પડતા નથી. ખરૂં પૂછો તો આવડું મોટું વિશ્વ એમાં તો કેટલીયે પૃથ્વીઓ; અને એ બધી પૃથ્વીઓ પર કેટલા યે વસનારા. એ બધાંની ઝીણીઝીણી ઇચ્છાઓનો વિચાર કરવા બેસે તો યે પાર ન આવે. અને પછી તો લોકોને પણ ભગવાનને જ ભરોસે રહેવાની ખોટી ટેવ પડે. પોતે જરા યે પ્રયત્ન જ ન કરે.'

'ત્યારે મારી ઇચ્છા પૂરી પાડવાને ભગવાન કેમ તૈયાર થયા?'

'મને પણ એ જ નવાઇ લાગે છે.' ગરુડરાજ બોલ્યા: 'પણ મારે તો હુકમનો અમલ કરવો જોઇએ; માટે તમારી મરજી હોય તો હમણાં જ ઊપડીએ.'

'મારે એકલી પ્રદક્ષિણા જ નથી ફરવી, પણ બની શકે તો થોડા જોવા જેવા દેશ પણ જોવા છે.'

'તથાસ્તુ!' કહી ગરુડરાજે તો મને એમની ખાંધ પર બેસાડ્યો અને બારીની બહાર નીકળી અમે આકાશ તરફ ઊંચે ઊડ્યા.

(ચાલુ)

હંસા મહેતા


['કુમાર'માં નવી ચાલુ થનારી સૌ. હંસાબ્હેન મહેતાની લખેલી રસભરી લેખમાળાનો આ તો માત્ર પ્રવેશક જ છે. હવેના હપતાઓ અનેકવિધ ચિત્રો સાથે આવતા અંકથી શરૂ થશે.]

અંતરિક્ષમાં પ્રવાસ

પ્રો. પિકાર્ડનું અવકાશ-આરોહણ

ઇટાલિયન આલ્પ્સ પર્વત ઉપર ગયા ઑગસ્ટની ૧૮માના ખરી બપોરે એક રૂપેરી ગુંબજ દક્ષિણ બાજુ તરફ ઊતરતો દેખાતો હતો. તે વધુ નીચે આવતા એક સંકોચાતા બલૂન જોડે લગાડેલો ભારે ઍલ્યુમિનિયમનો ગોળો હોય એમ જણાયું અને હમણાં તે ઊંડા જળમાં બુરકાશે એમ ક્ષણવાર લાગ્યું; પણ પછી તો એ ગોળો ગાર્ડા સરોવરના પાણી પર થઇ કિનારા પર આવી ઝીંકાયો અને એ ધાતુની ગોળ ઓરડી હચમચી ગઇ. થોડા વારે તેની ડાકાબારીમાંથી એક થાકેલા લેવાઇ ગએલા ચહેરાના સુકલકડી જેવા આદમીએ બહાર ડોકું કાઢ્યું. નજીકના ગામડાના લોકો દોડી આવ્યા અને તેને હર્ષના પોકારોથી વધાવી લીધા; કારણકે એ પૃથ્વીના પહેલા જ માનવપ્રવાસી હતા જે અંતરીક્ષમાં સૌથી વધુ ઊંચાઇએ જઇ હમણા જ ઊતરી આવ્યો હતો.

જગતે આજ સુધી નહિ જોએલું કે નહિ જાણેલું એવું એ આરોહણ હતું. પૃથ્વી છોડીને આટલે ઊંચે એ આરોહણ કરી આવનાર જગતના એ પહેલા માનવી તે બેલ્જિયમની બ્રસેલ્સ યુનિવર્સિટીનો દુબળો કાયાનો પણ વજ્ર જેવા હૃદયવાળો હઠાગ્રહી અધ્યાપક,



અંતરીક્ષમાં ઊડવાની શરૂઆત વખતે બલૂન ઢીલું રાખવામાં આવે છે, કારણકે બલૂનમાં ભરાતા હાઇડ્રોજનનો એવો ગુણધર્મ છે કે બલૂન જેમ ઉપર ચડતું જાય તેમ ત્યાંની હવાના ઘટતા જતા દબાણને લીધે એ હાઇડ્રોજન પહોળો થતો જાય અને બલૂન ફૂલતું જાય. એટલે નીચેથી જ જો પૂરૂં બલૂન ફુલાવ્યું હોય તો ઉપર જતાં ફાટી જ જાય! જેમજેમ બલૂન ચડતું જાય તેમતેમ વિવિધ ઊંચાઇએ તે કેટલા પ્રમાણમાં ફૂલતું જાય છે ગાપપુરઃસર ઉપરના ચિત્રમાં બતાવ્યું છે.

પ્રો. ઑગસ્ટસ પિકાર્ડ.

'ઍક્સ રે'—ક્ષ કિરણો—વિષે તો આપણે સૌ ઠીકઠીક જાણીએ છીએ. વૈદક શાસ્ત્રમાં એની શોધે જે અતુલ સહાય આપીને માનવકલ્યાણ સાધ્યું છે તેનું મૂલ મૂલવી શકાય તેવું નથી.

એવાં જ એક બીજા પ્રકારનાં કિરણો છે: કૉસ્મિક રેઇઝ—'વિશ્વકિરણો.' ઍક્સ કિરણોથી—જગતનાં કોઇ પણ કિરણોથી—તે સૂક્ષ્મતર ને અગાધ બળ વાળાં છે. 'અવિનાશી મનાએલા પદાર્થના અને મૂળ તત્ત્વોના પરમાણુઓનાં જે સંયોજન તથા રૂપાંતરો તારાઓની અંદર કે અતિ દૂર અંતરિક્ષમાં થાય છે તેમાંથી પ્રકટેલી શક્તિમાંથી આ કિરણો ઉત્પન્ન થાય છે.'*

આ કિરણો વિશ્વના અનંત અવકાશમાંથી અવિરતપણે આપણી પૃથ્વી પર ખૂબ વેગપૂર્વક આવ્યા જ કરે છે, એટલું જ નહિ પણ આપણે પારદર્શક હોઇએ તેમ આપણાં શરીરો સોંસરા વહ્યા કરે છે. આ વહનની માનવ શરીર ઉપર અસર પણ થાય છે. એ અસર કેવા પ્રકારની થાય છે તેને લગતી શોધ માટે પ્રો. પિકાર્ડે એ અવકાશ-આરોહણ કરેલું.

આ અગાઉ એક વરસ પર (૧૯૩૧ના મેની ૨૭મી તારીખે) તેમૉ. કિપ્ફર નામના મદદનીશને લઇને, વિશ્વ-કિરણોના એ પ્રવાહ અને તેના ગુણધર્મની, તથા અનંત અવકાશમાં વહન કરતા બીજા નિગૂઢ પ્રવાહોની નોંધ લેવા ઊંચે ચડેલા. ઊંચે-ઊંચે, તે કેટલે? જગતના ઊંચામાં ઊંચા ગિરિશિખર માઉન્ટ એવરેસ્ટથી યે ઊંચે,—ઊંચામાં ઊંચાં વાદળાં પહોંચી શકે છે તે અંતરથી યે પાર,—સાડા એકાવન હજાર ફીટ ઊંચે; પૃથ્વીના ઇતિહાસમાં મનુજ બાળકે પ્રાપ્ત કરેલી ઉન્નતમાં ઉન્નત ઊંચાઇએ. તે પછી હમણાં ગયા ઑગસ્ટની ૧૮મી તારીખે તે ડૉ. મૅક્સ કૉઝિન્સ નામના બીજા એક માત્ર છવીસ વર્ષના મદદનીશને સાથે રાખી ઝૂરિચ આગળથી ઊડ્યો અને ગયા વર્ષ કરતાં યે ત્રણ હજાર ફીટ વધારે ઊંચે—૫૪,૪૫૦ ફીટ—આશરે સાડા દશ માઇલ ઊંચે પહોંચ્યો.

થોડો ઇતિહાસ

આ સ્થળે પ્રો. પિકાર્ડની પહેલાં પણ અવકાશનો


---

* જુઓ 'આઇન્સ્ટાઇન'—કુમાર અંક ૧૦૨


ત્યાગ મેળવવાના પ્રયત્નો કરનારા જે વીર નીકળ્યા તેમની નોંધ જરૂરની છે. સૌ એટલું તો જાણતા હશે કે આપણે જેમ ઊંચે ચડીએ તેમ હવા પાતળી થતી જાય ને શ્વાસ લેવો મુશ્કેલ પડે. આથી કૃત્રિમ શ્વાસોચ્છ્વાસની વ્યવસ્થા કરવી પડે છે અને તે સારૂ ઑક્સિજન ભરેલી ટાંકાની શોધ થઈ છે. પૃથ્વીથી ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઇએ પણ હવા અરધી પાતળી થઈ જાય છે, અને એટલે ઊંચે ફરનારા વિમાનીઓને પોતાની સાથે ઑક્સિજન લઈ જ જવો પડે છે.

પણ આજથી સિત્તેર વરસ પહેલાં, ઇ.સ. ૧૮૬૨ માં, જ્યારે ઑક્સિજનની શોધ પણ નહોતી થઇ ત્યારે ગ્લૅઇશર નામનો એક વિરલો એવો નીકળ્યો જે નાનકડા બલૂનમાં ૩૭,૦૦૦ ફીટ ઊંચે ચડ્યો હતો! તે પછી ૧૯૨૭માં કૅપ્ટન ગ્રે ૪૨,૪૭૦ ફીટની ઊંચાઇએ ઑક્સિજન વાપરીને પહોંચ્યો. એ ઊંચાઇ, ગયા વર્ષે જ્યારે પ્રો. પિકાર્ડ ૫૩,૦૦૦ ફીટ પહોંચ્યા ત્યાં સુધી જગતનો આખરમા આખર આંક હતો. ગ્લૅઇશર પોતાના આરોહણ દરમ્યાન જ પાતળી હવાને લીધે મૂર્છિત થઇ ગએલો. કૅપ્ટન ગ્રે તો તેમાંથી યે પાર ઊતરી આવેલો, પરંતુ તે પછી બીજા પ્રયત્નમાં માર્યો ગયો. નવાઇની વાત તો એ છે કે એ સાડી બેતાળીસ હજાર ફીટ જેટલી ઊંચાઇએ, જ્યાં આપણી પૃથ્વી કરતાં પાંચમા ભાગનું જ વાતાવરણ હોય છે, ત્યાં કૅપ્ટન ટકી કઇ રીતે શક્યો?

પ્રો. પિકાર્ડે તો આ બધાની સામે પાકી તૈયારીઓ કરી હતી. બલૂનની નીચે, ટોપલીને બદલે તેમણે કલાઇ અને ઍલ્યુમિનિયમના મિશ્રણનો તદ્દન હાથેથી જ ઘડેલો ૬ ફીટ ને ૧૦ ઇંચ વ્યાસનો એક મોટો પોલો ગોળો તૈયાર કરીને લટકાવેલો, અને ૫૦૦૦ ફીટની ઊંચાઇએ પહોંચ્યા પછી તેને ચોમેરથી હવા પણ ન પ્રવેશી (કે બહાર જઇ) શકે એવો 'એર ટાઇટ' કરીને રેવી દાબેલો. અંદર શ્વાસોચ્છ્વાસને માટે ઑક્સિજનનાં સાધનો રાખેલા અને બહારના વાતાવરણનું નિરીક્ષણ કરવા માટે જાડા કાચની બારીઓ બેસાડેલી. પહેલી સફર વખતે તેણે પોતાની કૅબિનને કાળા રંગે રંગેલા.



● બાજુએ: વૈજ્ઞાનિક સાધનો વડે જાણી શકાયું છે ત્યાં સુધીનું અંતરિક્ષનું વાતાવરણ બતાવતો આલેખ. એમાં દસદસ કિલોમીટર (દા માઈલ)ના અંતરના વિભાગ કરી તે તે વિભાગના વાતાવરણના ગુણધર્મ વગેરે દર્શાવ્યાં છે, તથા એ અંતરિક્ષમાં પહોંચવાને માનવીએ કરેલી મથામણોના આંક આપ્યા છે.



૧૯૩૨માં પ્રો. પિકાર્ડે પ્રાપ્ત કરેલી ઊંચાઇ ૫૪૬૫૦ ફીટ

૧૯૩૧માં પ્રો. પિકાર્ડ ૫૧૪૫૮ ફીટ ઊંચે પહોંચેલા

સ્ટ્રૅટોસ્ફીઅરનું તળ

વાદળાંમાં સૌથી ઊંચે પહોંચતી રેષા-વાદળી

જગતનું સૌથી ઊંચું ગિરિશિખર માઉન્ટ એવરેસ્ટ ૨૯૧૪૧ ફીટ

ચંદરવા-વાદળીની ઊંચાઈ

ચાસ-વાદળી

વચ્ચે: માઉન્ટ બ્લૅંક આલ્પ્સનું શિખર

વર્ષાદનાં મેઘવાળ

જલ-વાદળાં અથવા ખડકી વાદળાં

સમુદ્રની સપાટી

પ્રો પિકાર્ડ અંતરિક્ષમાં કેટલી ઊંચાઈ સુધી પહોંચ્યા તેનો સાપેક્ષ ખ્યાલ આપતી ઉપલી આકૃતિમાં જુદીજુદી ઊંચાઈનાં માપ મૂકીને તે તે ઊંચાઈમાં આવતાં શિરોમણિ પર્વત-શિખરો, વાદળાં, વાતાવરણ વગેરે બતાવવામાં આવ્યાં છે.

સૂર્યનાં કિરણોનો ધર્મ કાળી વસ્તુ પ્રત્યે આકર્ષાઇને એકઠાં થવાનો છે એ તો આપણે જાણીએ છીએ; એટલે પહેલી સફર વખતે કાળા રંગની કૅબિને સૂર્ય-કિરણોનું આકર્ષણ કરવાને કારણે એમને ત્યાં અવકાશમાં અસહ્ય ગરમી વેઠવી પડેલી આ બીજા આરોહણ વખતે એમણે કૅબિન સફેદ રંગેલી, તેથી સૂર્ય-કિરણોનું પરિવર્તન થયું, અને પરિણામે અસહ્ય ઠંડી ભોગવવી પડેલી.

અઢારમી ઑગસ્ટ ને ગુરુવારે પરોઢિયે ૪ ને ૧૦ મિનિટે તો ઝૂરિચના ડ્યુબેન્ડૉર્ફ ઍરોડ્રોમ ઉપર બધું તૈયાર હતું. બરાબર પાંચને ટકોરે બલૂનને છોડી મૂકવાનો હુકમ થયો અને (સામેના પાન પર સમજાવ્યા પ્રમાણે) માત્ર થોડા જ હાઇડ્રોજન ભરેલું એ ઢીલું બલૂન ઊંચે ચડવા માંડયું. પ્રો. પિકાર્ડે બલૂનના ગોળાની ડોકાબારીમાંથી હાથ હલાવીને હાજર રહેલાં ટોળાંની વિદાય લીધી. બારી બંધ થતા પહેલાં તો અસહ્ય ગરમી લાગવા માંડી; પણ બલૂન જ્યારે તેની છેવટની ઊંચાઇએ પહોંચ્યું ત્યારે તો થર્મોમીટરમાં ૬૫ ડિગ્રી (નીચે) પારો ગબડ્યો હતો; અને પ્રો. પિકાર્ડે પાછળથી કહ્યું કે 'એ વેળાએ અમને લાગ્યું કે ઘડી પળમાં અમે ઠરીને મૃત્યુવશ જ થઇ જઇશું.'

આકાશ નિરભ્ર હતું. પ્રો. પિકાર્ડના ઊડવાના ખબર તો દેશેદેશમાં પહોંચેલા હતા. થોડા જ વખતમાં સ્વિટ્ઝર્લૅન્ડના લોકોએ બલૂનને નીચે ઊતરતું ભાળવા માંડ્યું.




પૃથ્વીથી સાડા દસ માઇલ ઊંચે અંતરીક્ષમાં અનંતના સીમાડા ઉપર પોતાના ગોળામાં બેસી નિગૂઢ તેજ-પ્રવાહો અને વાયુવહેણોની નોંધ લેતા પ્રો પિકાર્ડનું કલ્પનાચિત્ર


તે કલાકના ૨૫ માઇલની ઝડપે ઑસ્ટ્રિયાની દિશામાં જતું હતું. પછી એકાએક તે દક્ષિણ બાજુ વળતું જણાયું અને આખરે ૧૧ ને ૪૦ મિનિટે જગતભરમાં એ બલૂનનો વાયરલેસ સંદેશો ફરી વળ્યો કે અમે ઉત્તરિના ગાર્ડા સરોવર ઉપર આવી પહોંચ્યા છીએ, અને હવે ઘડી બે ઘડીમાં નીચે જ ઊતરીશું; કેમકે નહીંતર આડ્રિયાટિક સમુદ્રમાં પડવાનો ભય છે. પ્રોફેસર તો આ બધો વખત (ચડ્યા ત્યાંથી તે ઊતર્યા ત્યાં સુધી) પોતાનાં સાધનો વડે હવાની નોંધો લેવામાં જ મશગૂલ હતા.

નીચે બ્રહ્માંડના અવકાશમાં તોળાઈ રહેલા પૃથ્વીના ભવ્ય ગોળાનું અંતરિક્ષમાંથી દેખાતું એ અદ્દભુત દૃશ્ય પણ એમણે જોયું ન જોયું ને પાછા પોતાના કામે વળગી ગયા.

સાંજે ૫ ને ૧૦ મિનિટે ગાર્ડા સરોવરની દક્ષિણે આવેલા ફૅવૅરેરા નામના નાનકડા ગામડા આગળ બલૂન



આ જંગી અને મજબૂત એરોપ્લેન જર્મનીની એક કંપની અંતરીક્ષ-પ્રવાસ માટે બનાવી રહી છે. તે ૩૫ હજાર ફીટ ઊંચે સ્ટ્રૅટોસ્ફીઅરમાં, દર મિનિટે ૧૧ માઇલની અદ્દભુત ઝડપથી પ્રવાસ કરી બર્લિનથી ન્યૂ યાર્ક છ કલાકમાં પહોંચશે. નીચે તેના એ પ્રવાસક્રમનો કાલ્પનિક નકશો આલેખેલો છે. બર્લિનથી ન્યૂ યૉર્ક ૪૦૦૦ માઇલ થાય; તે અંતર સ્ટીમર વગેરે વાટે કાપતાં આજે લગભગ પખવાડિયા ઉપર થાય છે, તેને બદલે તેમાં બતાવેલા તીરની નિશાનીવાળા માર્ગે માત્ર છ કલાકમાં અંતરીક્ષ પ્રવાસથી પહોંચાશે.



નીચે ઊતર્યું. પછડાટથી ગોળાને સહેજ નુકસાન પહોંચ્યું, પણ અગત્યનાં યંત્રો (તથા તેથી યે અગત્યનાં જે અંદરનાં બે માનવીઓનાં માથાં-તેમણે આંચકા સામે રક્ષણ આપનારા ટોપા પહેરેલા હોવાથી) સલામત રહ્યાં હતાં. એ સ્થળે તો, ઉત્તરિના ગરમ પ્રદેશને કારણે,

છાયામાં પણ ૯૮ ડિગ્રી ગરમી હતી. એટલે અંતરિક્ષમાં સાડા દસ માઇલ ઉપરની ૬૫ ડિગ્રી (નીચે)ની ઠંડીમાંથી આવનારને હવામાનના આવડા મોટા ને અસાધારણ ફેરફારને લીધે સ્વાભાવિક અસર થાય જ. પ્રો. પિકાર્ડ તથા ડૉ. કૉસિન્સ થોડી વાર તો ઊતર્યા એવા સૂનમૂન પાસે પડી જ રહ્યા.

પ્રો. પિકાર્ડના આ અંતરિક્ષ-પ્રવાસની સ્થૂલ ફલપ્રાપ્તિ શી, એનું વૈજ્ઞાનિક મૂલ્ય શું, એમ કોઇ પૂછશે. વિજ્ઞાનના ઇતિહાસમાં કેટલી યે નજીવી લાગતી એવી અનામી શોધો છે જેના ઉપર આજના આટલા મહાન વિજ્ઞાનના પાયા નંખાયા છે. ત્યારે આ આરોહણ તો સ્પષ્ટ લક્ષ્યવાળું છે. કોઈ વિરલ સાહસવીર દાખવી શકે એટલાં શૌર્ય ને ધીટતાથી એમણે 'જન-પશુ-જગના કલ્યાણયજ્ઞ'ની વેદિ આગળ પોતાની જાતને ધરી દઇને આકાશ માર્ગે સફર માંડી, એ અનંતના સીમાડા ઉપર બેસી નિગૂઢ વાયુ-વહેણો અને તેજ-પ્રવાહોની નોંધો લીધી; અને અનંતના અવગાહનની નવી પગદંડી પાડી.

પ્રો. પિકાર્ડના આ અંતરિક્ષ પ્રવાસ પછી વિજ્ઞાનના કાર્યમાં મદદ રૂપ થઇ પડે એવો જ એક બીજો પ્રયોગ થોડા જ દિવસોને અંતરે (જર્મની) સ્ટટગાર્ટના પ્રો. એરિક રૅગનરે કર્યો હતો. તેણે માણસ વગરનું એક બલૂન ઊંચે ૧૭ માઇલ સુધી ચલાવ્યું. તેમાં અવાજ માપનારાં અને બીજાં કેટલાંક આપમેળે કામ કરતાં યંત્રો મૂક્યાં હતાં, જેની સહાયથી તેણે કૉસ્મિક કિરણોના બળ માપ્યા. તેનું કહેવું એમ છે કે પર્વતોની ઊંચાઇ પરથી આપણને જે માપ મળ્યાં છે તેમાં અને આ નવા ઊંચાઇના માપમાં ફરક પડતો નથી. પ્રો. પિકાર્ડ એટલી ઊંચાઇએ ગયા નહોતા, પણ તે આ બાબતમાં સ્વાનુભવથી શું કહે છે તે જાણવા જેવું હશે.

બીજો એવો જ એક યોગાનુયોગ એવો બન્યો છે કે પ્રો. પિકાર્ડનું બલૂન ચડ્યું તે જ દિવસે અમેરિકામાં ડૉ. રોબર્ટ મિલિકને જાહેર કર્યું કે કૉસ્મિક કિરણોનો પ્રકાર આપમેળે નોંધી શકે એવું વીજળીક યંત્ર તેણે સંપૂર્ણ કર્યું છે, જે અંતરિક્ષમાં ચડી શકે એવાં એરોપ્લેનમાં લગાડી શકાશે.

પ્રો. પિકાર્ડ અંતરિક્ષના હિમમય વાતાવરણમાં જઇ આવ્યાથી એમ કહી શકાય કે હવે યોગ્ય ગોઠવણો કરીને એવા પ્રવાસ વધુ સરળ કરી શકાશે અને અંતરિક્ષની પારના વાતાવરણના જ્ઞાનનો નવો યુગ શરૂ થશે.

એ પ્રદેશમાં ઊડનારાને વાદળાં કે વરસાદ કશું આવરણ નહિ નડે. સૂર્ય, ચંદ્ર ને તારા પ્રકાશમાન હોવા છતાં પણ તેઓ તો ઘેરા જાંબલી અંધકારમાં જ ગતિ કરતા હશે. સ્ટ્રેટોસ્ફીઅરની ઠંડી શૂન્યથી યે આગળ એક ડિગ્રી ઓછી જણાશે. એરોપ્લેનની બેઠક પિકાર્ડની કૅબિન જેવી 'એરટાઇટ' કરવી પડશે, અને પ્રાણધારણ માટે ઑક્સિજન સાથે રાખવો પડશે. દૈવયોગે તે ખૂટી જવાનો પ્રસંગ ઊભો થાય તો એરોપ્લેન માત્ર થોડા ફીટ નીચેની હવામાં ઊતરી આવી શ્વાસ લેવા જેવા થરમાં ગતિ ચાલુ રાખશે.

આજે કેટલાં યે એરોપ્લેન એવાં તૈયાર થવા લાગ્યાં છે કે જે સ્ટેટોસ્ફીઅરમાં ગતિ કરી શકશે. જર્મનીમાં આજે એક કંપની એવું જંગી ને મજબૂત એરોપ્લેન બનાવી રહી છે કે જે ૩૫૦૦૦ ફીટ ઊંચે ચડી, સ્ટ્રૅટોસ્ફીઅરમાં પ્રવેશી, સૂર્યને પણ થંભાવી દે એવી ગતિથી (એક મિનિટે ૧૧ માઇલની ઝડપે) બર્લિનથી ન્યૂ યૉર્ક છ કલાકમાં પહોંચી જશે!

એ ઉપરાંત, ઉપલા પ્રશ્નના ઉત્તરમાં જિરાલ્ડ હર્ડ નામના એક પ્રમાણભૂત વિજ્ઞાન લેખકે 'સન્ડે એક્સપ્રેસ' છાપામાં લખેલી હકીકતો નોંધવા જેવી છે. એ કહે છે કે પ્રો. પિકાર્ડની આ શોધનું એક વહેલામાં વહેલું પરિણામ તો એ આવશે કે જગતના દેશો વચ્ચેનો અંતરિક્ષમાર્ગે જલદી શરૂ કરી શકાશે. એ તથા એના જેવા બીજા સાહસિક સાથીઓ આવી થોડીક વધુ ડૂબકીઓ અંતરિક્ષમાં મારી આવીને વધારે માહિતી મેળવી લાવશે ત્યાં તો આપણે હવાઇઓની પેઠે અંતરિક્ષમાંથી એક ખંડ ઉપરથી બીજા ખંડ ઉપર ઊડતી એરોપ્લેન સ્પેશ્યલો ચાલુ થએલી જોઈશું.

ઉત્તર ધ્રુવના પ્રદેશો માટે આજે પડાપડી છે તેનું કારણ એ જ છે કે એરોપ્લેનના માર્ગે તે અમેરિકા અને યુરોપ ઉપરથી તે બહુ જ ટૂંકા અંતરે છે. ઉત્તર ધ્રુવના લાંબા દિવસો દરમિયાન લંડન કે પારીસથી દિવસના એરોપ્લેન ઊપડે તે ઉત્તર ધ્રુવના પ્રકાશમાન દિવસમાં જ પ્રવાસ કરતું રહી ન્યૂ યૉર્કની રાત પડ્યા પહેલાં મુસાફરને ત્યાં ઉતારી દે. આમ, પ્રવાસમાં રાત્રિ નામ નહિ રહે અને હજારો માઇલની ખેપ બચી જશે.

ભેદી ટાપુ

(ગયા અંકને અનુસંધાને ચાલુ)

આંતે ગીડિયન સ્પિલેટ પેન્ક્રૉફ્ટ અને હર્બર્ટને રાહ જોવાનું કહી જે તરફ નેબ ગયો હતો તે તરફ ચાલી નીકળ્યો. સાઈરસ હાર્ડિંગની તપાસ કરવા માટે તે હવે તલપાપડ થઇ રહ્યો હતો. જોતજોતામાં ઊંચા પહાડની પાછળ સ્પિલેટ અદૃશ્ય થઇ ગયો. હર્બર્ટ પણ તેની પાછળ જવા તૈયાર થયો.

પણ પેન્ક્રૉફ્ટે કહ્યું, 'હર્બર્ટ, એમ બધા જ જશે તે કાંઇ ચાલશે નહિ. મિત્રો પાછા ફરશે ત્યારે એકાદ રહેવા જેવી જગ્યા તો જોઇશે જ ને ? રોજ ને રોજ છીનુક શામુકથી પેટ ભરાવાનું નથી; બીજો ખોરાક પણ જોઇશે. માટે આપણે તેની વ્યવસ્થા કરીએ.

હર્બર્ટે જવાનું માંડી વાળ્યું ને કહ્યું 'ચાલો ત્યારે તેમ કરીએ. હું તૈયાર છું. શું કરવું છે?'



પેન્ક્રૉફ્ટ પોતે કાંઠેકાંઠે તરાપાને ખેંચતો ખેંચતો ચાલ્યો અને હર્બર્ટ લાંબા વાંસ વડે તેને હડસેલતો રહ્યો.

પેન્ક્રૉફ્ટ: 'આપણે ખૂબ થાકેલા છીએ ને શરદી લાગવાથી શરીર અકડાઈ ગયાં છે. તેથી પહેલાં રહેવા માટે આશ્રય જોઇએ ને પછી અગ્નિ અને ખોરાક જોઇએ. જંગલમાં ઝાડ ખૂબ છે ને તેમાં પક્ષીઓના માળા છે તેથી ઈંડાંનો અભાવ નહિ હોય. પણ અત્યારે તો રહેવાની સગવડ પહેલી કરવાની છે.'

હર્બર્ટ: 'ત્યારે ચાલો, આ ખીણમાં જઇને તપાસ કરીએ. એકાદ બોખરું કે ગુફા જરૂર મળી જશે.'

પેન્ક્રૉફ્ટ અને હર્બર્ટ પર્વત ઉપરથી નીચે ઊતર્યા. આ વખતે પાણી ઘણું ઊતરી ગયું હતું. તેઓ દક્ષિણ તરફ ચાલ્યા. લગભગ પાંચસો છસો ફૂટ ચાલ્યા પછી તેમણે પહાડમાંથી એક ઝરણું વહેતુ જોયું. ઝરણાનું પાણી સ્ફટિક જેવું ચોખ્ખું હતું. તેની પહોળાઇ સો ફૂટની હતી અને બને બાજુ ગ્રેનાઇટ પથ્થરનો ઊંચા દિવાલ જેવો કિનારો હતો. અરધા માઇલ સુધી સીધું ચાલી તે જંગલમાં અદૃશ્ય થઈ જતુ હતું.

હર્બર્ટે ગુફાની તપાસ શરૂ કરી, પરંતુ પહાડની ઊંચી દિવાલો જેવી સપાટ ને લપસણી જગ્યામાં ચડવું-ઊતરવું બહુ મુશ્કેલ થઈ પડ્યું. પણ ગમે તેમ કરી રહેવા માટે સ્થાન તો શોધવાનું જ હતું. અંતે ઝરણાના મુખ પાસે તેમણે પથ્થરના મોટા સ્તૂપ ઊભેલા જોયા. ગ્રેનાઇટ પથ્થરના દેશમાં આવા કુદરતી સ્તૂપ હમેશાં બની રહે છે. તેને 'ચીમની' કહે છે.

પેન્ક્રૉફ્ટ અને હર્બર્ટે આ સ્તૂપોમાંના ઘણાની અંદર જઇ તપાસ કરી. પથ્થરની મોટી મોટી ફાટોમાંથી અંદર પૂરતું અજવાળું આવતું હતું. ઠંડીનું તો તેમાં નામ જ નહોતું. પેન્ક્રૉફ્ટના મનમાં વિચાર આવ્યો કે આની મોટીમોટી ફાટો ઝાડપાન અને પથ્થરથી બંધ કરી લઇએ તો રહેવા માટે બહુ ઉપયોગી થઇ પડશે.

હર્બર્ટ બોલ્યો. આ જગ્યાને આપણે એવી બનાવી દઈએ કે કૅપ્ટન હાર્ડિંગ એ જુએ કે તરત તેમને પસંદ પડી જાય. ચીમનીની જમણી બાજુએ રસોડું રાખીશું એટલે ધુમાડો સીધો ચાલ્યો જશે.

પેન્ક્રૉફ્ટ: 'હા, એ બરાબર છે. પણ હવે અગ્નિ સળગાવવા માટે પુષ્કળ લાકડાં એકઠાં કરવાં જોઈશે. તેમજ પથ્થરની મોટી ફાટો બંધ કરવા માટે ડાળીઓ તથા પાંદડાં વગેરે પણ જોઈશે.'

હર્બર્ટ અને પેન્ક્રૉફ્ટ ચીમની છોડી નદીની જમણી બાજુ તરફ ગયા. અહીં નદીનો પ્રવાહ જોશભેર વહેતો હતો અને એ પ્રવાહમાં સૂકાં ઝાડપાન તણાઈ આવતાં હતાં. પેન્ક્રૉફ્ટે વિચાર કર્યો કે ભારે લાકડાં આપણે આ પ્રવાહની સહાયથી જ ચીમની પાસે લઈ જઈશું.

થોડો વખત નદીકિનારે ચાલતાચાલતા તેઓ આગળ ગયા. ત્યાં જતાં નદી એક વનમાં વળી ગઈ. વન સુંદર હતું. એમાં ખૂબ મોટામોટાં વૃક્ષો હતાં. વૃક્ષો નીચે ઊંચુંઊંચું ઘાસ ઊગેલું હતું. ઘાસમાંથી ચાલતાં સુકાઈ ગએલાં ડાળપાનનો ખરખર અવાજ થતો હતો.

પેન્ક્રૉફ્ટ: 'આ બધાં ઝાડનાં નામ તો આપણે જાણતા નથી; પણ અત્યારે તો આપણે એને બાળવાનાં લાકડાં એ જ નામ આપીશું. તેની જ આપણને વધારે જરૂર છે. ચાલો, એકઠાં કરીને લઈ જઈએ.'

થોડીવારમાં તો ઘણાં લાકડાં ભેગાં થઈ ગયાં. સાવ સૂકાએલાં અને તરત બળે તેવાં પુષ્કળ લાકડાં જમીન ઉપર પડ્યાં હતાં એટલે ઝાડ કાપવાની જરૂર ન રહી. પરંતુ બે જણ ઉપાડીને લઈ જાય એટલાં લાકડાંથી કામ ચાલે? આખી ચીમની ભરાઈ જાય એટલાં જોઈએ. પણ અત્યારે એટલાં લાકડાં લઈ જવાં શી રીતે?

હર્બર્ટ બોલ્યો, 'પ્રવાહની મદદથી ચીમનીમાં ન લઈ જઈ શકાય?'

પેન્ક્રૉફ્ટ: 'લઈ જઈ શકાય. પણ એને માટે એક ત્રાપો બનાવીએ તો સહેલાઈથી લઈ જવાય.' આ વિચારી બંને જણાએ ઊપડી શકે એટલા લાકડાંના ભારા બાંધી નદીકિનારે ચાલવા માંડ્યું. અહીં પણ મોટામોટાં અને લાંબાં લાકડાં પડ્યાં હતાં. પેન્ક્રૉફ્ટે તેમાંથી ત્રાપો બનાવવા માંડ્યો. પાસે જ એક નાના ધરા જેવું હતું ત્યાં પાણી સ્થિર હતું. ત્યાં મોટી અને મજબૂત વેલો વડે લાકડાં બાંધીને ત્રાપો તૈયાર કર્યો અને તેના ઉપર બધાં એકઠાં કરેલાં લાકડાં ભરી બંને ઓટ થવાની રાહ જોતા બેઠા.

ઓટને હજી વાર હતી તેથી બંને જણ આસપાસનું સ્થળ જોવા લાગ્યા નદી જ્યાં વાંક વળી હતી ત્યાંથી સોએક ફૂટ દૂર ઊંચો કિનારો પગથીઆની જેમ નીચેનીચે થતો જંગલની હદ સુધી જતો હતો. જાણે પર્વત ઉપર ચડવા સીડી ન મૂકી હોય? પેન્ક્રૉફ્ટ અને હર્બર્ટ બંને આ દાદરવાળી સીડીને રસ્તે ઉપર ચડી ગયા અને નદીના મુખ તરફ આગળ જવા લાગ્યા.

ઊંચા જગ્યાએથી ઊભા રહી તેમણે ચારે તરફ નજર કરી. અહીંથી તેમને પોતે બલૂનમાંથી ઊતર્યા હતા તે અને કૅપ્ટન હાર્ડિંગ ગૂમ થયા હતા તે બંને જગ્યા દેખાઈ. બલૂનનો કોઈ ભાગ ક્યાંક પડ્યો હોય કે ભરાઈ રહ્યો હોય તો તે જોવા તેમણે આમતેમ બારીક નજર કરી, પણ વિશાળ સમુદ્ર સિવાય કશે કાંઈ દેખાયું નહિ. સ્પિલેટ કે નેબ પણ ક્યાંય દેખાયા નહિ. કદાચ તેઓ બહુ દૂર પણ ચાલ્યા ગયા હોય.

હર્બર્ટ: 'મને તો એમ જ થાય છે કે કૅપ્ટન સાઈરસ હાર્ડિંગ જેવા તપસ્વી માણસ શું સાધારણ માણસની જેમ ડૂબીને મરી જાય? તેઓ જરૂર ક્યાંક કિનારે પહોંચ્યા હોવા જોઈએ. તમને શું લાગે છે.'

પેન્ક્રૉફ્ટે દુઃખથી માથું હલાવ્યું. સાઈરસ હાર્ડિંગને ફરીવાર જીવતા જોવા એ એને અસંભવિત લાગતું હતું. તેના જીવનની એને આશા ન હતી; તોપણ હર્બર્ટને હિંમત આપવા તેણે કહ્યું, 'અલબત્ત, એમાં કાંઈ શક જ નથી. કૅપ્ટન ગમે તેવી વિપત્તિમાંથી ઊગરશે જ.'

આમ કહી ચારે બાજુ દૃષ્ટિ નાખતાં પેન્ક્રૉફ્ટે કહ્યું, 'ખરેખર આપણે એક મોટા બેટ ઉપર જ આવી પડ્યા છીએ.'

હર્બર્ટ: 'અને બેટ પણ કોઈ મોટો લાગે છે.'

નિસાસો નાખી પેન્ક્રૉફ્ટે કહ્યું, 'ગમે તેવડો મોટો ને વિશાળ હોય તોપણ આખરે બેટ તો ખરો જ ને?'

પણ વધારે બારીક તપાસ કર્યા વિના આનો ચોક્કસ ખાત્રી થઈ શકે તેમ નહોતું. બેટ હોય કે ખંડ હોય, પણ સદ્‌ભાગ્યની વાત એટલી હતી કે સ્થળ સુંદર અને રમણીય હતું અને જાતજાતની દ્રવ્યસામગ્રી ઉત્પન્ન કરી શકાય એવું હતું.

પેન્ક્રૉફ્ટ: 'છતાં આપણા આવા દુર્ભાગ્યને સમયે આવા દેશમાં લાવી મૂકવા માટે પ્રભુનો આપણે તો

પાડ માનવો જોઈએ.'

બંને જણા ગ્રેનાઇટ પથ્થરનાં શિખર પર ફરવા લાગ્યા. શિખર ઉપર કરવતના દાંતા જેવા અણીદાર પથ્થરો હતા. તેની ફાટમાં હજારો પક્ષીઓ વસતાં હતાં અને તેઓ એક પથ્થર ઉપરથી બીજા પથ્થર ઉપર કૂદી જતાં તે ફફડીને ઊડતાં હતાં.

પેન્ક્રૉફ્ટ: પક્ષીઓ જોતાં લાગે છે કે એ બધાં પહાડી કબૂતરો છે. એનાં ઇંડાં બહુ સરસ હશે. ચાલો તપાસી જોઈએ કે તેમના માળામાં કેટલાં ઇંડાં છે! આપણે ઇંડાની કંઇક વાની બનાવીશું.'

હર્બર્ટ: વાની તો બનાવશો, પણ બનાવશો શામાં? તમારી ટોપીમાં?'

પેન્ક્રૉફ્ટ: 'ભાઈ, હું કાંઈ જાદુગર નથી કે ટોપીમાં બનાવું. નહિ બને તો ઇંડાં કાચાં ખાઈશું!'

પથ્થરની ફાટોમાંના માળાથી તેમને ઘણાં ઈંડાં મળ્યાં. તેમણે તે ટોપીમાં ભરી લીધાં. આ તરફ ઓટનો સમય પણ થવા આવ્યો. બંને પાછા નદીકિનારે ત્રાપા પાસે આવ્યા. સમય બપોરના બેનો હતો. ભરતીનાં પાણી પાછાં વળતાં હતાં. ત્રાપો ચલાવવાનો હતો. પેન્ક્રૉફ્ટ નાવિક હતો. તેણે વેલાની એક દોરી બનાવી અને તે ત્રાપા સાથે બાંધી કિનારેકિનારે પોતે ત્રાપાને ખેંચતો ચાલ્યો, ને એક મોટા લાકડાથી હર્બર્ટ ત્રાપાને હડસેલતો રહ્યો જેથી ત્રાપો કિનારા સાથે અફળાય નહિ. આ રીતે સૂકાં લાકડાંનો ભાર લઈ ત્રાપો પ્રવાહમાં ચાલ્યો જતો હતો. જરા યે મુશ્કેલી ન હતી. થોડીવારમા તેઓ નદીના મુખ પાસે આવી પહોંચ્યા. અહીંથી ચીમની બહુ દૂર ન હતી.

ત્રાપા ઉપરથી લાકડાં ઉતારી લઇ પહેલું તેમણે ગુફાની ફાટો પૂરવાનું કામ શરૂ કર્યું. રેતી, પથ્થર, ઝાડપાન ને કાદવથી ફાટો પૂરી દીધી. માત્ર ધુમાડા ને હવા-પ્રકાશ માટે થોડી ફાટો રાખી. ગુફાને તેમણે ચારપાંચ ઓરડા જેવી બનાવી દીધી. ઘર તો થયું. પણ એ ગાં વચલી જગ્યા સિવાય બીજે ક્યાંય ટટાર ઊભા રહી શકાય એમ ન હતું. અંદર બધે રેતી પાથરી. આ બધું કરતાં કરતાં હર્બર્ટે કહ્યું: 'આપણા સાથીઓને આના કરતાં સુંદર સ્થાન મળી ગયું લાગે છે!'

પેન્ક્રૉફ્ટ: 'કદાચ હોય; પણ ચોક્કસ ખબર ન મળે ત્યાંસુધી આપણે તો કામ કરવું જ જોઇએ.'

હર્બર્ટે ઉત્સાહથી કહ્યું: 'તેઓને જો કૅપ્ટન હાથ લાગી ગયા હોય ને તેમને લઇને બધા અહીં આવી પહોંચે તો કેવી મઝા!'

પેન્ક્રૉફ્ટ: 'ખરેખર, હાર્ડિંજ અજબ પુરુષ હતા.'

હર્બર્ટ: 'હતા કેમ કહો છો? તમને તેના જીવતા રહેવાની આશા નથી?'

પેન્ક્રૉફ્ટ: 'પ્રભુ એવું ન કરે! આશા કેમ છોડાય?'

દરમ્યાન તો રહેવા માટેની જગ્યા બરાબર થઇ ગઇ. હવે ચૂલાની ગોઠવણ કરી ખાવાની તૈયારી કરવી રહી. તે પણ મુશ્કેલ ન હતું. ધુમાડો જવા માટે જે જગ્યા રાખી હતી ત્યાં પથ્થર ગોઠવી દીધા એટલે ચૂલો બન્યો. થોડાંક લાકડાં પણ ત્યાં હાજર કરી દીધાં.

હર્બર્ટ: પણ દેવતા પાડશો શી રીતે? 'તમારી પાસે દીવાસળી છે?'

પેન્ક્રૉફ્ટ: 'ઘણેભાગે છે તો ખરી. ન હોય તો તો ભારે મુશ્કેલી પડે.'

હર્બર્ટ: 'તો પછી જંગલી માણસોની પેઠે લાકડે-લાકડું ઘસીને અગ્નિ ઉત્પન્ન ન કરી શકીએ?'

પેન્ક્રૉફ્ટ: 'કરી શકાય, નહિ કેમ? પરંતુ એ રીતે અગ્નિ ઉત્પન્ન કરવા જુદી જ જાતનાં લાકડાં જોઇએ છે. મેં ઘણીવાર લાકડે લાકડાં ઘસી જોયાં છે, પણ અગ્નિ ઉત્પન્ન થયો નથી. તેથી જ કહું છું કે દીવાસળી નીકળે તો તે વધારે ઉપયોગી થઇ પડે.'

પેન્ક્રૉફ્ટે પોતાના કોટ અને પાટલૂનનાં ખીસાં તપાસ્યા, પણ દીવાસળીની પેટી ક્યાંય ન મળે! હર્બર્ટ તરફ જોઇ તેણે કહ્યું: 'ખીસામાંથી પડી ગઇ લાગે છે.'

તરત જ બંને જણુ બહાર નીકળી પડયા અને નદીકિનારે રેતીમાં, પથ્થરોમાં બધે પેટીની તપાસ કરી, પણ ક્યાંય પત્તો લાગ્યો નહિ.

હર્બર્ટ: 'ભરતી ઉતરી ગઇ છે. ચાલો આપણે જ્યાં બલૂનમાંથી ઉતર્યા હતા ત્યાં તપાસ કરીએ. ત્યાં જ કદાચ પડી હશે.'

પેન્ક્રૉફ્ટ: 'ત્યાં હોવાનો સંભવ નથી. કદાચ પડી ગઇ હોય તોપણ ઓટમાં ક્યાંય તણાઇ ગઇ હશે.' પેન્ક્રૉફ્ટ વિચારમાં પડી ગયો.

હર્બર્ટ: 'કદાચ ત્યાં પડી હોય તોપણ પલળી જવાથી નકામી થઇ ગઇ હશે.'

પેન્ક્રૉફ્ટ: 'ના; જો તણાઇ નહિ ગઇ હોય તો

તો તે કામમાં લેવાય તેવી જ હશે. પાણી પેસી ન શકે તેવી રીતે મેં તે પેક કરી છે.''

હર્બર્ટ: 'પણ અગ્નિ તો સળગાવવો જ જોઇશે. સાઇરસ હાર્ડિંજ પાસે કે સ્પિલેટ પાસે પેટી હોય તો!'

પેન્ક્રોફ્ટ: 'સંભવિત છે; પણ અત્યારે આપણને તે શા કામનું?'

હર્બર્ટ નિરુત્તર રહ્યો. દીવાસળીની પેટી ખોવાયાથી નવી મુસ્કેલી આવી પડી. પણ હર્બર્ટને વિશ્વાસ હતો કે કોઇ પણ ઉપાયે અગ્નિ સળગશે જ. ગુફામાં પાછા ફરતાં તેમણે ઘણાં ઝીનુક વીણી લીધા. કદાચ અગ્નિના અભાવે કાંઇ રાંધી ન શકાય તો તે તો ખાઇ લેવાય.

પેન્ક્રોફ્ટ અને હર્બર્ટ ગુફામાં આવ્યા ત્યારે સાંજના પાંચ વાગ્યા હતા. ગુફામાં પોતાનો હાથ પણ ન સૂઝે એવુ અંધારૂં જામી ગયું હતું.

હર્બર્ટ બહાર ફરતો હતો. સૂર્ય અસ્ત થવાની તૈયારીમા હતો. એટલામાં તેણે સ્પિલેટ અને નેબને આવતા જોયા. પણ તેમની સાથે બીજું કોઇ ન હતું. તેમને એકલા જોઇ બાળક હર્બર્ટ ગભરાઇ ગયો. શું અંતે સાઇરસનો પત્તો ન જ લાગ્યો?

સ્પિલેટ આવીને તરતજ ધબ દેતોક ને એક પથ્થર પર બેસી ગયો. એક અક્ષર પણ બોલ્યો નહિ. તે ખૂબ થાકી ગયો હતો; ભૂખથી જીવ તો જાણે હમણાં જ ઊડી જશે એમ લાગતું હતું. બોલવાની શક્તિ રહી ન હતી.

અને બિચારો નેબ! રોઇરોઇને તેની આંખો લાલઘૂમ જેવી થઈ ગઇ હતી. તેના શેઠને માટે તેને ઘણું દુઃખ થતું હતું. આંખમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં. હવે તો તે સાવ નિરાશ બની ગયો હતો. સાઇરસની આશા તેણે છોડી દીધી હતી.

થોડીવાર આરામ લઇ સ્પિલેટે પોતે કેવી રીતે શોધ કરી તે સર્વ હકીકત કહી. 'સમુદ્રકિનારે લગભગ આઠ માઇલ સુધી બધે ફરીને અમે તપાસ કરી. પણ ક્યાંય એક ચિહ્ન પણ દેખાયું નહિ કે જ્યાંથી કોઇ માનવી ચાલ્યું હોય. મને તો લાગે છે કે કિનારેથી સોએક ફૂટ ઉપર હાર્ડિંજની જલસમાધિ . . .

સ્પિલેટ ઉપરનું વાકય પૂરું કરે તે પહેલાં તો નેબ બોલી ઊઠ્યો, 'કદી નહિ, કદી નહિ! મારા શેઠ ડૂબીને મરે જ નહિ. એમ મરે એ બીજા! એ કોઇક બીજી જ મુસ્કેલીમાં આવી પડ્યા હશે. તેમાંથી જરૂર મુક્તિ મેળવશે જ.' આટલું બોલતાં નેબ પાછો રડવા લાગ્યો.

હર્બર્ટે નેબનો હાથ પકડી કહ્યું, 'નેબ, રડ નહિ. આપણે જરૂર તેમને શોધી કાઢીશું. પ્રભુ આપણા ઉપર દયા કરશે ને સાઇરસને પાછા મેળવી આપશે. અત્યારે રડવાનો વખત નથી. તમે બંને ખૂબ ભૂખ્યા થયા છો. પહેલા થોડું ખાઇ લ્યો.' એમ કહી હર્બર્ટે એ બંનેને થોડાં ઝીનુક આપ્યાં.

નેબે ઘણા વખતથી ખાધું ન હતું, છતાં તેણે એ ખાવાની ચોકખી ના પાડી. તેને તો સાઇરિસ ન જડે તો પોતાના પ્રાણ બચાવવા ન હતા.

સ્પિલેટે થોડાંક ઝીનુક ખાધાં ને ખાઇ ત્યાં જ જરા આડે પડખે થયો. હર્બર્ટે તેની પાસે જઇ કહ્યું: 'અમે રહેવા માટે એક જગ્યા બનાવી છે; ચાલો ત્યાં જ જઇએ. રાત પણ પડવા આવી છે. ત્યાં આરામ લઇશું.'

સ્પિલેટ ઊભો થયો. હર્બર્ટ તેનો હાથ પકડી આગળ ચાલ્યો. માર્ગમાં પેન્ક્રોફ્ટે પૂછ્યું: 'તમારી પાસે દીવાસળી છે કે નહિ?'

સ્પિલેટ: 'હતી તો ખરી પણ નાખી દીધી છે. તમારી પાસે છે?'

પેન્ક્રોફ્ટ: 'ના, અગ્નિ પેટાવવાનું કશું સાધન નથી.'

નેબ: 'જો અત્યારે મારા શેઠ હોત તો અગ્નિ સળગાવવાનો જરૂર કાંઇક ઉપાય બનાવત.'

ચારે જણ નિરાશ થઇ ગયા. હર્બર્ટે કહ્યું: 'મિસ્તર સ્પિલેટ, તમે તો બહુ બીડી પીઓ છો. તમારી પાસે તો પેટી હશે જ. એકવાર ફરી તપાસ કરો જોઇએ. એકાદ દીવાસળી હશે તોપણ ચાલશે.

સ્પિલેટે ફરીવાર કોટ પાટલૂન બારીક રીતે તપાસ્યાં પણ નિરાશ. ઓવર કોટ ને જાકીટ પણ જોયાં. અંતે જાકીટના ખીસાની અંદરના અસ્તરમાં કાંઇક દીવાસળી જેવું લાગ્યું. તેણે કપડું પકડીને તે બહાર કાઢવા પ્રયત્ન કર્યો પણ બહાર કાઢી શક્યો નહિ.

'લાવો જોઇએ હું કાઢું. કદાચ મારાથી નીકળશે,' કહી હર્બર્ટે ખૂબ પ્રયત્નથી એ સળી બહાર કાઢી. ખરેખર તે દીવાસળી જ હતી!

પેન્ક્રોફ્ટના આનંદની તો વાત જ ન કરો. તરત તે દીવાસળી લઇ ગુફામાં દોડ્યો. સૌ પાછળ ગયા.

એક નાનીસરખી દીવાસળીની કિંમત આપણને કાંઇ નથી લાગતી. ઘણીયેવાર માણસો નાહક બગાડી

નાખે છે; પરંતુ અત્યારે આ નાનીસરખી દીવાસળી કેટલોય વિચાર કરીને વાપરવાની હતી. એક જ દીવાસળી; ને જો તેનાથી અગ્નિ ન સળગે તો!

પેન્ક્રોફ્ટે પહેલા બરાબર તપાસ કરી કે દીવાસળી સૂકાએલી ને કામમાં આવે તેવી છે કે નહિ. વિચાર કર્યો કે હવે એકાદ કાગળનો કટકો જોઇએ.

સ્પિલેટે પોતાની નોટબુકમાંથી એક પાનું ફાડી કહ્યું, 'આ લ્યો કાગળ.'

પેન્ક્રોફ્ટ કાગળ લઈ ચૂલા પાસે ગોઠણભર બેસી ગયો. ત્યારપછી કેટલાંએક લાકડા ચૂલામાં ગોઠવ્યાં. લાકડાં નીચે સૂકુ ઘાસ મૂક્યું. પછી દીવાસળી પથ્થર સાથે ઘસી. વધારે જોરથી ઘસે તો ક્યાંક ગંધક ખરી જાય ને દીવાસળી નકામી જાય! પહેલીવાર ઘસવાથી દીવાસળી સળગી નહિ.

પેન્ક્રોફ્ટે હિંમત હારી જતાં કહ્યું: 'આ કામ મારાથી થશે નહિ. મારા હાથ ધ્રૂજે છે. હર્બર્ટ, લે તું જ સળગાવ જોઇએ.'

હર્બર્ટ જીવનમાં કોઇવાર આટલો ભયભીત બન્યો ન હતો. તેને પણ એમ થયું કે કદાચ મારાથી દીવાસળી નહિ સળગે તો! તોપણ પેન્ક્રોફ્ટના કહેવાથી તેના હાથમાંથી દીવાસળી લઇ પથ્થર સાથે તેણે ઘસી. ઘસી કે તરત જ તડતડ અવાજ થયો ને દીવાસળી સળગી ઊઠી. કાગળ સળગાવી ઘાસની અંદર મૂકતાં જ હડહડ તાપ બળવા લાગ્યો. હવે તો આ અગ્નિ કોઇ દિવસ ઓલવાય નહિ એને માટે ખાસ ધ્યાન રાખવાનું હતું. કાંઇપણ રાંધવા માટે હવે ચિંતા કરવાની ન હતી.

પેન્ક્રોફ્ટે પહાડી કબૂતરોનાં ઇંડાં પકાવ્યાં. આટલા દિવસ ઝીનુક શામુક ખાઇને કાઢેલા તેમને આ પકાવેલાં ઇંડાંની કેટલી કિંમત હશે તે તો અનુભવી જ જાણે!

ભોજનથી પરવાર્યા પછી નેબ સિવાય સૌ સૂવાની તૈયારી કરવા લાગ્યા. નેબે તો આખી રાત પોતાના શેઠની શોધમાં બૂમ પાડતાં પાડતાં સમુદ્ર કિનારે જ ફર્યા કર્યું. (ચાલુ)

(અનુવાદિત) મોંઘીબેન

ચાંદામામા

• પૃથ્વી •

મળી અસુર–દેવના ઉદધિને વલોવ્યે જતાં,
અમોલ નવનીત શાં રતન ચૌદ ત્યાં સાંપડયાં;
થવા અમર આશથી દિતિસુતો બધું ત્યાગતા,
હિમાંશુ અવકાશમાં હસત દેવના દાપમાં.

વધ્યું અસત, ભાર ના સહન પૃથ્વીથી થયો,
અનંત રસસાગરે દુઃખિત પાપપીડે શમી;
અનેક યુગ વીતતાં હરિ વરાહદેહે કરે
વિનાશ હિરણ્યાક્ષનો, ધરણી ટેકવી દંતમાં.

સહોદર થઇ રમ્યાં જલધિ અંતરે પ્રેમથી,
બની જુગલ જોડલી દયિત બંધુબ્હેનાં તણી;
તજી જનકમંદિરો પરમ આણુ સ્વીકારતાં
રમે ગગનઆંગણે નવલ ખેલ હોંશેભર્યાં.

કલા અકલ ઇશની, પૃથિવી તો પ્રજાવાત થૈ,
અને જગત બાળનો ધવલ ચંદ્ર મામો બન્યો.

ઠાકોર ચોકશી

નાના ભાણેજને રમાડતાં 'કુમાર'માં આવેલું ચાંદનીનું ચિત્ર બતાવ્યું. તેણે પૂછ્યું આ ધોળું ધોળું શું? મેં કહ્યું ચાંદામામા. એટલે તેણે પૂછ્યું, ચાંદામામા તમારા ભાઇ થાય? મેં જ્યારે કહ્યું કે હું પણ એને મામા જ કહું છું, ત્યારે બાળકની મૂંઝવણ વધી: 'મારા મામા તમારા મામા શી રીતે થાય?' ગને એનો જવાબ ન જડયો, એણે તો રઢ લીધી. મારા મનમાં પણ શંકા થઇ. ઘર આવીને કંઇક તરંગો પછી મારી જિજ્ઞાસા તો મેં ઉપર પ્રમાણે શમાવી. પણ પેલા બાળકની જિજ્ઞાસાનું શું?

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ હરીફાઈમાં ભાગ લેનારાઓની સંખ્યા ઠીકઠીક પ્રમાણમાં જળવાતી રહે છે એ એક આનંદની વાત છે; પરંતુ ઘણા ઉમેદવારો હરીફાઇના લક્ષ્યને વિસરી જતા દેખાય છે કેમેરાથી પડે તે બધાં જ ચિત્રો હરીફાઇને લાયક હોતાં નથી. પાડનારે ચિત્રના વિષય પર, પ્રકાશના બળ ઉપર અને પોતાના કેમેરા પર ઠીકઠીક વિચાર કરીને ચિત્રભાગ ઉઠાવ્યો હોય ત્યારે જ હરીફાઇમાં કંઇક સ્થાન મળવા સંભવ રહે છે કેમેરાથી છાપ પડી કે તે હરીફાઇમાં મોકલી દેવી એ ઠીક નથી જેમને આમાં સમજણ પડતી ન હોય તેમને આગલી હરીફાઈનાં પરિણામો અને તે ઉપરની નોંધ જોઈ જવા ભલામણ કરીએ છીએ.

> હરીફાઇ માટે હિંદુસ્તાનમાં પાડેલા જ ફોટોગ્રાફ ગ્રાહ્ય ગણાશે.
>
> ઈનામ મળેલા ફોટોગ્રાફો પાછા મોકલાતા નથી: બાકીના પાછા મેળવવા ઈચ્છનારે સાથે પોતાના સરનામાવાળુ, પોસ્ટેજ ચોડેલું કવર મોકલવું જોઇએ. તે વિના ઉનર કે ફોટોગ્રાફો પાછા મોકલવાનું બની શકશે નહિ.







આ વખતનું પહેલું ઇનામ બનારસના ભાઇ નૃસિંહ પરમારને મળે છે. સામાન્ય લાગતાં ઝાડ અને તળાવના ભાગો (વચલું ચિત્ર) એમણે ઠીક ગોઠવણ અને પસંદગીપૂર્વક ઉતાર્યાં છે. ફોટોગ્રાફીમાં બધી છાયાઓના વધઘટના વાર્ણો સચવાયા છે. મથાળે મૂકેલું મોઢેરાના રંગમંડપનું ચિત્ર ઉતારનાર પાટણના વિદ્યાર્થી ભાઇ મણિલાલ સુતારને બીજું ઈનામ મળે છે. આવી જગ્યા વિષે પ્રેમ અને આદર ઉપજે સ્થાપત્યનું ગૌરવ સમજાય એવી રીતે એ લેવાયું છે. ઝીણવટ અને છાયા-પ્રકાશનું ધોરણ બરોબર રહ્યું છે. માત્ર આ સ્થાનનું કદ સાચવી શકે એવી કોઇ આકૃતિના અભાવે, જેમણે તે મંદિર જોયું નહિ હોય તેઓ તેની ઊંચાઇ કલ્પી નહિ શકે આગળ દેખાતાં પગથિયાં એક માણસની ઊંચાઇ જેટલે ચડતાં છે એટલી વાત વિચારશો તો આ સ્થાનની ભવ્યતા કલ્પી શકશો. એ પછી સ્તુત્ય પ્રયાસ તરીકે ભાઇ નટવરલાલ રાવત (અમદાવાદ)નું ચિત્ર અહીં મૂકીશું તેમાંનો ચિત્રયોગ્ય ભાગ કાપીને જ તે રજુ કરીએ છીએ. ઊંટવાળાં બીજાં ચિત્રો પરથી સુચન લઇને નવું ચિત્ર લેતાં ચિત્રની મૂળ ખાસિયતો પર વિચાર કર્યો જણાતો નથી. રસ, ચાલુ પ્રસંગ અને વાતાવરણમાં ભંગ ન થવા દેવા કેટલુંક કાપી કાઢવું પડે છે. એ જ કોટિમાં આવે એવું બીજું ચિત્ર ભાઇ નૃસિંહ પરમાર (બનારસ)નું પનિહારીનું છે. તે યોગ્ય રીતે છપાઇ કપાઇને પાછું હરીફાઇમાં મૂકી શકાય તેવું છે. દિનેશ વોરા (અમદાવાદ)નું ચિત્ર ગૃહજીવનનું સંપૂર્ણ ચિત્ર છે, પણ છાપ નબળી હોવાથી હરીફાઇમાં ટકી શક્યું નથી. વડોદરાથી ભાઇ શંકરલાલે મોકલેલું ચિત્ર સારું દશ્ય હોવા છતાં અતિ બારીક આકૃતિઓવાળું હોવાથી રહી જાય છે. મુંબાઇના હરિવદન વ્યાસે વિષય સારો પસંદ કર્યો, પણ ગતિમાન ચિત્ર લેતાં કૅમેરાની શક્તિનો ખ્યાલ ન રાખ્યો. જરા દૂરથી લઇને ચિત્રભાગ જુદો એન્લાર્જ (મોટો) કર્યો હોત તો વિગતો ઠીક મળત. રાજકોટના ભાઇ શાંતિલાલ કોટકે અરુણોદય લેવાને જે ઉત્સાહ રાખ્યો હશે તે ચિત્રમાં ઊતરી શક્યો નથી આંખનો અનુભવ ચિત્રમાં બરોબર ઊતરી શકશે કે કેમ તેનો વિચાર ચાંપ દાબતી વેળા જ થવો જોઇએ દરેક આકાર જોઈતા રૂપમાં છૂટો દેખાય ને પ્રકાશનું જોર દેખાય એટલી ગોઠવણ કૅમેરાની ચાંપ સાથે ખ્યાલમાં લેવી જોઇએ.

ગિજુભાઇએ 'કુમાર'ના બાળવિભાગ માટે મોકલેલાં **થોડાંક ગધેડાં** માંનો નંબર ૫



એક શેઠ પાસે એક ગધેડો ને એક કુતરો હતાં. ગધેડો ફળીઆમાં બંધાય, ઉકરડે ખાય, ભાર વહે ને ડફણાં ઝીલે. કુતરો ઘરમાં ફરે, રોટલી ને દૂધ ખાય, ગાડીમાં બેસે અને પંપાળાય.

ગધેડો રોજ મનમાં વિચાર કરે: 'આ કુતરાને મઝા છે. કંઇ કામકાજ કરવું નહિ ને ખાવુંપીવું ને આરામ. ફક્ત શેઠ આવે ત્યારે પૂંછડી પટપટાવવી; જમીન ઉપર પડીને પેટ બતાવવું; બચબચ કરે ત્યારે પાસે જવું; ટેબલ ઉપર ચડીને શેઠનો હાથ ચાટવો અને શેઠના ખોળામાં બેસવું. અને આપણે તો હેરાન હેરાન થઇ ગયા. આમ ગધેડો થવું એના કરતાં કુતરો થવું કેવું સારૂં? આપણે કુતરા શું કામ ન થવું?'

બહુબહુ વિચાર કર્યા પછી એકવાર ગધેડાએ નક્કી કર્યું કે બસ આજ તો કુતરો જ થવું છે; કુતરા જેમ જ કરવું છે. શેઠને રાજી કરીશ ને કુતરા જેમ મોજ કરીશ.

શેઠ ઘરમાં આવ્યા અને ગધેડાએ દોરડું તોડાવ્યું. કૂદતો કૂદતો શેઠ પાસે જઇ પહોંચ્યો. પૂંછડી હલાવવા લાગ્યો. ચત્તો પડીને પેટ દેખાડવા લાગ્યો. શેઠ કંઇ સમજ્યા નહિ. નોકરને બૂમ પાડી: 'અલ્યા એ, આ ગધેડો છૂટી ગયો છે તેને બાંધી દે.'

ત્યાં તો ગધેડો ઊભો થયો અને શેઠની પાછળ પાછળ ચાલ્યો. શેઠ ટેબલ પાસે ઊભા હતા. ગધેડો ટેબલ ઉપર ચડ્યો અને શેઠને ગેલ કરવા ગયો. ટેબલ કડુડુડ ભુસ કરતું ભાંગી ગયું અને શેઠ ભડક્યા. ગધેડો ઊભો થયો અને શેઠની પાછળ દોડ્યો. મનમાં વિચાર કરતો હતો: 'એકવાર કુતરાની જેમ શેઠનું મોં ચાટવા દે એટલે શેઠ થાબડશે.' શેઠ ભાગતા હતા તેની પાછળ ગધેડાએ ઝાડ થઇ આગલા પગ શેઠની છાતી ઉપર મૂક્યા અને તેમનું મોં ચાટ્યું. જૂંડુંભૂખ ગધેડાનું મોં અને લાંબી લબરક જીભ! 'ઓ બાપરે' કરતા શેઠ નીચે પડ્યા. કુતરા જેમ ગધેડો શેઠની પાસે ગેલ કરવા લાગ્યો; શેઠના હાથમાં કોલ દેવા માંડ્યો. શેઠે બૂમ પાડી 'અરે દોડો રે દોડો!; કોઇ આ ગધેડાને હાંકો!'

નોકરો દોડતા આવ્યા ને ગધેડાને ચારે કોરથી ડફણાવ્યો. પછી તેને મજબૂત દોરડાથી ફળીઆના ઝાડ સાથે બાંધી દીધો. ભૂખ્યો તરસ્યો, તડકાથી તપતો ગધેડો અંતે પસ્તાઇને બોલ્યો, 'કુતરા થવા જવું તેના કરતાં આપણે ગધેડા છીએ તે જ ઠીક છે.'

બેઠાં'તાં

સૂરજ બેઠો ધરતીકાંઠે,
આંબો બેઠો તળાવકાંઠે,
કોયલ આંબે બેઠી'તી,
કાચી કેરી ખાતી'તી,
મીઠું ગીત ગાતી'તી.

તળાવ બેઠું ગામ ભાગોળે,
વડલો બેઠો તળાવપાળે,
મછલી છબછબ નાતી'તી,
મમરા લબલબ ખાતી'તી,
મોતીડાં વરસાતી'તી.

રાજા બેઠો મ્હેલમિનારે,
રાણી બેઠી સરવરપાળે,
પોપટ પાણી પીતો'તો,
મેના સામે જોતો'તો,
ભીનાં પીછાં લોતો'તો.

માડી બેઠી'તી હીંડોળે,
બ્હેન બેઠી માડી ખોળે,
વીરો ઘોડો રમતો'તો,
જાંબુ દાડમ જમતો'તો,
મા દીકરીને ગમતો'તો.

સુન્દરમ્



માધુકરી

નિરાશ કયમ થા છ? કોડ: ભરથીવને ન્હોય આ,
રહી શી કવિતા જગે, નહિ જ ધર્યાગ્રો જો નથ્યાં?
મનોરથ તણી નથી મધુરતા ફલાવાપ્તિમાં,
પ્રચંડ પુરુષાર્થનો રસ નથી જ સંસિદ્ધિમાં —મનઃસુખલાલ મ. ઝવેરી

જુલસ વર્ન

જગતભરના કુમારોનો માનીતા કથાલેખક જુલસ વર્નનું વ્યક્તિત્વ એકલા ઓગણીસમી સદીના ફ્રેન્ચ નવલકથાકાર તરીકે જ નથી રહ્યું. કાલ્પનિક સાહસકથાઓ અને ભવિષ્યદર્શી વિજ્ઞાનનવલો માટે એ લેખક આજે પણ ઓગણીસમી સદી જેટલો જ વંચાય છે; ફ્રેંચ પ્રજા જેટલો જ મોટાઓનો પણ માનીતો છે એની લખેલી કુતૂહલ, સાહસ અને બુદ્ધિકૌશલ-ભરી કથાઓ—બલૂનમાં પાંચ દિવસ, ઉત્તર ધ્રુવમાં અંગ્રેજ, સમુદ્રને તળિયે વીસ હજાર લીગ ઊંડે, ચન્દ્રલોકના પ્રવાસ, એંશી દિવસમા પૃથ્વી પ્રદક્ષિણા વગેરે—દુનિયાના એકેએક વાર્તાશોખીની જાણીતી છે. એમાંની છેલ્લી ગુજરાતીમાં ઊતરી ગઇ છે. ગયા અંકથી 'કુમાર'માં શરૂ થએલી ચાલુ વાર્તા 'ભેદી ટાપુ' પણ એની જ કૃતિ છે

જુલસ વર્નનો જન્મ ફ્રાન્સના નાન્ટીસ ગામમાં ૮મી ફેબ્રુઆરીએ સન ૧૮૨૮મા થયો હતો. પોતાનું પ્રારંભિક શિક્ષણ નાન્ટીસમાં સમાપ્ત કરીને એ કાનૂનશાસ્ત્રના અભ્યાસ માટે પારીસ ગયો. થોડાક વખત સુધી એનું મન નાટ્યરંગ તરફ રહ્યું; પરંતુ પછી સાહસિક પ્રવાસકથાઓ લખવા તરફ તથા એ વખતે વિકાસને પંથે ચડતા વૈજ્ઞાનિક અને યાંત્રિક યુગનાં ઉત્કર્ષનાં સ્વપ્નો ઘડવા તરફ એનું ચિત્ત વળ્યું અને તેની ભૂમિકા પર એણે આકર્ષક કાલ્પનિક સાહસકથાઓ લખવા માંડી.

અદ્ભુત સાહસપૂર્ણ અને રોમાંચકારી વાતાઓ લખવાની પોતાનામાં વિશિષ્ટ શક્તિ છે એ જ્ઞાન શરૂઆતમાં જ એને થઇ ગયું તેથી જુલસે એ દિશામાં જ કામ કરવાનું નક્કી કર્યું, અને એવી ઘણી કથાઓ એણે લખી. પણ એની ખરી ખૂબી તો, પોતાના વૈજ્ઞાનિક જ્ઞાન સાથે એણે પોતાની ભાવિ દ્રષ્ટા સમી કલ્પનાશક્તિ ગૂંથીને તે વડે આવતા યુગની (એટલે વીસમી સદીની) વૈજ્ઞાનિક અને યાંત્રિક પ્રગતિનાં સ્વપ્નાનું આગોતરૂં દર્શન આપનારી જે કથાઓ લખી તેમાં સાહિત્ય-સમીક્ષક માર્શલનું કહેવું છે કે આ પ્રકારની સાહસિક પ્રવાસ-કથાઓ અને વૈજ્ઞાનિક કલ્પના-કથાઓની કલાનો એ આદિ વિધાયક છે;—અને સાથે જ ભાવિયુગનો તે સાચો દ્રષ્ટા હતો.

પૂરાં પચીસ વર્ષ સુધી જુલસ પોતાની વિશિષ્ટ વિવિધતા અને નિપુણતાથી ફ્રેન્ચ સામયિક પત્ર-મૅગેઝીન દ'એડુકેશન-માટે અવનવી અને સુંદર સાહસ કથાઓ અને વૈજ્ઞાનિક કલ્પનાકથાઓ લખતો રહ્યો. ફ્રેંચ ઍકેડેમીએ એની એ કૃતિઓ-નો સારો આદર કર્યો.

જુલસ ભવિષ્યદર્શી હતો. તેની નવલકથાઓમાં એણે એ કાળે, આજથી અરધી સદી પર, આ યુગના જે કલ્પનાદર્શનો આલેખેલાં તે બધાં સાચાં પડ્યાં છે. સબમરીન એરોપ્લેન અને ટેલીવીઝનની શોધ પણ નહોતી થઇ એ કાળે એણે પોતાના કલ્પનાદર્શનમાં તે સર્જેલો. એ વખતે વિકસતા આવતા વિ-જ્ઞાનમાં કેવાં પરિવર્તનો થશે તે જુલસે જોયાં અને તેને કથામાં ગૂંથ્યાં એ કથાઓ એ યુગમાં ઉચ્ચ કલ્પનાકૃતિઓ તરીકે આદર પામી તેવી જ આજે આ યુગનું હૂબહૂ દર્શન આપનારી કથાઓ તરીકે બેવડા આદર અને કુતૂહલથી વંચાય છે.

ઓગણીસમી સદીનો એ કાલ્પનિક પ્રવાસકથાઓનો લેખક અને ભાવિયુગનો સાચો દ્રષ્ટા આમીન્સ મુકામે સન ૧૯૦૫ની ૨૪મી માર્ચે અવસાન પામ્યો હતો પરંતુ પોતાની વિશિષ્ટ સાહિત્ય-કૃતિઓમાં તે આજે પણ જીવિત છે.

શાંતિનિકેતનમાં અસ્પૃશ્યતાનિવારણ

ગાંધીજી અસ્પૃશ્ય ગણાતી જાતિને કાજે ઉપવાસ કરી દેહ અર્પણ કરવાના છે એવા સમાચાર શાંતિનિકેતન આશ્રમમાં ફેલાતાં, પગ નીચે સાપ આવતાં જેવો ભય આખા શરીરમાં વ્યાપી વળે તેવી જાતની લાગણી બધે ફરી વળી.

શાસ્ત્રી મહાશય, નંદબાબુ અને બીજા ઘણા ગાંધીજીના ભક્ત છે. તે સૌ ખળભળી ઊઠયા. આખા દેશમાં તા ૧૯મી

ઉપવાસ દિન તરીકે નક્કી થઈ હતી શાંતિનિકેતને તા. ૨૦મી ઉપવાસ કરવા માટે નક્કી કરી. પણ માત્ર ઉપવાસથી શાંતિ થાય તેમ નહોતી. હરિજનો સાથે ભોજન કરવાની ચર્ચા થઈ.

ગુરુદેવના હૃદય પર તો ગાંધીજીના ઉપવાસની ખૂબ અસર થએલી ગાંધીજી પ્રાણ અર્પવા તૈયાર થયા હોય ત્યારે ગુરુદેવ જેવા લાગણીપ્રધાન પુરુષથી શાંત કેમ બેસી રહેવાય?

તા. ૨૦મી સપ્ટેમ્બરે રજા હતી. ઉપવાસનો દિવસ હતો. પરોઢમાં ૩।। વાગે ઊઠી વૈતાલિક કાઢવામાં આવી પાછલી રાતની ચાંદની જામી હતી તેમાં ઇસરાજ, ફિડલ તથા ઢોલક સાથે પુનિત સંગીત થયું ઉપવાસને યોગ્ય વાતાવરણ વેરાયું.

સવારના સાત વાગ્યે ગુરુદેવે થોડું પ્રવચન કરવા સર્વેને ઉત્તરાયણમાં (તેમનું મકાન-જે શાંતિનિકેતનની ઉત્તરમાં આવેલું છે ત્યાં) બોલાવ્યા હતા. તેમનું હૃદય ખૂબ ભરાઇ આવ્યું હતું. બહુ બોલવા વિચાર નહોતો, પણ અંતરમાંથી દબાણ થઇને બોલ્યા વગર રહેવાતું ન હોય તેમ તે જુસ્સામાં આવી પોણો-એક કલાક બોલ્યા.

બીજે દિવસે તા. ૨૧મીએ ગુરુદેવની સૂચના પ્રમાણે નીચ ગણાતી જાતિઓને આગળપાછળનાં ગામડાંઓમાંથી શાંતિનિકેતન બોલાવવામાં આવી હતી. શાંતિનિકેતનના સિંહા ભવનમાં એ સભા ગોઠવી હતી. સમય સાંજના પાંચ વાગ્યાનો રાખવામાં આવ્યો હતો. ચાર વાગતાં તો આસપાસનાં ગામડાંમાંથી હરિજનોનાં ટોળાં આવવા માંડ્યાં. ભવનનો વિશાળ ઓરડો ચિકાર ભરાઇ ગયો. એક છેડે ગુરુદેવ, શાસ્ત્રી મહાશય તથા બીજા અધ્યાપકો માટે બેઠકો હતી; વચમાં નોતરેલા મહેતર, ડોમ, ચમાર, ભંગી વગેરે જાતિના ભાઇઓ બેઠા હતા; અને બીજે છેડે તે જાતિઓમાંથી પાંચ ભાઇઓને ખાસ આસનો ગોઠવી, પીળા ખેસ ઓઢાડી બેસાડ્યા હતા. શરૂઆત એ અપમાનિત થએલી જાતિ વિષેનાં ગુરુદેવનાં ગીતથી થઇ પછી ગુરુદેવે તેઓને સંબોધીને ભાષણ કર્યું. જાણે ગુરુદેવમાં ગાંધીજી વિરાજમાન હોય અને બોલતા હોય તેવું લાગતું હતું એ વાણીનું અમોઘ તેજ કલમ વડે નહિ ઉતારી શકાય. જાણે એમનું હૈયું આખું એ વાણીપ્રવાહ દ્વારા ઊછળી ઊછળીને વહી રહ્યુ હતું. વર્ષોથી એમને સાંભળનારાઓ કહે છે કે આટલા ઉત્તેજિત થઇને તે કદી બોલ્યા નથી.

ભાષણ થઈ રહ્યા પછી શાસ્ત્રી મહાશયે ચંદન તથા ફૂલહારથી પેલા પાંચે ભાઇઓની પૂજા કરી. પછી તે પાંચે ભાઇઓએ ગુરુદેવ તથા બીજા અધ્યાપકોની પૂજા કરી અને પોતાને હાથે બનાવેલા શરબતના પ્યાલા આપ્યા. બધાએ તે પ્રેમથી પીધા. શાસ્ત્રી મહાશય બીજાના હાથનું પાણી પણ ન પીએ તેમણે પણ નીચ ગણાતી જાતિના હાથનું શરબત સ્વીકાર્યું. આ પ્રમાણે શાંતિનિકેતનમાં અસ્પૃશ્યોને વિધિસર અપનાવવામાં આવ્યા.

રાતના આખા આશ્રમને સામાન્ય રસોડે જમવા નોતર્યો હતો. તેમાં પેલા ભાઇઓએ બધાને ખીચડી શાક પીરસ્યાં, અને સૌ આનંદથી જમ્યા. આ ૨૧મી સપ્ટેમ્બર શાંતિનિકેતનના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે. —કૃષ્ણલાલ ભટ્ટ

પોપૈયો

આ ઝાડને કાઠિયાવાડ તરફ ઝાડચીભડી તથા હિંદુસ્તાનીમાં એરંડકાકડી કહે છે. સંસ્કૃતમાં એને વાતકુંભફલ કહે છે. પંજાબથી લંકા સુધીમાં આ ઝાડ દરેક જગ્યાએ પુષ્કળ જોવામાં આવે છે. આ ઝાડના ફળને પણ પોપૈયો જ કહેવામાં આવે છે ને એ ફળ બનતાં સુધી દરેક ઋતુમાં મળે છે.

પોપૈયો ખાવામાં ઘણો સ્વાદિષ્ટ હોય છે. ફળોમાં તે કેરીથી બીજે નંબરે આવે છે. પાકા પોપૈયાના કટકા દૂરથી કેરીના કટકા જેવા જ લાગે છે.

આ ઝાડની ઊંચાઈ ૧૨થી ૧૮ ફૂટની ગણાય છે. આંબા તથા આમલીની માફક એ ઝાડને આડીઅવળી ડાળીઓ ફૂટતી નથી; ફક્ત ઝાડના ટોચે કલગીની માફક થોડાં જાડી દાંડીવાળાં પાંદડાં હોય છે. એનાં ફળ એ પાંદડાંની નીચે ગોળાકારમાં બધી બાજુ થાય છે. ફળ જ્યારે કાચું હોય છે ત્યારે કેરીની માફક એની છાલ લીલી હોય છે; પાકું થતાં એની છાલ પીળી થઇ જાય છે. કોઇ વખત ફળ પાકું થઇ જાય છે, છતાં છાલ લીલી પણ રહે છે.

ઘણા લોકો કાચા પોપૈયાનું શાક કરીને પણ ખાય છે. પોપૈયો ખાવાથી શરીરમાં કફ વધે છે ને પિત્ત ઓછું થઈ જાય છે.

એ ઝાડનું લાકડું ઘણું જ પોચું હોય છે. એનાં પાંદડાં મોટાં અને એરંડાનાં પાંદડાંને કંઇ મળતાં હોય છે. પાંદડાંના જે દાંડા હોય છે તે લાંબા અને પોલા હોય છે.

પોપૈયો મૂળ મેક્સિકો અને વેસ્ટ ઇન્ડીઝ તરફથી આ બાજુ આવેલો જણાય છે. હિંદુસ્તાનમાં એ ઝાડને લાવનાર મૂળ પોર્ટુગીઝ લોકો છે.

એ ઝાડ ખાસ કરીને ઉષ્ણ કટિબંધ આગળના પ્રદેશનું ગણાય છે ને ત્યાં તે ઘણી સારી રીતે ઊગી શકે છે. જે જગ્યાએ ભૂખરી મટોડી હોય તે જમીનમાં તે ઠીક ઊગે છે. દર વર્ષે એનો પાક સારો આવે તે માટે જમીનમાં સુરોખારનું ખાતર નાખવામાં આવે છે

એની સારી ઉત્પત્તિ માટે જમીનમાં બરાબર ખાતર નાખી તૈયાર કર્યા પછી તેમાં બેથી ત્રણ વારના અંતરે તેનાં બી વાવવામાં આવે છે. આવી રીતે વાવણી કરતાં એક વીઘા જમીનમાં સરેરાશ ૧૫૦ ઝાડ ઊગાડી શકાય.

પોપૈયાનો પાક તેની જમીન તથા આબોહવા પર આધાર રાખે છે. રાંચી તથા ગૌહતીના પ્રદેશોમાં પોપૈયાનાં જે ઝાડ ઊગે છે તેનાં ફળ ઘણાં મોટાં અને સ્વાદિષ્ટ હોય છે. બૅંગલોર અને લંકામાં પોપૈયાં પણ ઘણાં જ મોટાં ઊતરે છે. પોપૈયાના ઝાડમાં પણ નર અને માદા એમ બે જાતિ હોય છે. તેમાં માદાનાં ફળ પુષ્કળ પ્રમાણમાં ને મોટાં થાય છે.

કાચા પોપૈયાના શાક ઉપરાંત મુરબ્બા પણ થાય છે.

ઘણા લોકો પાકું પોપૈયું પીપર અને મીઠા સાથે ખાય છે.

પોપૈયામાંથી રસ કાઢવામાં આવે છે ને તે રસ કોશેટા સુંવાળા તથા સાફ કરવા સારૂ વપરાય છે. ડૉ. ડાઇમૉકે એવું જાહેર કર્યું છે કે પોપૈયાના ઝાડના થડમાંથી અમુક તાર નીકળે છે જે કપડાં બનાવવા માટે અમેરિકા તથા આફ્રિકામાં વપરાય છે. પણ ખાસ કરીને એ ઝાડની કિંમત તેના ફળને લીધે જ વધારે ગણાય છે; કેમકે તે ખાવા તથા દવાના ઉપયોગમાં બહુ જ વપરાય છે. વળી એવું પણ કહેવાય છે કે જો એ ઝાડની છાલ થોડીથોડી છેદવામા આવે તો તેમાંથી થોડા વખત બાદ રાબની જાતનો એક પદાર્થ મળે છે. આ ઉપરાંત એ વૃક્ષનાં મૂળીઆં પણ અતિ ઉપયોગી છે. તેના મૂળમાંથી સરસ મા સરસ તાર નીકળે છે ને તેનાં સારાં કપડાં બની શકે છે.

વેસ્ટ ઇન્ડીઝના લોકો માંસાહાર પછી ખાધેલું પચાવવા માટે પોપૈયાનો રસ પીએ છે. આ પ્રયોગ તો ત્યાંના વતનીઓ ઘણા જૂના વખતથી જાણતા હતા. જેમ જેમ સમય જતો ગયો તેમતેમ આ પ્રયોગની દરેકને ખબર થતી ગઇ. ઈસ્ટ અને વેસ્ટ ઇન્ડીઝમાં આ ફળનો ઉપયોગ કઠણ થઇ ગએલા માંસને સુંવાળું અને નરમ બનાવવામાં ઘણો થતો હતો. હિંદુસ્તાનમાં પણ ઘણે ઠેકાણે એવા ચમડાઈ ગએલા માંસને તાજું અને નરમ જેવું બનાવવા માટે પોપૈયાના રસમાં મસળે છે અથવા એ વૃક્ષના પાંદડાંમાં લપેટી રાખે છે. ઘણા લોકો નિશ્ચયપૂર્વક કહે છે કે જો માંસને પોપૈયાના ઝાડ નીચે લટકાવવામાં આવે તો તે ઘણી સહેલાઇથી રાંધી શકાય છે.

કાચા પોપૈયાની ચીરીઓ રાત્રે ખુલ્લી જગ્યામાં, જ્યાં ઝાકળ પડતું હોય ત્યાં મૂકી રાખીને સવારમાં જો મીઠા સાથે ખાવામાં આવે તો બરોળનું દર્દ મટી જાય છે. તરસના રોગ માટે કાચાં તથા પાકાં પોપૈયાં ઘણાં અકસીર ગણાય છે.

પોપૈયાના ઝાડનાં પાંદડાંને ગરમ પાણીમાં બોળી અથવા દેવતા પર ગરમ કરી દુખતા ભાગ પર મૂકવાથી વેદના મટી જાય છે. એનાં પાંદડાંની રાખ અમેરિકાના હબસી લોકો સાબુની જગ્યાએ કપડાં ધોવા માટે વાપરે છે.

પાકું પોપૈયું થોડા પ્રમાણમાં રેચક છે કાચા ફળને ચપ્પુ વડે ચીરતાં જે રસ નીકળે છે તે રસ જો કીડા, જંતુ તથા દાદરના રોગ પર ચોપડવામાં આવે તો તેને મટાડી દે છે.

આ ઝાડને ખાસ ઉત્તમ પ્રકારનું ખાતર નાખવું પડતું નથી, તેમ તેને ઉછેરવા માટે વધુ મહેનત પણ કરવી પડતી નથી. થોડા પાણીથી એને ચાલી રહે છે. ઉલટું વધારે પાણી નાખવાથી જોઇએ તેવું ઊગતું નથી અને ફળોને નુકસાન પહોંચે છે.

આ ઝાડ સરેરાશ ૩થી ૪ વર્ષ જીવે છે. કેટલાંક ૭થી ૮ વર્ષ સુધી પણ જીવે છે. —રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

રસાયનશાસ્ત્રમાં નોબેલ પુરસ્કારના વિજેતાઓ

૧૯૦૧—વૉન્ટ વૉટ (Want wott) બર્લિન (જર્મની)
૧૯૦૨—ફિશર (Fischer) બર્લિન (જર્મની)
૧૯૦૩—આરેનિયસ (Arrhenius) સ્ટૉકહોમ (સ્વીડન)
૧૯૦૪—સર વિલિયમ રેમ્સે (Ramsay) લંડન (ઇંગ્લંડ)
૧૯૦૫—બાયર (Baeyer) મ્યૂનિક (જર્મની)
૧૯૦૬—મોઇસૉ (Moissan) પારીસ (ફ્રાન્સ)
૧૯૦૭—બુખનર (Buchner) બર્લિન (જર્મની)
૧૯૦૮—સર એડવર્ડ રધરફોર્ડ (Rutherford) કેમ્બ્રિજ (ઇંગ્લંડ)
૧૯૦૯ ઓસ્ટવાલ્ડ (Ostwald) લાઈપ્ત્સિગ (જર્મની)
૧૯૧૦—વાલાખ (Wallach) ગટિંગન (જર્મની)
૧૯૧૧—ક્યૂરી (Curie) પારીસ (ફ્રાન્સ)
૧૯૧૨—ગ્રિનાર્ડ (Grinard) નાન્સી (ફ્રાન્સ); અને સેબેટિયર (Sabatier) ટુલોસે
૧૯૧૩—વેર્નર (Werner) ઝૂરિચ (સ્વિટ્ઝરલાંડ)
૧૯૧૪—ટી. ડબ્લ્યુ રિચાર્ડ્ઝ (T. W. Richards) કેમ્બ્રિજ (અમેરિકા)
૧૯૧૫—વિલ્સ્ટેટર (Willstater) મ્યૂનિક (જર્મની)
૧૯૧૬— . . . . .
૧૯૧૭— . . . . .
૧૯૧૮—હાબર (Haber) બર્લિન (જર્મની)
૧૯૧૯—આશાન (Aschan)
૧૯૨૦—નેર્ન્સ્ટ (Nernst) બર્લિન (જર્મની)
૧૯૨૧—એફ. સૉડી (F. Soddy) ઑક્સફર્ડ (ઇંગ્લંડ)
૧૯૨૨—એફ. ડબ્લ્યુ. ઍસ્ટન (F. W. Aston) કેમ્બ્રિજ (ઇંગ્લંડ)
૧૯૨૩ પ્રેગ્લ (Pregl) ગ્રાત્સ (ઑસ્ટ્રિયા)
૧૯૨૪— . . . . .
૧૯૨૫—સ્વેડબર્ગ (Svedberg)
૧૯૨૬—ત્સિગમૉન્ડી (Tsigmondy) ગટિંગન (જર્મની)
૧૯૨૭—વીલાન્ડ (Wieland) મ્યૂનિક (જર્મની)
૧૯૨૮—વિન્ડાઉસ (Windaus) ગટિંગન (જર્મની)
૧૯૨૯—હાર્ડન (Harden) લંડન (ઇંગ્લંડ); અને યૂલર ચૅપલિન (Euler Cheplin) સ્ટૉકહોમ
૧૯૩૦—ફિશર (Fischer) મ્યૂનિક (જર્મની)
૧૯૩૧—બેર્ગિયસ (Bergius); અને બૉશ (Bosch) હાઈડલબર્ગ (જર્મની)

—નરેન્દ્રદેવ વિદ્યાલંકાર

પિત્તળ કેમ બને છે?

ત્રાંબુ અને જસત એ બંનેનાં મિશ્રણથી પિત્તળ બને છે એ તો કદાચ કેટલાક જાણતા હશે; પણ પિત્તળ બનાવવું અતિશય મુશ્કેલ છે તેની ઘણાને જાણ નહિ હોય. એ બંને ધાતુ પ્રવાહી દશામાં મેળવવામાં આવે તો જ પિત્તળ બની શકે; પરંતુ બંને ધાતુને પ્રવાહી સ્થિતિમાં લાવવા માટે જરૂરની ગરમીના પ્રમાણમાં એટલો બધો ફેર છે કે તેમનું મિશ્રણ

કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. ત્રાંબુ ઓગાળવા માટે ૧૯૯૬ અંશ ફેરનહાઇટ ગરમીની જરૂર પડે છે; જ્યારે જસત ફક્ત ૭૭૩ અંશ ફેરનહાઇટ ગરમીમાં જ ઓગળી જાય છે. એટલે બંનેને એકસાથે કદી પીગાળી શકાય નહિ પહેલાં ગ્રેફાઇટની કુલડીમાં ત્રાંબુ તપાવવામાં આવે છે. એ ઓગળીને પ્રવાહી સ્વરૂપ થાય એટલે જસતના નાના ટુકડાઓ ત્રાંબાના રસની નીચે પડે એ રીતે તેમાં નાખવામાં આવે છે. પણ ખરી ખૂબી હવે જ છે. એ કુલડીને હવે પ્રમાણુસર જ ગરમી મળવી જોઇએ: નહિતર જસત સળગીને ભડકો થઇ જાય છે. એટલે તે પીગળીને ભભૂકો ઊઠે તે પહેલાં જ ઢાળી દેવું જોઇએ. જો ભડકો થઇને જસત વરાળ રૂપે ઊડી જાય તો પિત્તળ સારૂં નથી બનતું. પિત્તળમાં $\frac{2}{3}$ ત્રાંબુ અને $\frac{1}{3}$ જસત એ પ્રમાણ હોય છે.

[અંગ્રેજી ઉપરથી]

• સૂર્યપ્રકાશની અસર

સૂર્યપ્રકાશનો લાભ મેળવવાને આખું શરીર ઉઘાડું મૂકવાની ખાસ જરૂર નથી એમ પ્રો. નુસનના (Knudson's) પ્રયોગોથી સાબિત થાય છે. આર્થર નૂસન ન્યૂયૉર્કની આલ્બનીની મેડિકલ કૉલેજના પ્રોફેસર છે. તે કહે છે કે સૂર્યનાં લાભકારક કિરણો તો ઉનાળામાં મળી રહે છે. શિયાળામાં Ultra Violet (અલ્ટ્રા વાયોલેટ) કિરણો મળતાં નથી. માત્ર હાથ, પગ અને મોં સૂર્યમાં ખુલ્લાં રહે તોપણ તેનો લાભ પૂરતો મળી શકે.



ગ્રામ-કન્યા

(મૂર્તિકાર : ભાદ્રી દેસાઈ)

આ ચિત્ર એક ગ્રામ-કન્યાને જોતાં આજ ઘણાંક વર્ષો થયાં, મારા અંતરમાં કોતરાઇ રહ્યું હતું.

એનાં કંઇક લાવણ્યભર્યાં—કંઇક મસ્તી ને તોફાનભર્યાં નેત્રો, એનું ઘાટીલું શરીર, એની લયમય ગતિ ને તેની ચપળતા, એનું નૃત્ય, માત્ર જોર કે માપમાં નહિ પરંતુ ભાવનાના પૂરમાં છલકાતી એની નાજુકતા, અને તેના અંગેઅંગનું રૂપાંતર કરતાં તે પર વીંટળાએલાં વસ્ત્રો,—કંઇક છટાથી ઊડતાં, શરમાળ દેખાતાં, આધાં ઓઢાતાં, ગમેતેમ રચાએલાં છતાં 'ગ્રામ-કન્યા'ની એની ગતિમાં વિવિધતા પૂરતાં—ઊડીને આંખે વળગે એમાં શી નવાઇ? પરિણામે મારી માટીની 'રમત'માં એ કન્યા ઘડવાનો નિશ્ચય થયો. માત્ર શરૂ થયું, થોડું કામ કીધું ન કીધું, ને રખે 'રમત' અધૂરી રહે તે બીકથી તરત જ તેની છબી લીધી તે આ.

—ભાદ્રી દેસાઇ



શ્રી ભાદ્રી દેસાઇ

બાલસાહિત્યના લેખકો તથા પ્રકાશકોને

'બાલસાહિત્ય સર્વસંગ્રહ'ની પુરવણી રૂપે દર ત્રણ માસે બાલ-સાહિત્યનાં પ્રકાશનોની વિગતવાર યાદી 'પુસ્તકાલય' અને 'શિક્ષણપત્રિકા'માં પ્રકટ કરવાનું અમે નક્કી કર્યું છે. આ પુરવણીનું કાર્ય સંપૂર્ણ બને એટલા માટે પોતાનાં પ્રકાશનોની એકએક નકલ સૌ અમને મોકલે એવી આશા રાખીએ છીએ.

—ગિજુભાઈ (શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર-ભાવનગર)

માનવી ઊઠીને થા ઊભો પૂર્ણ તું, શીશ તારૂં ઊંચે વ્યોમ પૂગે

તિલક મહારાજની જન્મભૂમિ કોંકણમાં ચોરોના ભયથી લોકો ઘરેણાંગાંઠાં રોજ રાત્રે અનાજની કોઠીમાં મૂકતા ને સવારે પાછાં કાઢતા. એક દહાડો આંગણે આવેલા ભિખારીને અનાજ આપ્યા પછી એમાં સોનું ચળકતું જણાયું. તરત તિલક મહારાજ બોલ્યા: 'અનાજ સાથે એ પણ દાનમાં ગયું ગણાય; અને દાન કરેલી વસ્તુ પાછી લેવાય નહિ.' મૂળથી જ કુટુંબમાં નીતિનિષ્ઠાના પડેલા આ વિશુદ્ધ સંસ્કારનું બળ લોકમાન્યના આખા જીવનમાં રેખાઉતાર ઊતરેલું હતું.

અનેકાર્થી શબ્દ: **રોળ**=પાયમાલી, નુકસાન; (તે પરથી મરકી અથવા કૉલેરાને પણ રોળ કહે છે;) ગભરાટ=શોરબકોર; કમાણી; એક જાતનું રેશમી કપડું.

૧ × ૯૧ = ૦૯૧
૨ × „ = ૧૮૨
૩ × „ = ૨૭૩
૪ × „ = ૩૬૪
૫ × „ = ૪૫૫
૬ × „ = ૫૪૬
૭ × „ = ૬૩૭
૮ × „ = ૭૨૮
૯ × „ = ૮૧૯

ઉપર, જમણી તરફની જવાબની રકમોની જે ઊભી ત્રણ હાર થઈ તેમાં પહેલી હારને મથાળેથી ઓળબંધ વાંચતાં આવવાથી ૦ થી શરૂ થઈને ૯ સુધી, પછી પાછા ઉલટા ક્રમમાં, અને વળી ફરીથી સુલટા ક્રમમાં આંકડાઓનો નિયમબદ્ધ આરોહઅવરોહ જણાશે. (નરેન્દ્રદેવ)




પરાજયનો ડંખ અને વિજયનો ગર્વ: આ બે વસ્તુ જેના હૃદયમાં છે તે કદી પણ સાચો યોદ્ધો કે ખરો મનુષ્ય બની શકતો નથી.

'ધૂમકેતુ'

દુનિયાનાં મોટામાં મોટાં શહેરો તેમની વસ્તીસંખ્યાના ક્રમમાં નીચે મુજબ છે: લંડન–સાડાસિત્તેર લાખ; ન્યૂ યૉર્ક–સાઠ લાખ, બર્લિન–ચાળીસ લાખ.

ચન્દ્રગ્રહણની સૌ પહેલી નોંધ ઇ.સ. પૂર્વે ૭૨૧માં બૅબિલોનમાં થયેલી.

વિશુદ્ધ ગળપણ (ખાંડ જ નહિ, પણ ગોળ, ફળનો રસ, મીઠો સૂકો મેવો વગેરે)નો માફકસર ખોરાક ચરબી વધારે છે અને જ્ઞાનતંતુઓને મજબૂતી આપે છે.



કટલરી બનાવનારી શેફિલ્ડ (ઇંગ્લંડ)ની એક પેઢીના વિલિયમ બામફોર્થે બનાવેલા ૭૫ પાનાંના આ ચપ્પુમાંનાં કેટલાંક તો આજસુધી કદી કોઈએ નહિ બનાવેલાં એવાં બારીક છે અને પોલાદી કામના વિરલ નમૂના રૂપ ગણાય છે.

૧૦૪ અંકના છેલ્લે પાને આપેલી દસ લીટીથી બનેલી આકૃતિમાં ૩૪ ત્રિકોણ હોવાનું અમે જણાવ્યું છે. ભાઇ શ્રીનિવાસ સત્યેન્દ્ર દીક્ષીટીઆએ તેમાંથી ૪૮ ત્રિકોણ શોધી કાઢી તેની યાદી આકૃતિઓ સાથે કરીને મોકલી છે.

બકરીનું દૂધ ગાયના દૂધ કરતાં પચવામાં હલકું હોય છે તે તો સૌ જાણે છે. ઉપરાંત તે ક્ષયરોગના જંતુથી મુક્ત રહી શકનારૂં અને પ્રમાણમાં વધારે માખણ આપનારૂં હોય છે. ઇંગ્લંડમાં ચામડી સુંવાળી કરવા માટે હાથ-ચહેરો વગેરે ધોવામાં સ્ત્રીઓ તે વાપરવા લાગી છે.

અતિ વૃદ્ધ માણસોના દાખલા આજ સુધી આપણે ઘણા નોંધ્યા છે; પણ હમણાં જ ૨૪૫ વર્ષની વયે અવસાન પામેલો કુંબારાઈ સ્વામીયાર તેમાં મોખરે આવે. અગાઉ તે ત્રણચાર વખત મૃત્યુ જેવી સ્થિતિમાંથી પસાર થઈ ગએલો.

$\frac{2}{3}\frac{3}{2}$ ઇંચના વ્યાસનું તમારા ઘડિયાળનું નાનકડું ચક્ર દર વરસે લગભગ ૬૭૨૦ માઈલની સફર કરે છે! ૨·૨૫૮૦૨૫ ઇંચનો તેનો પરીઘ દર ફેર વેળા દોઢ આંટી લે છે, અને દર સેકંડે એવા ચાર ફેર લે છે. એ ગણત્રીએ હવે રૂપલો હિસાબ કસી જોજો.

માનવ આકૃતિનું સર્જન કુદરતે એવું માપસર કર્યું છે કે નીચે મુજબ હાથપગ લંબાવતાં ચોમેરથી એકસરખા સમચોરસ અને વર્તુલમાં તે સમાઇ રહે.

